કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ



તંત્રી · બચુભાઈ રાવત · સળંગ ૪૨૨મો અંક · ફેબ્રુઆરી ઈ. ૧૯૫૯

પ્રતિમા–આલેખનના પ્રતિબંધને લીધે ઈસ્લામી કળામાં ભૌમિતિક અને વેલબુટ્ટીનું રચનાકૌશલ ખાસ કરીને સ્પેનમાં મૂર લોકોએ પરાકાષ્ઠાએ પહોંચાડ્યું હતું. તેના ઉત્કૃષ્ટ ઉદાહરણ રૂપ બારીક કોતરણીવાળી આ કાંસાની રકાબી સોળમી સદીની ધાતુકોતરકલાનો નાદર નમૂનો છે.



કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૯

અંક ૪૨૨

અનુક્રમ

ચિત્રો

કાવ્ય


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



માતૃપ્રેમ

દક્ષિણ વિયેતનામના ન્ગુએન-કાઓ-દામની (ગયા નવેમ્બરમાં અમદાવાદમાં નિહારિકા આદિના ઉપક્રમથી ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટોકલા પ્રદર્શનમાં રજૂ થએલી) આ નોંધપાત્ર કલાકૃતિ વિષય તેમજ નિરૂપણ બંને દૃષ્ટિએ લાક્ષણિક અને અસરકારક છે. એનું મૂળ નામ (લ'આમૂર માતેર્નલ) સૂચવે છે તેમ પથારીમાં પોઢાડેલા બાળકના પોષણ અર્થે મોડી રાતનો દીપક બાળી સીવણ-કામ કરતી પરિશ્રમી વત્સલ માતાના પાત્રને મચ્છરદાની પાછળથી ધૂંધળું બતાવીને કલાકારે દૈવી બાળપ્રેમની આભા અર્પી છે.



બાલી દ્વીપનું જંગર નૃત્ય

ફોટો • નવનીત પારેખ

વાચકો લખે છે

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ જાનેવારી અંકમાં 'ડિઝાઈન' માટે ઉપયુક્ત શબ્દના પ્રવર્તનની વાત લખવામાં આવી છે. કવિવર કાલિદાસના યુગમાં 'ડિઝાઈન' માટે સંસ્કૃત ભાષાનો भक्ति શબ્દ ખૂબ જ વપરાતો. કાલિદાસે પોતાનાં કાવ્યોમાં જુદે જુદે ઠેકાણે 'ડિઝાઇન' અને 'ડેકોરેશન'ના અર્થમાં સાત વાર भक्ति શબ્દનો પ્રયોગ કર્યો છે. ગુજરાતીનો 'ભાત' શબ્દ એ પણ 'ભક્તિ' ઉપરથી ઊતરી આવેલો છે. વાચકોની જાણ માટે કાલિદાસની રચનાઓમાંથી પ્રમાણો અત્રે ટાંક્યાં છે:

विंन्यस्त वैडूर्यशिलातलेऽस्मिन्
आबद्धमुक्ताफल**भक्ति**चित्रे ॥

(વૈદૂર્ય મણિના શિલાતલ ઉપર મોતીઓની ડિઝાઈન વડે ચીતરેલા) कुमारसंभव। ७/१०

कनककलशयुक्तं **भक्ति**शोभासनाथं
क्षितिविरचितशय्यं कौतुकागारमागात्॥

कुमारसंभव। ७/८४

(મહાદેવજી સુવર્ણકળશવાળા, ને વિવિધ ડિઝાઇનો વડે સુશોભિત આનંદભવનમાં ગયા.)

भक्तिच्छेदैरिव विरचितां भूतिमंगे गजस्य।

(જાણે વેલી વિવિધ ચીતરી હોય શું હસ્તિ અંગે. –કિલાભાઈ मेघदूत। पूर्वमेघ–१९॥

भवति विरल**भक्तिः** म्लानपुष्पोपहारः।

(પુષ્પોપહારના કરમાઈ જવાથી એનું શોભાવિધાન વિરલ થતું જાય છે.) रघुवंश। ५/७४

भक्तिर्भुवश्चन्दनकल्पितेव।

(ભૂમિ પર શ્વેત ચંદનની ચિત્રરચના—ડેકોરેશન—કરેલી છે. रघुवंश। १३/५५

न स्यन्दनैस्तुलितकृत्रिम**भक्ति**शोभाः।

(કૃત્રિમશોભાવિધાન—'ડિઝાઇન, ડેકોરેશન'—થી શણગારેલા રથો.) रघुवंश। १६/७५

तत्र सौधगतः पश्यन् यमुनां चक्रवाकिनीय।
हेम**भक्ति**मतीं भूमेः प्रवेणीमिव पिप्रिये॥

(યમુનાનદી ચક્રવાક પક્ષીઓથી શોભાયમાન છે, તે યમુના ભૂમિની વેણી જેવી લાગતી હતી. સુવર્ણના 'ડેકોરેશન' અથવા ડિઝાઇનોથી શણગારેલી વેણી વડે શોભતી હતી.)

આપણે 'भक्ति'નો પ્રયોગ વિવિધ રીતે આ પ્રમાણે કહી શકીએ:

चित्र-भक्ति=ચિત્રોની ડિઝાઇન
भक्ति-विधान=ડિઝાઈન યા ડેકોરેશન
भक्ति-शोभा=ડિઝાઈનોવાળો શણગાર
विरल-भक्ति=આછી ડિઝાઈનવાળું
भक्ति-प्रचुर=ડિઝાઇનોથી ભરચક
हीन-भक्ति=ડિઝાઈનની અછત

(પોરબંદર) –શંકરદેવ વિદ્યાલંકાર

સ્વ. 'સુકાની' માટે હૃદયનાં બે આંસુને કાગળ ઉપર ઉતારવાનો કોઈ અધિકાર મને નથી; છતાં લખ્યા વિના રહેવાતું નથી.

સ્વર્ગસ્થને મળવાનો લાભ કદી મળ્યો નથી કે નથી તેમના સાગર-ભંડારમાં કદી ડોકિયું કર્યું—સિવાય કે 'દેવો ધાધલ'; પણ એકે એકવીસ જેવા ધાધલની જેમ શ્રી 'સુકાની'એ પણ 'દેવો ધાધલ' સિવાય બીજું કશું ન લખ્યું હોત તો પણ એટલાથી જ ગુજરાતી સાહિત્યમાં તેઓ પોતાનું સ્થાન અમર કરી જઈ શક્યા હોત. તેમના અવસાનના ખબર વાંચ્યા ત્યારે થયું કે આવું સર્વાંગી કલાવિધાન હવે ક્યાંથી પામીશું? શું તેમનું પાત્રાલેખન! વસ્તુની શી સહજ સર્વગ્રાહી પકડ! અને અગાધ સાગરજ્ઞાન! શુદ્ધ ઉચ્ચ સર્જન કોને કહેવું એમ કોઈ પૂછે તો હું તો કહું કે 'દેવો ધાધલ' વાંચતાં જે પ્રાણદાયી રસતરબોળતાનો અનુભવ થાય છે એવો અનુભવ જે સર્જન કરાવે તે સાચું સર્જન.

(કરાચી) —ઈસ્માઇલ હીરાણી

નવેમ્બર અંકમાં 'સુકાની' બાબતમાં શ્રી રવિભાઇ ૧૯૧૪માં 'વીસમી સદી' વગેરે જણાવે છે; પણ 'વીસમી સદી' ઍપ્રિલ ૧૯૧૬થી શરૂ થઇ. ડિસે૦ '૨૦ સુધી ચાલ્યું; માટે તે દરમીઆનનો તે સમય હોવો જોઇએ.

(જૂનાગઢ) —હબીબ શામજી વીરાણી

'કુમાર'નો ડિસેમ્બરનો અંક ખૂબ જ ગમ્યો—મનનીય સુંદર લેખો ને ચિત્રોની સમૃદ્ધિને કારણે. એમાંય ખાસ કરીને શ્રી દિનેશ શાહે આલેખેલા વિનોબાજીના વિવિધ સ્કેચ તો ખરેખર પ્રશંસનીય છે. એમનો લાભ 'કુમાર'ને અવારનવાર મળતો રહે એ આશા.

'મેં સાહસ કર્યું' વિભાગ જણાતો નથી. ગુજરાતીઓમાં સાહસિક-વૃત્તિ થોડી તો ખરી, નહિ? કે પછી આ વિભાગને જોઇએ તેવો 'રીસ્પૉન્સ' નથી મળ્યો?

થોડા સમય પહેલાં અમારે મિત્રોમાં ચર્ચા થઇ હતી. એ ઉપરથી 'કુમાર' માટે એક નમ્ર સૂચન કરવાનું મન થઈ જાય છે. અંગ્રેજી અને અમેરિકન 'મૅગૅઝિનો'માં ચિત્રકાર કે કલાકારને ખૂબ મદદગાર થઈ પડે એવાં 'કોચિંગ ઈન્સ્ટીટ્યૂશન્સ'ની જાહેરાતો ઠેરઠેર નજરે પડે છે. આવી સંસ્થાઓ ધંધાદારી પાયા ઉપર ચાલતી હોવાથી આખા કોર્સની ફી મધ્યમ સ્થિતિના કુટુંબને પોસાય એવી હોતી નથી. એટલે એક 'હૉબી' તરીકે ચિત્રકળા, સંગીત ઇ. ને વિકસાવવાં એમને મુશ્કેલ થઈ પડે છે. 'કુમાર'માં જો કોઇ સિદ્ધહસ્ત ને અધિકારી ચિત્રકાર ને ચિત્રકળાના અભ્યાસી (જેવા કે ર.મ.રા., રસિકલાલ પરીખ, શાન્તિ શાહ) એમની કલમ ને પીછીની મદદથી 'How to draw and paint' અથવા 'It is easy to draw' જેવી લેખમાળા શરૂ કરે તો અતિ રસદાયી ને પ્રેરણાદાયી થાય. અલબત્ત, મને પોતાને આ વિષયમાં ઝાઝી સમજ નથી પણ ચિત્રકાર ને ચિત્રોમાં તો અનહદ રસ છે.

(ગોરેગાંવ) —જ્યોતિષ જાની

'કુમાર'માં સ્થાપત્યવિભાગ વધારેમાં વધારે આવે છે તેમ સંગીત વિભાગની ખાસ જરૂર મને લાગે છે. હિંદુસ્તાની સંગીત, તેનાં જુદાંજુદાં વાજિંત્રો ને તેના કલાકારોની ઓળખાણ કલાવાર્તાની માફક કેમ નથી આવતી?

જુદાજુદા રાગ, રાગનું વાતાવરણ, સમય, સ્વભાવ, અસર ને રાગનાં ચિત્રો જો આપ આપો તો ઘણા વાચકોને તેમાં અપૂર્વ રસ છે. વર્ષો જૂનું માસિક 'સુવર્ણમાલા' એક વખત હાથ આવેલું તેમાં સંગીત ઉપર આવું જ જોઈ મને ને મારા મિત્રોને રસ પડ્યો હતો. પરંતુ હાલ એવું કોઇ જ માસિકમાં આવતું નથી.

(જામનગર) —શરદ વ્યાસ

[*આ પૈકી એક વિષય-'વાદ્યો' વિષે શ્રી જિતુભાઈ મહેતા જેવા વિદ્વાન તજ્જ્ઞોએ લેખમાળા આપવાનું અમને કહેલું, તેને પણ દોઢેક વરસ થવા આવ્યું. કોઈ પણ અધિકારી લેખક લખે એને માટેની અમારી ઉત્સુકતા ને આમંત્રણ બંને છે; પરંતુ તે ફળીભૂત નથી થતાં એ દુર્ભાગ્ય છે.]

'આ માસ જાન્યુઆરી'માં સુભાષચંદ્ર બોઝની જન્મતારીખ ત્રીજી જાન્યુઆરી બતાવી છે તે ૨૩મી જાન્યુઆરી જોઈએ.

સપ્ટેમ્બર અંકમાંના કુ. સુલભા પનંદીકરના લેખના અનુસંધાનમાં જણાવવાનું કે એ બહેન ભારતભરમાં ડિરેકટર ઑવ એડ્યુકેશન થનાર પહેલાં સન્નારી નથી; એ માન શ્રીમતી શ્રીનિવાસનને મદ્રાસમાં ૧૯૫૩માં મળ્યું હતું.

૧૯૨૧માં જ્યારે કુ. સુલભા પનંદીકર મૅટ્રિકમાં પાસ થયાં ત્યારે યે એમને ફક્ત એક જ માર્ક ઓછો હોવાથી પહેલાં નહિ આવી શકેલાં.

(દહાણુ) —મનુભાઈ ગુલાબભાઈ દેસાઈ

પુનર્મિલન

[છંદ મનહર]

બાલમુકુન્દ દવે

૧

જુદાં પડયાં!
લાંબે ગાળે આજે ફરી મળ્યાં!
રોમે રોમે કશો મિલનનો હર્ષ!
ઉપવને—
કુસુમકલિને જેવો માધ-અનિલનો સ્પર્શ!
આપણ તે કેટલાંક વર્ષ
વિખૂટાં ભમ્યાં રે વિધિવશ!
આજે વળી મળ્યાં ઘડી અચાનક
આપણા પુરાણા પેલા મિલનને સ્થાનક.
વિવશ હૈયાંની કશી સ્થિતિ!
નસેનસ ઉષ્ણ રક્ત રૂપે વહે રતિ!
ધબકારે ધબકારે થઈ રહી છતી
એની તરલ ચપલ મીનગતિ!
આપણી ન વાત કદી ખૂટે:
તોયે પ્રિય! આજે કેમે કર્યાં જોને
મૌનતણા બંધ નહિ તૂટે!
પ્રેમની ગિરાની ઝીક
કેમ કરી જીભ ઝીલી શકે?
આપણી તે નજરોના વેલમોગરાને પ્રિય!
વાચાકેરાં ફોરાં ફોરાં ફૂલ ફૂટે!
ભાવથી ભરેલી કણેકણ:
કેવી સરી રહી ક્ષણેક્ષણ!
મૌનકેરી વ્યંજનાથી સભર સભર
દઇ દેવા તારા બિડાયેલા અધરે અધર
જેવા વરસ્યા પહેલાંના જલધર!

૨

આપણ બે મૂક:
વળી મૂગો તટ!
મૂગાં વહે સરિતનાં નીર!
પશ્ચિમક્ષિતિજે હજુ હજુ વિલોપાઈ રહ્યાં
સિન્દૂરિયાં સાન્ધ્યચીર!
હવાનો હિલોળો એક:
અને જોતજોતામાં તો
છેલ્લા તેજકિરણની લોપાઇ લકીર!
ઘન અંધકારે ડૂબી ટેકરીની ટોચ, અને
ઝડપથી ઝાંખી થઇ અડાબીડ વનરાઇ!
નિજ નિજ નીડ ગયાં પંખી યે લપાઇ, વળી
વાર હજી શરૂ થયે તમરાંની શરણાઇ!
પડી ગયો સોપો બરાબર!
ધબકી રહેલાં માત્ર
આપણાં બે ઉરકેરા સ્પંદનસહારે સખિ!
સ્તબ્ધતાનો શ્વાસ થતું બચી ગયું ચરાચર!
—અને અણધારી ત્યહીં
ચોદિશ ભીંજવી રહી
આષાઢના મેઘતણી ઝીણી ઝીણી ઝરમર.

બચવાને મેઘબુંદથકી સે'જ સરકીને
આપણ બે ઊભાં પ્રિય! કદંબના ઝુંડ તળે:
લાગણીનો પારો કશો ચડે-પડે!
ઊભવાની ઇચ્છા થાય અડોઅડ!
તો ય જાણી જોઇ રાખ્યું વચમાં કદંબ થડ!
વધી રહ્યા અંધકાર!
જલધાર તણો ધીરે ધીરે વધી રહ્યો વેગ:
તનુસુખિ! નીતરતી નેહ તારી દેહલતા
છતી થાય વારેવારે
તડિતને ચમકારે!
આજે અળવીતરી હે!
અંબોડે તેં શીદ ધર્યું
મને જે અતીવ પ્રિય
તાજું પેલું પોયણીનું ફૂલ!
અને શીદ અંગ ધર્યું
નારંગી રંગનું પેલું રેશમી દુકૂલ!
લાવણ્યની કવિતા શી
અંગ અંગ થકી રહી નિરઝરી!
એમાં વળી હવાની ભીનાશ ભળી
ઉમેરતી એક કડી!
આખર તો માનવ હું:
પ્રયત્ન છતાં યે કદી બની જાઉં પરવશ!
અતીવ અદમ્ય એવી
વૃત્તિઓને કેમ કરી રાખું વશ?
એમ થાય—
લાવ તારા પાલવનો અંગુલિથી
કરી લઉં જરી સ્પર્શ!
એમ થાય—
લાવ ઠીક કરી દઉં, વેણીનાં શિથિલ ફૂલ
તને જેમ અનુકૂલ!



૩

નહીં નહીં!
મન મારા, બેસો હઠ!
હવે જૂઠી મૂકી દિયો ઊઠવેઠ.
નહીં નહીં;
કદી નહીં હવે બને ઊભવાનું અડોઅડ.
વચમાં સજાગપણે રાખેલું કદંબ-થડ.
વિધિએ વછોડયાં જ્યારે,
આપણે વિખૂટાં પડયાં શપથ લઇને ત્યારે.
—તે ઘડીથી આજ લગી
નિરજન વન હો કે નગરનિવાસ:
સંયમની પાળ નથી તોડી કદી—
આપણે જે મથી મથી બાંધી પ્રિય!
વૃત્તિઓની આસપાસ.
આજે કેમ લોપાય એ
મરજાદરેખ હવે?
પ્રેમ એ તો ખડકની ધાર!
અવિચારી એક ડગ આગે ભરો:
ફાડી મુખ ઊભી રહી—
પતનની ખીણ પારાવાર!
સમાલીને, વિવેકથી
એક ડગ પાછું ભરો:
બચી ગયા જાન!
બચી ગયાં પલેપલ થતાં પરેશાન!
બઢયે જતાં ખડકની ધારે ધારે...
એ જ પથે, વટાવીને દેહની દીવાલ કદી,
ક્ષણેક્ષણ લુભાવતા
પ્રેમકેરા સ્વર્ણમત્સ્યતણું પ્રિયે
સાચું લેઈ શકશું નિશાન!
જેમાં રહી નિજની, ને
જગની યે ભેગી શાન!
ચલો પ્રિય!
મેહુલાની ધીમી પડી ધાર!
વાદળીનું મ્યાન ખસી જતાં જુઓ
કેવી પેલી ચમકતી ચંદની કટાર!
અનાયાસ સરી પડી
પ્રિયા-કંઠથકી મૃદુ ગીતકડી:
રણકી ઊઠી શું જાણે વિચિત્ર વીણાની મીંડ!
વનપ્રાન્ત રચી રહી સુધામય સ્વરપિંડ!
હવાના હિલોળા સાથે
માથે ઝૂકી કદંબની ડાળથકી
એકાએક પંખીડાં બે
પાંખ ફફડાવી પાછાં
બીજી ડાળે જઈ ઠર્યાં:
—અને અમે ધીરે ધીરે ડગ ભર્યાં...
લાંબે ગાળે આજે ફરી મળ્યાં!
ફરી પાછાં જુદાં પડયાં!

(ફેબ્રુઆરી ૧૯૫૯) ૪૨

વિચારવિશેષ

પ્રાર્થના એ સંસ્કારમાંથી જ ઉત્પન્ન થતી માણસની એક મહત્ત્વની હાજત છે. એ હાજત આત્માની છે, હૃદયની છે, ભાવનાઓની છે. એ એક પ્રકારની દૈનિક વિશ્રાંતિ છે, એક જાતનો ખોરાક છે, એક પ્રકારનું સ્નાન પણ છે.

પેટની અંદરનો મેલ કાઢીને શરીરને સાફ કરવું જેટલું જરૂરનું છે, તેટલી જ જરૂરત આ પ્રાર્થનાની પણ છે. સ્નાન કરીને નિર્મળ થવું જેટલું આવશ્યક છે તેટલી જ આવશ્યકતા વાસનાઓને ધોઈ ને નિર્મળ બનવા માટે પ્રાર્થનાની છે. શારીરિક કામ કર્યા બાદ જેમ ઊંઘ અને આરામ જરૂરી છે તે જ રીતે અનેક પ્રકારની વાસનાઓ ને સંકલ્પ-વિકલ્પથી થાકી ગયા બાદ પ્રાર્થનાની શાન્તિ અત્યંત જરૂરી છે. શરીરનું બલ ખપી ગયા બાદ જેમ ફરીથી આહાર લેવાની હાજત અનિવાર્ય છે એ જ રીતે હૃદયનું બલ ખપી ન જાય તે માટે પ્રાર્થનાનું મિષ્ટાન્ન તેને આપતા જ રહેવું જોઈએ.
(મંગલ પ્રભાત) —કાકાસાહેબ કાલેલકર

રાજકારણ એટલે દેશના હિતમાં હોય તે બધી પ્રવૃત્તિ; અને દેશના ઘડતર ને વિકાસમાં મદદ થાય એવી કોઇ પણ પ્રવૃત્તિ કરનાર રાજકારણમાં ભાગ લઈ રહ્યો છે એમ કહી શકાય. પછી તે વિદ્યાર્થી હોય, વેપારી હોય કે ગમે તે હોય; પણ આંદોલન એ રાજકારણમાં કવચિત જ આવે છે, અને તે તમારી આજની ફરજ નથી, આવતી કાલની છે. અભ્યાસ પૂરો થયા બાદ નાગરિક થઈને તમે આંદોલનમાં ભાગ લઇ શકો છો. જો આજે ભાગ લેશો તો તમારી જાતને મૂર્ખ બનાવશો. અમુક રાજદ્વારી નેતાઓ આંદોલન શરૂ કરશે ને તમને મૂર્ખ બનાવશે. અમે રાજદ્વારી નેતાઓ એકબીજાને છેતરીએ છીએ, અને તમને તો સહેલાઇથી છેતરી શકીએ છીએ. માટે આંદોલન વિદ્યાર્થીઓનું કામ નથી. તમારો સમય અભ્યાસ ને રચનાત્મક કાર્યમાં આપો.

જિન્હા, હિટલર, મુસોલીની વગેરેએ શું કર્યું હતું? તેમણે લોકોને મૂર્ખ નહોતા બનાવ્યા અને દેશને નુકસાન નહોતું પહોંચાડયું? લોકોને ઉશ્કેરવા સહેલ છે. સરમુખત્યારશાહી એકદમ પેદા થતી નથી. તે નેતાઓનાં ઉશ્કેરણીજનક અને ખોટાં ભાષણોથી સર્જાય છે. જુઠાણાંઓ સતત ઉચ્ચારવામાં આવે તો તેનાથી લોકોને ગાંડા બનાવી શકાય છે.
—આચાર્ય કૃપાલાણી

મારાં પાત્રોમાં પ્રેમનું ઉન્નયન, સબ્લિમેશન છે. આજે વાસ્તવવાદને નામે જે લખાય છે તેમાં ક્ષુદ્ર 'સેક્સીનેસ' સિવાય કશું દેખાતું નથી. આ વસ્તુ અત્યંત વિષ પેદા કરે છે. પ્રણયનું 'સબ્લિમેશન' ન થાય ત્યાં સુધી સૌંદર્ય ન આવે, 'ટ્રૅજિક-ગ્રેઈટનેસ' પણ ન આવે.

આજે સ્ત્રીઓ સ્વતંત્ર થઈ, પુરુષ જેટલું જ શિક્ષણ લેતી થઈ, પોતાની પસંદગીથી લગ્ન કરતી થઇ, ત્યારે એ સંબંધનું 'ઉન્નયન' થવું જોઈએ, પ્રણયનું સબ્લિમેશન થવું જોઈએ. સ્ત્રીપુરુષની એકતા પર ઘરનો પાયો રચાય છે; કુટુંબની સ્થિરતા પર સમાજની સ્થિરતા કેન્દ્રિત બને છે. કુટુંબમાંથી જ સેવા, સમર્પણ ને પ્રેમના ભાવો આવે છે. અત્યારે કુટુંબ તોડવાનો જે નવો પ્રવાહ છે તેને પોષવા માટે વાસ્તવવાદને નામે 'જંતુકરણીય' સાહિત્ય નીકળે છે. સ્ત્રીપુરુષ પ્રણયની એકતા સાધે ત્યારે જ આધ્યાત્મિક ઉન્નતિ પણ થઇ શકે.
—કનૈયાલાલ મુનશી

સ્વતંત્રતા પછીનાં વર્ષોમાં વિદ્યાર્થીઓમાં વધી રહેલી ગેરશિસ્ત અને અશિષ્ટાચાર પ્રત્યે સર્વત્ર ચિંતા વ્યક્ત થઈ રહી છે. બિહારમાં મોતીહારી સ્ટેશને વિદ્યાર્થીઓએ જે તોફાન કર્યું એ બનાવ અખબારોમાં વાંચીને ભૂલી જવા જેવો નથી. રેલવેમાં પહેલા વર્ગની ટિકિટ વિના વિદ્યાર્થીઓ પહેલા વર્ગમાં પ્રવાસ કરે, તેમને પકડવામાં આવે ત્યારે બીજા વિદ્યાર્થીઓ રેલવેના મૅજિસ્ટ્રેટ ઉપર, પોલીસ ઉપર અને રેલવેના નોકરો ઉપર હુમલા કરે, તેમાં તોફાની લોકો શામેલ થાય, ગાડીને અટકાવે, રેલવેની મિલકતનો નાશ કરે, અને છેવટે પોલીસને લાઠીમાર તથા ગોળીબાર કરવો પડે આ બધું ચોંકાવનારું છે.

આજે વિદ્યાર્થીઓના એક ગણનાપાત્ર વર્ગનું માનસ સારાસારનો, કર્તવ્યનો કે નીતિમત્તાનો વિચાર જ કરી શકતું નથી. કાયદા, નિયમ, વ્યવસ્થા, શિસ્ત, શિષ્ટાચાર, સરકાર, એ બધા પ્રત્યે તે તુચ્છકાર સેવે છે ને પોતાના વિષે વધુપડતા મહત્ત્વના ખયાલ પ્રરાવે છે. અધ્યાપકો વિદ્યાર્થીઓમાં શિસ્તની ભાવના રોપી શકતા નથી, એટલું જ નહિ પણ એવા યે બનાવ બને છે કે જેમાં તેમને વિદ્યાર્થીઓથી ડરવું પડે છે! જ્યારે કેળવણીનું ધોરણ નીચે જઈ રહ્યું છે અને તોફાની વૃત્તિ વધી રહી છે ત્યારે આ પરિસ્થિતિ કયાં જઇને અટકશે? જે અવસ્થા વિદ્યા ને સદ્ગુણ પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા કરવાની અવસ્થા છે, આવતી કાલના નાગરિક બની દેશનું ભાવિ સંભાળવાની જવાબદારી માટે યોગ્યતા કેળવવાની અવસ્થા છે, એ અવસ્થામાં જો આવી ગુંડાગીરી આચરવામાં આવે તો તેમનું અને દેશનું ભાવિ ભયમાં મુકાઈ જશે.

વિદ્યાર્થીઓની ગેરશિસ્ત માટે શિક્ષક એકલા ઉપર જ જવાબદારી નાખી દઈ શકાય નહિ. માતા-પિતા ને વાલીઓ પોતાનાં સંતાનોને સંયમ અને આજ્ઞામાં રાખવામાં નિષ્ફળ જાય છે; રાજદ્વારી પક્ષો પોતાના સ્વાર્થી હેતુઓ માટે વિદ્યાર્થીઓને પોતાના કુહાડાના હાથા બનાવે છે; સિનેમાની અનિચ્છનીય ફિલ્મોની અસર પણ વિદ્યાર્થીઓના માનસને બગાડે છે. આથી આ પ્રશ્ન વિવિધ દૃષ્ટિએ અને વિવિધ પક્ષો દ્વારા વિચારાવો જોઈએ.
(જન્મભૂમિ-પ્રવાસી)



આકરી કસોટીનું આગામી વર્ષ નિર્દેશતું 'ગુજરાત સમાચાર'માં 'ચન્દ્ર'નું કાર્ટૂન



તમામ કાળના શ્રેષ્ઠતમ વિજ્ઞાની ગણાએલા એનરિકો ફર્મીએ અણુશક્તિ વિષે પોતે કરેલા કાર્ય દ્વારા એક નવા યુગનાં દ્વાર ખોલ્યાં.



રોમમાં એક રેલવે નોકરીઆતને ત્યાં જન્મ (૧૯૦૧). નાનેથી જ સૈદ્ધાન્તિક ને પ્રાયોગિક ગણિતશાસ્ત્ર ને પદાર્થવિજ્ઞાનમાં તેમને રસ.



૧૯૧૮માં પીસા યુનિવર્સિટીમાં દાખલ થયા પણ ત્યાં તેમના અધ્યાપકોથી પણ વધુ તેઓ જાણતા હતા: ૨૧ની વયે એ પીએચ.ડી. થયા.



એ પછી ફર્મી જર્મન યુનિવર્સિટીઓમાં ફર્યા અને ત્યાં તેમના વિશાળ ને મૌલિક જ્ઞાનને લીધે એક પ્રતિભાસંપન્ન માનવી તરીકે છાપ પાડી.




૧૯૨૮માં તેમણે લારા કેપન સાથે લગ્ન કર્યું. તેમને બે બાળકો થયાં.તેમનાં પત્ની તેમના કાર્યમાં સક્રિય રસ લઈ તેમને પ્રોત્સાહન આપતાં.



૧૯૩૮માં અણુશક્તિને વિશાળ પાયા પર છૂટી કરવાની શક્યતા વિષે મૌલિક સંશોધન માટે તેમને પદાર્થવિજ્ઞાનનું નોબેલ ઇનામ મળ્યું.




એ પછી ઈટલીમાં મુસૉલિનીના શાસનતળે જીવન બંધિયાર બનેલું લાગતાં તે અમેરિકા જઇ કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક થયા.



૧૯૪૨માં ડૉ. ફર્મીએ શિકાગો યુનિવર્સિટીમાં યુ-૨૩૫ યુરેનિયમને તેના પિતરાઈ યુ-૨૩૮થી જુદું પાડી એક નવું સીમાચિહ્ન સ્થાપ્યું.



૧૯૫૪માં મૃત્યુએ તેમની ઝળહળતી કારકિર્દીનો અકાળે અંત આણ્યો છતાં તેમની શોધોએ અણુયુગને સ્થાપીને તેમને અમર કર્યા છે.



પારીસથી ત્રીસ માઈલ પર કૂપ્રે ગામમાં ઈ. ૧૮૦૯ની ૪થી જાન્યુઆરીએ આજથી દોઢસો વર્ષ પહેલાં ઘોડાનો સાજ બનાવનાર ગરીબ મોચી સાઈમનને ત્યાં એનો જન્મ થયો. કુટુંબમાં લૂઈ સૌથી નાનો. એ ત્રણ વર્ષનો થયો ત્યારે એક વાર પિતાની લોઢાની અણીદાર આર લઇને રમતાં અકસ્માત એ તેની આંખમાં ભોંકાઇને એ ફૂટી ગઇ. પછી ચેપને લીધે બીજી આંખ પણ જતાં, ચાર વર્ષે તે સંપૂર્ણ અંધ બની ગયો. પિતાએ તેને લાકડીની મદદથી રસ્તે ચાલતાં શીખવ્યું. પછી તો ચપળ બાળક ધીમેધીમે પૂલ પણ ઓળંગતો થયો, અને એક દિવસ તો એક ટેકરી ઓળંગીને તે ગામની બજારમાં આવ્યો. તેના આ પરાક્રમની યાદમાં કૂપ્રેની બજારના તે ચૉકને હવે 'બ્રાઇલ ચૉક' કહેવામાં આવે છે. ગામના નવા નિમાએલા શિક્ષક એબ પૅાલીએ માસુમ લૂઈના શિક્ષણમાં ઊંડો રસ લીધો ને તેને જગતની સુંદરતા–વિચિત્રતાનો, સામાન્યતા–અસામાન્યતાનો પરિચય કરાવ્યો. પછી તેને ગામની શાળામાં દાખલ કર્યો ત્યાં તે વિદ્યાર્થી તરીકે ખૂબ જ તેજસ્વી હતો.

એ જમાનામાં જગતભરમાં સૌપહેલી અંધ બાળકો માટેની એક શાળા ઈ. ૧૭૮૪-માં વાલેન્તીન હૅાયે પારીસમાં સ્થાપેલી. તેમાં ૧૦મે વર્ષે લૂઇને મૂકવામાં આવ્યો. ત્યાં જ પછી ૧૯મે વર્ષે તે શિક્ષક થયો, ૧૮૨૯માં તેણે અંધો માટેની સ્પર્શલિપિ વિકસાવી જે એના નામપરથી 'બ્રાઈલલિપિ' તરીકે આજે દુનિયાભરમાં જાણીતી છે. જોકે ઉપસાવેલા અક્ષરોની આવીસ્પર્શલિપિનો એ પહેલો જ શોધક નહોતો. પૂઠામાંથી કાપેલા, કાગળ કે કાપડની ગાદીમા ટાંકણીઓ ભોંકીને બનાવેલા અને દોરડાં ગૂંથીને તૈયાર કરેલા અક્ષરો સુદ્ધાંના પ્રયોગો સ્પર્શલિપિ માટે તે અગાઉ થઈ ગએલા. ઉપસાવેલા અક્ષરોના પ્રયોગો પણ ૧૬મી સદીમાં સ્પેન તથા ઈટાલીમાં થઈ ચૂકેલા. બ્રાઇલે ઉપસાવેલાં ટપકાંની જે લિપિ વિકસાવી એનો મૂળ શોધક તો શાર્લ બાર્બિયે નામનો એક ફ્રેન્ચ લશ્કરી અધિકારી હતો. એણે પોતાના સૈન્ય માટે 'રાત્રિલેખન'ની આ પદ્ધતિ શોધેલી; પણ એ બાર ટપકાં પર રચાએલી અને બહુ જ અટપટી હતી. તેનાં બાર ટપકાંને બદલે લૂઇએ છ ટપકાં પર એ વિકસાવી અને પછી જીવનનો શેષ સમય તેણે પારીસની અંધ બાળકો માટેની શાળામાં જ વિતાવ્યો. એ શાળાનાં ભેજાળ મકાનોની તેના સ્વાસ્થ્ય પર ઘણી જ માઠી અસર થઈ અને તેને ક્ષયરોગ લાગુ પડ્યો, જેમાં તે ૧૨ વર્ષ પીડાયો. તેના પહેલા હુમલા પર તો તેણે વિજય મેળવ્યો, પણ પછી બીજા હુમલામાં ઈ. ૧૮૫૨ની ૨૩મી ફેબ્રુઆરીએ તેનું અવસાન થયું. તેની મૃત્યુ-સંવત્સરીને દિવસે તેનું મૃતશરીર કૂપ્રેથી પારીસ ખાતે પાંથીઑમાં મુકાયાનું બહુમાન મળેલું.

એક વખત જગતભરના અંધ મનુષ્યોમાં પોતાની લિપિ આદર પામશે એવો તેને તો ખયાલ સરખો યે નહોતો. અરે, તેની પોતાની શાળામાં યે તે આ લિપિને સત્તાવાર રૂપમાં મહામુશ્કેલીએ દાખલ કરાવી શકેલો. આજે તો બ્રાઈલ પદ્ધતિ વિના જગતના ૭૦,-૦૦,૦૦૦ દૃષ્ટિવિહીનો જ્ઞાનથી વંચિત હોત.

ઉપસાવેલાં છ ટપકાંમાં આંકડા અને સંગીતની સંજ્ઞાઓની પણ તેણે ૩૦ની વયે રચના કરેલી. તે એક ઉત્તમ કોટિનો સંગીતકાર પણ હતો, અને પારીસના સર્વશ્રેષ્ઠ ઑર્ગનિસ્ટોમાં તેની ગણના થતી. તેના મૃત્યુ પછી તેની લિપિ અપનાવવા બાબત યુરોપ-અમેરિકામાં વિવાદ જાગ્યા. છેવટે એક બ્રિટિશ ચક્ષુહીન ડૉક્ટર ટૉમસ ર્હોડ્ઝ આર્મિટેજે પ્રતિસ્પર્ધી લિપિઓનો શાસ્ત્રીય અભ્યાસ કરીને બ્રાઈલ લિપિ માટે તેણે સંતોષ વ્યક્ત કર્યો અને તે અપનાવવા માટે અનુરોધ કર્યો, એટલું જ નહિ પણ તેને માટે લડત ચલાવી. છેક ૧૯૩૨માં બ્રિટન સાથે અમેરિકાએ બહુ લાંબી વાટાઘાટ પછી સમાધાન કર્યું અને એકધોરણ (સ્ટૅન્ડર્ડ) અંગ્રેજી બ્રાઇલ લિપિનો સ્વીકાર થયો. ભારતે પણ સ્વતંત્રતા પછી બ્રાઈલ લિપિ સ્વીકારી, અને નિષ્ણાતો નીમીને હિંદી બ્રાઈલ લિપિ રચી.

આજે ચક્ષુશાળી વ્યક્તિઓ ચાલુ લિપિમાં લખી–વાંચીને જે કાંઇ ભણી શકે છે તે બધું ચક્ષુહીન વ્યક્તિઓ આ છ ટપકાં વડે ભણી શકે છે, તેઓ ટાઈપરાઇટર ઉપર ટાઈપ કરી શકે છે, લઘુલિપિ લખી શકે છે ને દાખલા ગણી શકે છે. આજે તો બ્રાઇલ લિપિમાં સામયિકો અને દૈનિકો સુદ્ધાં બહાર પડે છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા કૃત અંતરજ્યોતિ

રેડિયો રૂપક

ધન્યવાદ! હું આપ સૌનો આભાર માનું છું. આ દાંડી છે, નહિ? અને એની ઉપર માઇક્રોફોન છે, ખરું? મારે એને હાથ નહિ લગાડવો જોઇએ એ હું જાણું છું. કહે છે કે એને અડીએ તો અવાજમાં ખરરર ખરરર થાય. પણ આપ મને ક્ષમા કરજો, મારાથી આ સંચો દેખાયો નહિ... દેખાતો જ નથી. એટલે હાથથી જરા પારખી લીધો. આપ પ્લાંચેટમાં માનો છો? જવા દો. આપ તો ભારતદેશના બન્ધુજન છો. ભારત! મેં પણ બાલપણમાં ભારત દેશ વિષે ઘણું સાંભળ્યું હતું. કદાચ, એક નાનો અકસ્માત ન થયો હોત તો ભારતભર પર અમારું ફ્રેન્ચોનું સામ્રાજ્ય હોત. બ્લુચર આવ્યો અને નેપોલિયન હાર્યો. ચાલો, જે થયું તે ઠીક જ થયું. નહિ તો લિબરતી, ઈક્વાલિતી

૪૫ ('કુમાર' અંક ૪૨૨)

અને ક્રાંતિનીતીમાં માનનારી અમારી પ્રજાને, આખરે તો તમારે દેશ છોડવો જ પડત, અને તમને સ્વતંત્રતા આપવી પડત.

ભારત! પ્લાંચેટમાં નહિ માનો તો યોગમાં તો માનો છો ને? ભારતમાં તો તિરઃસ્કારિણી વિદ્યા–અશરીરિણી વિદ્યા–જરીજરીમાં માનવ અંતર્ધાન થઈ જાય. બહુ મોટો થયો ત્યારે મને પારીસમાં કોઇએ ભારતના એક નાટ્યકાર બોધાયનનું નાટક, વાંચી સંભળાવ્યું હતું. મૂળ તો સંસ્કૃત, પણ મેં તો અનુવાદ સાંભળ્યો હતો. ભગ... ભગવદજ્જુકીયમ્ એવું નામ. એમાં ગુરુ, સર્પે દંશેલી મૃત્યુ પામેલી ગણિકાના દેહમાં પોતાના જીવનો પ્રવેશ કરાવે છે અને એને સજીવન કરે છે. કેટલી અદ્‌ભુત વિદ્યા! યોગ-પ્રયોગની આર્ષદ્રષ્ટાઓની આ ભૂમિ! આકાશવાણી પણ અહીં થતી,–સંભળાતી. આજે એમ માનો કે યોગબલે આકાશવાણી સંભળાવવા હું આવ્યો છું. મને છાયાપુરુષ માનો, અને ભાષા?–અમારે અંધોને વળી ભાષા શી?

આપ સૌ નસીબદાર છો, એ તો સૌકોઈ જોઈ શકે છે. આપ ઘણું ઘણું જોઈ શકો છો. દેશની હદ-સરહદ નીરખી શકો છો. અમારે અંધને વળી હદ-સરહદ કેવી? અમારે વળી લિપિ, ભાષા, રંગ, રૂપ, આકાર, સંસાર કેવાં? હા, આકાર સાથે સંબંધ, પણ આંખના સંબંધ નહીં, આંગળીના, હાથના, અને એ થકી હૈયાના સંબંધ. ફૂલની સુગંધ ઉપરથી ફૂલ પારખીએ, માણસોની સુગંધ ઉપરથી સર્જન પારખીએ.

હાં, બહુ આડી વાતે ચાલ્યા. મારું નામ લૂઈ,–લૂઇ બ્રાઈલ. કોઈ 'બ્રેઈલ' કહે છે. ૧૮૦૯માં મારો જન્મ. બરાબર દોઢસો વર્ષ પહેલાં. નેપોલિયન ત્યાર પછી વૉતર્લૂમાં હાર્યો. મારા પિતાજી મને એ બધી વાત કરતા. અમે તો નાના હતા ત્યારે બોનાપાર્તનું નામ સાંભળતાં જ બીતા. ૧૮૫૨માં મારું અવસાન થયું. શી કાળની ઘટના છે! મને ગુજર્યાને આજે તો સો વર્ષ ઉપર થઇ ગયાં! જગવિખ્યાત નગરી પારીસની નજીક કુવરે નામના ગામડામાં હું જન્મ્યો હતો. તમને તો પારીસ નામ સાંભળીને જાતજાતના વિચારો આવતા હશે, કદાચ સૂગ પણ ચડતી હશે. ના–ના; ના–ના. હું ફ્રાન્સનો ખરો, પણ કિયું ફ્રાન્સ? રૂસોનું, વૉલ્તેરનું, મિર્બોનું; હ્યૂગો, બાલ્ઝાક, સ્ક્રાઈબ મારા પહેલાં જન્મ્યા. બાયરોન મારી પછી જન્મ્યો. એ ફ્રાન્સ, તે મેરી આંત્વાનેતનું, લૂઈનું, લૂઈ પાસ્તનું, માદામ ક્યૂરીનું, રોમાંરોલાંનું, સેંત જોઓનનું, સેં પૉલ રીશારનું. ફ્રાન્સ લિબર્ટી-સ્વતંત્રતા, આઝાદીનો આદર્શ ખડું કરનારું ફ્રાન્સ.

ના જી, હું જનમથી અંધ નહોતો. હા, કેટલાક તો જન્મથી જ અંધ હોય છે; પણ મારી તો ત્રણ વર્ષ સુધી આંખો સારી હતી. નાનપણમાં હું બહુ તોફાન કરતો, વારંવાર જિદ્દ પણ કરતો. એક પૂંછડું પકડયું તે છોડું જ નહિ. મારો જ કક્કો ખરો કરવાની ટેવ હતી. પણ મોટપણમાં યે એવી જિદ્દ કરનારા આપણે નથી જાણ્યા? મારા બાપની કુવરે ગામમાં એક દુકાન ચાલતી. એમાં બેસી એ ઘોડાનાં જીન સીવે. હું પણ બાજુમાં રમું, ફરું, એમ કરતાં એક દિવસ ત્યાં પડેલા ચામડામાં કાણાં પાડવાના બે તીણા સળિયા હાથમાં લઈ રમવા લાગ્યો. મારા પિતાજીએ એ માગ્યાં મેં મમતીએ ના પાડી, અને હું એ લઈ રમવા દોડયો. આગળ હું અને પાછળ મારા પિતાજી. એણે મને બહુ બૂમો પાડી, લૂઈ...લૂઈ...લૂઇ...! પણ હું તો મમતે ચડયો હતો. તે જોરથી દોડયો, પગે ઠોકરાયો–સજ્જડ ઠોકર વાગી, ને હું પડયો. પડતાં જ સળિયા આંખમાં ભોંકાયા! એક આંખ તો તરત જ ગઈ. બીજી જરા બચી ગઇ હતી, તે મને ઘેર લાવવામાં આવ્યો ત્યારે ગઇ, અને હું આંધળો થયો...બંને આંખો ગુમાવી બેઠો!

અંધાને આપ ભારતમાં તો સરસ નામ આપો છો. હું એવો સૂરદાસ થઈ ગયો,

પણ બાળપણનાં કેટલાંક સ્મરણો બહુ મીઠાં છે. આજ લગભગ દોઢસો વર્ષે પણ મને એ હજી બરાબર યાદ છે.

એદુઅર્દ, પીઅર, ક્રોસે, આર્થર, આંતોલ આલ્ફ, માદમાસેલ મેરી, જુલિયેત...એ બધાં મને રમવા લઇ જતાં અને પછી તો એ જ જગ્યાએ હું એકલો જતો. મહાવરો. ત્યાં મને જોતાં જ બધા બૂમ પાડતા: એ લૂઈ આવ્યો–સે ગારસો લૂઈ, લૂઈ! એમાં જુલિયેત મારી લાકડી સંતાડી દેતી, અને બીજા બધા બોલતા: 'જોજોને હમણાં એ એની સોટી શોટી કાઢશે.' અને હું સોટી શોધી કાઢતો અને બધા ખડખડ હસી પડતા. એ સોટીથી તો ભારે મજા આવતી. થડ થડ થડ... હું ત્રણવાર ઝાડને અફાળતો, મારી બેસવાની જગ્યા પર પાંચ ફટકા મારતો. બેઠક ઝાડ, અમુક સ્થાન, ત્યાં વાત કરવાની મારી એ રીત હતી. ત્રણ ઝાડના, પાંચ બેઠકના—જુલિયેત ઘણીવાર એ સોટી લઇ, મારો હાથ ઝાલી, એના ઉપર એ જ સોટીથી દસ ફટકા મારતી અને 'આ દસ મારા લૂઈનાં' એમ મનમાં જાણે કહેતી ન હોય એવું મને લાગતું. જુલિયેત ઘણી દયાળુ હતી. ધીમેથી એ ફટકા મારતી, અને માર્યા પછી મારો હાથ એના કરકમળમાં સંતાડી દેતી. અને એમ અમે અઢળક વાતો કરી લેતાં. સહસ્રદલ કમલની પાંખડીઓ ઊઘડે એમ અમારાં હૃદય પુલકિત થઈ નિરંતર વિકસતાં રહેતાં. જાણો છો? જુલિયેત મૂંગી હતી, એટલે અમે મૂંગાંમૂંગાં જ વાત કરી લેતાં.

પણ તમને એક અંગત વાત કહું. ત્યારે મને કશી સમજણ નહોતી, પણ હું જુલિયેતના પ્રેમમાં હતો. એ મને ગમતી, એનો સહવાસ ગમતો–એના નાનકડા ફ્રાકમાંથી, એના હાથમાંથી (ખભેખભા અડાડી અમે બેસી રહેતાં), તે વખતે જે ફોરમ પમરતી, સુગંધ પ્રસરતી એ તો હજુ મને યાદ છે. જુલિયેત–આ હાઆ આમોર લવ,–બર્ન્સ કહે છે તેમ 'માઇ લવ ઇઝ લાઇક એ રેડ રેડ રોઝ.'–જુલિયેત જુલિયેત....

ચારે કોર અંધારું હતું. દિવસરાત–સૂરજચન્દ્ર, રંગરોશની, કશાની જાણ પડતી નહોતી. અંધારું–કેવળ અંધારું–ઘેરું તિમિર–અજ્ઞાન. જ્ઞાનદીપક પ્રજ્જ્વલિત કરવાનું કશું સાધન પણ નહિ. ઘેરું ઘેરું ઘોર અંધારું. એમાં એક આશાના કિરણ જેવી, હૂંફ-સ્મૃતિહૂંફ જેવી, એક જુલિયેત.

સાતમે વર્ષે મને નિશાળે મૂકવામાં આવ્યો. ૧૮૧૬ની સાલની વાત. શું? ત્યારે વળી નિશાળ કેવી? હા, અમારા જેવાં અંધજનો માટે ત્યારે પારી(સ)માં એક નિશાળ હતી—એક જ. ધ ઍંસ્તી ત્યુસીઓ દે ઝેં આવાગ્લ. એમાં એક વૅલેન્તાઈન નામે સાહેબ એ નિશાળ ચલાવતા. અમારા માટેની—અમારા જેવા માટેની એ પહેલી ને એક જ નિશાળ. ત્યાં હું ભણ્યો અને સ્નાતકની પરીક્ષા પણ પસાર કરી શકયો.

પણ ભણવાનું શી રીતે? મસ્યુ વૅલેન્તાઇને ૨૬ અક્ષરોની એક નવતર બારાખડી તૈયાર કરેલી. એનો એક એક અક્ષર એટલે આઠઆઠ સાંતિમીતર પહોળો લાકડાનો કકડો. એ લાકડાના ટુકડા ઉપર આંગળીઓ ફેરવી ફેરવીને વંચાવડાવે. એ ૨૬ અક્ષરનું જ વજન કેટલું બધું! એમાં વાર્તાની નાનકડી ચાર ચોપડીઓ એકઠી કરીએ તો મણ વજન થાય! પેલી એક વાત જાણો છો ને? એક નવાબ હતો. એને રોજ નવી અને જેનો છેડો ન આવે એવી વાર્તા કહેનાર જોઈએ. એક જણે એને ઝાડ પરનાં પંખીની વાત કહી. વાર્તા કહેનાર કહે કે એ ઝાડ પરથી ઊડી ગયું. નવાબ પૂછે: પછી? પછી બીજું પંખી ઊડી ગયું. પછી? પછી ત્રીજું ફિર્‌ર્‌ર્‌...ઊડી ગયું. પછી? પછી ચોથું ફિર્‌ર્‌ર્‌, પાંચમું ફિર્‌ર્‌ર્‌—બસ ફિર્‌ર્‌ર્‌નો છેડો જ ન આવે. એવી વાર્તાઓની ચોપડી. મારાથી તો શું પણ મોટા વૅગનમાં યે ન ઊંચકાય એવી એ બારાખડી—હંઅ.

પણ હું ભણતો હતો ત્યારે મારા પર જુલિયેતે એક પત્ર મોકલ્યો હતો. એ છાપેલો હતો અને એનો કાગળ જાડો હતો. એમાં છાપવાની કચાશને લઈ અક્ષર જરા ઉપસેલા હતા. અમારી ચોપડીઓ આવા

ઉપસાવેલા અક્ષરોની બનાવીએ તો?—મને વિચાર આવ્યો! અને મેં ગુરુજીને વાત કરી. એમના મનમાં પણ એ વાત ઠસી તો ખરી.

ભણીને ઘેર આવ્યો—મારે કુવ્રે ગામ, ત્યાં શું બન્યું હતું, જાણો છો? જુલિયેત નહોતી. મૂગી નોંધે એ લખી વાંચીને હોશિયાર થઈ હશે. કેટલું ભણી હશે, કોણ જાણે! મારા દુઃખની, મારી અકળામણની વાત કોને કરું? કુવરેમાં જુલિયેત, મારી જુલિયેત, મારા નોધારાનો આધાર જુલિયેત નહોતી! તમે પૂછો કે હું કેટલું ભણ્યો? શું ધૂળ ભણ્યો? એ તે કાંઈ ભણતર કહેવાય? એક બાજુ અજ્ઞાન, બીજી બાજુ અંધારાં. ઈશ્વર પણ દયા...પણ ઈશ્વરનો શો વાંક? મેં બાલપણમાં મારા પિતાજીનું કહ્યું માન્યું નહિ અને હું સળિયા લઇ દોડચો...હવે કુવ્રેમાં એકલવાયો હું ચીઢીઆં કાઢતો બબડતો......'અમારે અંધોએ પુસ્તકો વાંચવાનાં જ નહિ? જગતના ઉત્તમ સાહિત્યકારો વિષે અમારે કંઇ જાણવાનું નહિ? આવો સંન્યાસ? આવી અસહાય દશા? ઓ...પિતાજી! મારાથી આ નથી ખમાતું. આ ગૂંગળામણ નથી સહેવાતી...'

'દીકરા મારા!' એટલું જ એ બોલ્યા. એ આવી પહોંચ્યા હતા. એમ તો હું એમનાં પગલાં પારખતો. મારે માથે હાથ મૂકી એમણે મને કહ્યું, 'પંખીઓના કિલકિલાટથી પરોઢની કેવી ખબર પડે છે? માનવીઓના સાદમાં ફરક. એમ એમના ઘાટમાં—એમનાં દિલમાં ફરક. વહાલા દીકરા! મોં ફિસ-શાંત થા.' અને હું ઊંઘી ગયો.

જાગ્યો ત્યારે મગજ શાંત ચિત્તે વિચારે ચડયું. આ ભાષા એટલે શું? ભાષા તો બરાબર છે; પણ લિપિ એટલે શું? 'ક' તમે બોલો છો, હું બોલું છું, હજારો વર્ષ પહેલાં બોલાતો. હજારો જોજન છેટે બોલાય છે. ક એટલે શું? એ ઉચ્ચાર સમજવાને એક આકાર. અ આ, ક ખ, અ બ ક ડ, ક્યાંક બે પાંખડાં ક્યાંક ગોળ, ક્યાંક આડીઅવળી લીટીવાળા આકાર. ટૂંકમાં ચિહ્ન, સંજ્ઞા, નિશાની. આખો સંસાર નિશાનીઓનો નથી? ભારતમાં નૃત્યની પણ ભાષા છે. એ માટે લિપિ નથી, સંજ્ઞાઓ છે. આપ એને 'મુદ્રા' કહો છો. કમળની મુદ્રા. બે આંગળી વડે આંખ સૂચવી શકો. ઘણુંઘણું મુદ્રાથી સૂચવી શકો છો. અરે હાં—વાદ્યતંત્ર પર એક આંગળી મૂકો છો અને તે 'સા', પછી 'રે', પછી 'ગ'...સા રે ગ મ પ ધ ની સા...સૂરની ભાષા. એને ક્યાં આકાર છે?

બસ. મન ચડયું ચગડોળે. વિચાર, વિચાર, વિચાર. લિપિને જ છેદીએ તો? અને કોઈ બીજી જ સંજ્ઞાઓ ગોઠવીએ તો? જેમાં આંખનો ઉપયોગ જ ન પડે, એવી કોઈ રીત શોધીએ તો? એક દિવસ પારી(સ)ના એક રેસ્ટોરાંમાં હું બેઠો હતો. ત્યાં મારા બે ત્રણ દોસ્તદારો છાપું વાંચતા હતા. અમારો રોજનો શિરસ્તો: એ મોટેથી વાંચે અને હું ખબરઅંતર સાંભળું. એમ એક ખબર આમ વંચાઈ:

"તાજેતરમાં ફ્રાન્સના એક લશ્કરી અફસરે અંધારામાં વાંચ્યા વિના સમજી શકાય એવી લિપિ શોધી કાઢી છે. આ લિપિમાં ફક્ત ડૉટ્સ ને ડૅશ-ટપકાં ને લીટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હવે તો અંધારામાં પણ સંદેશા મોકલી શકાશે. અફસરનું નામ કેપિતાન બારલિયેં.

આ સાંભળી મેં મારા મિત્રને એ સમાચાર ફરીથી વાંચવા કહ્યું. એ વાંચી રહ્યો અને મેં તરત ખુશાલીના પોકારો કર્યા. ટેબલ અફળાયું ત્યાં તો કાફેનો મૅનેજર મારી તરફ ધસી આવ્યો: 'આ શી ધમાલ? તમે અહીં આવનારા મહેમાનોને હેરાન કરો છો, મોંસ્યો બ્રાઈલ! તમારી રીતભાત તમે સુધારો. આવા ઘાંટા પાડો છો, શોરબકોર કરો છો, ધમાધમ કરો છો, ઠોકાઠોક કરો છો! મારા ઘરાકો વાંધો લે છે, તમે અમને હરકત કરો છો, નુકસાન કરો છો! આ શું? નૉન્સેન્સ!'

તમે ફ્રેન્ચ પ્રજાને ઓળખતા હશો તો તો, તમને કાફેના મૅનેજર સાહેબની ધાણી ફૂટતી હોય એવી આ વાણી સમજાશે. એ પ્રજાને

ગુસ્સો કરતાં વાર જ નહિ. અને પછી ઠંડા પડતાં યે વાર નહિ. મેં બહુ ધીમેથી એમને સમજાવ્યું કે આ તો અંધજનો માટે જગજૂના કોયડાનો ઉકેલ હાથ લાગ્યો છે. તમે જરા શાંત થાઓ. અને એમ છતાં યે મારી ભૂલ થઈ. પારદોં એક્સ્ક્યુસે બધાંને મેં મારી ખુશાલીનું રહસ્ય સમજાવ્યું. પછી તો સામી બધાંએ જોસથી તાળીઓ પાડી મને વધાવ્યો! અને પેલા મૅનેજર સાહેબ તો 'આ આપણા-આપણા મોંસ્યો બ્રાઇલ; અંધજનો માટે નવી લિપિ શોધી રહ્યા છે તે! જરા મળો. એમને જરા મળો તો ખરા!' એમ પણ કહેવા લાગ્યા!

પણ મારું ચિત્ત તો પેલા કેપિતાનને શોધવામાં લાગ્યું હતું. મારા દોસ્તને લઈ એક ઘોડાગાડી કરી અમે લશ્કરી છાવણીનો માર્ગ લીધો. દબડક દબડક દબડક દબડક, દબડક દબડક...ઘોડો એક ચાલે ચાલ્યો જાય છે. વચ્ચે હાંકનાર ચાબુક ખખડાવ્યે રાખે છે.

'તે મોંસ્યુ—શું નામ તમારું? બ્રાઇલ?'

'હા—લુઈ બ્રાઈલ.'

ગાડીવાળો મને પૂછે: 'લીટી અને ટપકું-નહિ? હું બી મારા ઘોડા સાથે વાત કરું છું. આ એની પીઠ ઉપર હું હાથ મૂકું તે કેટલા જોરથી, કેટલા ધીમેથી, કેવી રીતે, ક્યાં, એમાં એ ભાતભાતની વાતો સમજી જાય છે, અને અમે ઘણી વાત કરી લઇએ છીએ. તમને જશ મળો. મોંસ્સી'...દબડક દબડક દબડક દબડક...અમારી ગાડી જાય દોડી...

'આપણે કેપિતાન બારલિયેંને મળવાનું છે. કોઇને પૂછજો.'

ગાડીવાળાએ દોડાદોડ કરી કેપિતાન બારલિયેંની છાવણી શોધી કાઢી. પાંચ મિનિટમાં તો હું કેપિતાન સામે એની વાતો સાંભળતો બેઠો હતો. બહુ મજાનો માણસ. શાંતિથી મને એની યોજના સમજાવી.

ઓહ, આઈ.સી....આટલો-જરા જાડો કાગળ જોઇએ. હાં; અને આ સાણસાથી એક કાણું પાડયું. આ એક કાણું એટલે આગળ ચાલો. હં-એમ. અને આ બે એટલે પાછળ હઠો. અચ્છા આ ત્રણ, ચાર,—આમ કાણાં ઉપરથી લશ્કરી હુકમો તૈયાર કરવામાં આવ્યા છે....અચ્છા કેપિતાન બારલિયેં! આવા કેટલા?...દસબાર-લશ્કરી હીલચાલ પૂરતા....પણ કેપિતાન, આમાંથી તો આખી ભાષા ઊભી કરી શકાય—તમને એ ખયાલે નથી આવ્યો? હું આંધળાઓ તરફથી તમારો આભાર માનું છું જુઓ હવે, થોડા જ વખતમાં હું અંધજનોનું અજ્ઞાન દૂર કરીશ. થૅંક્યું, મોંસ્સી, મોંસ્સી! બોકુ-ધન્યવાદ-ધન્યવાદ!

શી કુદરતની બલિહારી છે! વિધિનો સંકેત તો જુઓ. જે સળિયા વડે મારી આંખો ફૂટી ગઈ, એ જ સળિયા કાગળ ઉપર કાણાં પાડવાના કામમાં લાગ્યા—એ જ સોયા. પાંચ વર્ષ—સતત પાંચ વર્ષ મેં મહેનત કરી. ફક્ત છ કાણાં લીધાં, એમાંથી એક બે ત્રણ; અને બે ત્રણ અને બે; એક અને બે; એક અને ત્રણ; એક અને ચાર સાથે; એમ ૬૩ ગોઠવણીઓ કરી. આખી બારાખડી તો એમાં આવી ગઈ, આંકડા પણ એટલામાં આવી ગયા. અક્ષરો વિનાની ભાષા. આંગળી લગાડો કે તરત સમજણ પડે. લિપિની ભાષા વંચાય એટલી જ ઝડપથી આ પણ વાંચી શકાય! એક કામ પાર પડયું; એક યોજના ઘડાઈ ગઇ; એક ફળ પ્રાપ્ત થયું, હે ઈશ્વર! મહેનતનો બદલો તું આપે છે જ.

ઈ. ૧૫૧૭માં, કહે છે કે, સ્પેનમાં આ દિશામાં કોઇકે અખતરા કર્યા હતા. એની તો મને બહુ મોડી ખબર પડી; પણ પાંચ વર્ષ પ્રયોગો કરી અંતે મેં આ એક અંધલિપિ ઊભી કરી. એના પરિણામે ૧૮૩૬માં—મારી ૨૭ વર્ષની ઉંમરે પહેલો તો મેં મિલ્ટનની કવિતાઓનો સંગ્રહ બનાવ્યો, અને સાથીદારોને શીખવી દીધો. પછી નિશાળમાં આ લિપિ સમજાવવા માંડી. પારી(સ)માં લૅટિન ક્વાર્ટર્સ છે, જ્યાં વિદ્યાર્થીઓનો

અડ્ડો જામેલો રહે છે. ત્યાં જઈ ભાષણો કર્યાં. વાંચી બતાવ્યું, નવું લખાણ લખી પણ બતાવ્યું. દરેક અંધનિશાળમાં આ પ્રયોગ અમલમાં મૂકવા જેવો છે એમ એના ફાયદા સમજાવી જણાવ્યું. પણ...

પણ...આ પાંચ વર્ષમાં મને એક જીવલેણ રોગ લાગુ પડી ગયો હતો. આ ઉધરસ! છાતી કોતરાતી હતી–ક્ષય! વળી એક બીજી દુઃખની વાત કહું. આ કીર્તિ મને મળે એ અદેખાઓથી ન ખમાયું. ઇર્ષ્યા પણ એક ભારે ચેપી રોગ છે. ચારેકોર ફેલાએલો છે. દેશદેશમાં છે. લુઇ બ્રાઇલને આટલું માન? લોકો વખાણે?—એમનાથી નહિ ખમાયું. એટલે વાત ઉડાડી કે લૂઈ તો પહેલેથી બધું અક્ષરેઅક્ષર ગોખી લાવે છે અને પછી બહાર ભડભડ બોલી જાય છે. આવીઆવી વાતો ચલાવી બીજી નિશાળોમાં આ લિપિ દાખલ થતી અટકાવી.

આખરે થાકીને મેં ફ્રાંસની આકાદેમીને અરજી કરી. હા, આકાદેમી.–આપ જેને અકાદમી કહેતા હશો એ. ફ્રેન્ચ આકાદેમીની પ્રતિષ્ઠા ભારે. એ જો વાત કબૂલ કરે તો ફ્રાન્સભરના અંધોને કેટલો બધો ફાયદો થાય! પહેલાં તો કશો જવાબ જ ન મળ્યો. હું મંડચો રહ્યો. અને મારો શો આમાં સ્વાર્થ હતો જે? પણ અમારા ફ્રાંસના એ વખતના પંડિતો, વિદ્વાનો, કલાકારો, સાહિત્યકારો, ચિત્રકારો, શિલ્પકારો મહાનુભાવોની બનેલી એ આકાદેમીએ મારી આ સાદીસીધી વાત નહિ સ્વીકારી. હસી કાઢી. અને ઉપરથી લખ્યું કે જૂની પ્રથાથી જે રીતે અને જેટલું શિખવાય છે તે અને તેટલું અંધોને શીખવા માટે પૂરતું છે. આંધળાઓને તે વળી વધારે ભણીને કરવું છે શું?!

આકાદેમી–હા, આ અમારી આકાદેમી. ત્યાં પણ લાગવગ! જ્યાં જુઓ ત્યાં લાગવગ લાગવગ લાગવગ,–ઈર્ષ્યા, અદેખાઈ, સાંકડાં મન, પોતાના વિષેના ઊંચા ખયાલ, અભિમાન, મદ! ખરેખર, મેં તો અકસ્માત સળિયા વાગતાં આંખ ગુમાવી હતી, પણ આ મદથી અંધ થએલાઓને શું કહેવું? મદથી આંધળો થએલો માણસ ઘણીવાર પોતાનો તો શું કદીક સર્વસ્વનો વિનાશ નોતરે છે. ઓ પ્રભુ!

પણ અમારી જૂની વેલેન્તાઈન સાહેબની નિશાળમાં તો આ નવી લિપિ દાખલ કરવામાં આવી,–અને એના તાત્કાલિક ફાયદા જોતાં દૂર દૂરથી વિદ્યાર્થીઓ આવવા માંડચા. મારે ત્યાં પણ વિદ્યાર્થીઓનો અડ્ડો જામતો રહેતો. જેને જ્ઞાનની તરસ લાગી છે એ તો આળસ છાંડી જ્ઞાનની શોધ કરવાના જ. આ પછી તો અમે ગણિતનો વિષય સહેલો બનાવી દીધો. દાખલાઓ તો અમે રમતગાં કરી નાંખતા'તા. સંગીત વગાડવાનું તો અમારે માટે સહેલું હતું, પણ શીખવવાનું યે હવે અમે સહેલું બનાવી દીધું. પરિણામે અમારે સંગીતની એક જુદી જ નિશાળ શરૂ કરવી પડી. ભલભલા વિદ્યાર્થી ત્યાં શીખવા આવતા. વિદ્યાર્થીઓને મળતો લાભ એ લોકો બહાર જંઇને બીજાને કહેતા, એટલે તો પછી પૂછવું જ શું? કામ કામની જાહેરાત આપોઆપ કરે છે.

એવે એક અદ્‌ભુત પ્રસંગ બન્યો. મારા સંગીતના વર્ગોમાં ભણવા એક મેરી નામની નાનકડી છોકરી આવતી. હા, મેરી. એક દિવસ જાહેરમાં એક મોટો જલસો યોજાયો હતો. પારી(સ)ના બધા જ નામાંકિત, અગ્રગણ્ય મહાનુભાવો એમાં હાજર રહેવાના હતા. અને તે પણ એમાં પ્રખ્યાત સંગીતલેખકની ગતો–તર્જો વગાડવાની હતી. અને એણે એવી અદ્‌ભુત છટાથી, નિયમાનુસાર, મુલાયમતાથી, અદાથી વગાડયું કે લોકોએ તાળીઓના ગડગડાટો ઉપર ગડગડાટોથી વધાવી લીધી. તાળીઓની છોળો ચાલ્યા જ કરે, લોકો ઊભા થઈથઇને મેરિયમને–મેરીને વધાવ્યા જ કરે! આખરે મેરી એકાએક તખ્તા ઉપર–છેક પગબત્તી સુધી ચાલી! લોકોને થયું કે ઓહ—હમણાં એ બિચારી અંધ તો પડી જશે! પણ એ તો બરાબર છેડા સુધી જ ગઇ. અને ત્યાં ઊભા રહીને એણે એક નાનકડું ભાષણ આપી દીધું.

'મહેરબાન સાહેબો, મને જરા બે મિનિટ સાંભળો તો હું આપનો આભાર માનીશ. આ માન તમે મને આપો છો, એને લાયક હું નથી. એ માન જેને ઘટે છે, જેણે અમને આવું સુંદર શિક્ષણ આપ્યું છે, જેણે અંધોના શિક્ષણમાં નવીન પદ્ધતિ દાખલ કરી, જેને પ્રતાપે અંધોનું ભણતર સહેલું અને સુગમ બની ગયું છે, એ–અમારા ગુરુ–જે આજે મરણપથારીએ છે–એને ઘટે છે. એ છે લૂઈ બ્રાઈલ! અમારા ગુરુ, અમારા રાહબર, અમારા મુરબ્બી, સાચા સેવક. એમને આ માન આપો. અમને અંધારામાંથી અજવાળામાં એ લાવ્યા છે, અમારી પ્રજ્ઞાચક્ષુ એમણે વિકસાવી છે. એમણે જ અમને જ્ઞાનની દીપિકા આપી છે. એમને માન આપો. અદેખાઓએ એમને આગળ આવવા દીધા નથી; અંધોને ઉપયોગી એમની શોધખોળને જાહેર થવા દીધી નથી.'

આવું આવું તો ત્યાં મેરી બહુ બોલી. અને બીજી સવારે તો છાપાંમાં ભારોભાર વખાણનાં લખાણો અને આકાદેમીના સભ્યોની સચોટ ભાષામાં ઝાટકણી! ચૌટેચોકે, કાફે–થિયેટરોમાં સોસાએતી મોમાર્તમાં, લુવ્રે, લાર્તે ક્વાર્તેમાં, ઓપેરાઓના ચોકમાં, પરાં પરગણાઓમાં બસ પણ ચારેકોર એક જ ચર્ચા–બ્રાઈલની નવી લિપિ!

અરેરે, પણ તમને એક વાત કહેવાની તો હું ભૂલી ગયો! જુલિયેટ યાદ આવે છે? હું તો એને શાનો જ ભૂલું? એકાએક અલોપ થઇ ગયેલી મારી બાલ-સખી! મારી હાથલાકડી, મારી રમતકાળની હૂંફ જુલિયેત! આ મેરી તે એ જુલિયેતની દીકરી! હા, જુલિયેત મૂંગી; અને બિચારી મેરી મારા જેવી અંધ!

પેલાં છાપાંઓની ચકચારને પરિણામે પછી તો મારી મરણપથારી આગળ વિદ્વાનોનું ટોળું આવ્યું. એમને મોખરે હતી મેરી. અંધ આંખોએ પણ જુલિયેતનો હાથ પકડી એ આગળ ઊભી હતી એ મને દેખાતું હતું!

ત્રણ વખત હું જિંદગીમાં રડચો છું: પહેલો તો હું જ્યારે આંધળો થયો ત્યારે,–સ્વાભાવિક છે; બીજીવાર જ્યારે કેપિતાન ચાર્લ્સ બારલિયેં પાસેથી કાણાંકાણાંવાળી લશ્કરી લિપિની વાત સાંભળી ત્યારે,–બનવાજોગ છે; અને ત્રીજીવાર, ૪૩ વર્ષની ઉંમરે ૧૮૫૨માં હું મરણ પામ્યો તે પહેલાં, એક હાથ એ હેતાળ મેરીને માથે ફરતો હતો અને બીજો જુલિયેતે પકડી રાખ્યો હતો, અને પારી(સ)ના વિદ્વાનો મને અભિનંદનો આપતા હતા ત્યારે. દડ...દડ...દડ...દડ...આ આંખોમાંથી આંસુ વહેતા હતાં;–કુદરતી જ છે.

ત્યારે? હું આપની રજા લઉં? ફરીવાર આવીશ વળી. હમણાં તો પૃથ્વીની આસપાસ વાયુની જેમ ફર્યા કરું છું. મારા અવસાન પછી તરત જ ફ્રાંસમાં બ્રાઇલ લિપિ દાખલ થઈ. આઠ વર્ષ પછી એટલે કે ૧૮૬૦માં અમેરિકાએ અપનાવી, આજે ૧૯૫૮ સુધીમાં તો એમાં ઠીકઠીક સુધારા થયા છે; અને ચીનમાં ને આપના ભારતમાં પણ આ લિપિ પ્રસરી છે; દર મહિને એવાં ચોપાનિયાં પણ પ્રગટ થાય છે; એ કંઇ ઓછા આનંદની વાત નથી.

ચાલો, આવજો; જગતમાં જ્યાંજ્યાં અજ્ઞાનનાં અંધારાં હશે ત્યાં ત્યાં આ અશરીરિણી વાણી લઇને વિહર્યો હઈશ. મારી જિંદગી એળે નથી ગઈ એમ માન્યા કરીશ.

મે–સીં બોકુ! રામરામ! અમારા અંધોની તો દુનિયાભરમાં આ એકલી સંજ્ઞાલિપિ છે. એથી અમારું કુટુંબ પણ એક જ છે. જાણે વિશાળ વિશ્વનું એક કુટુંબ. અમારે દેખવાનું નહિ, અને દાઝવાનું યે નથી, ત્યાં અમુક આકારની લિપિના ઝગડા શા? ખરેખર, અમે કેટલા સુખી છીએ! મને આટલો સાંભળ્યો એ માટે ધન્યવાદ; આવજો.

'આકાશવાણી'(ભારત સરકાર)ના સૌજન્યથી

દાણચોરી



લેખક
રમણિક પટેલ

જોષી અમારી ઓરડીમાં 'થર્ડ પાર્ટનર' તરીકે લગભગ બાર મહિનાથી રહેતો, પણ એ ચોક્કસ શો ધંધો કરે છે એની તો નહોતી મને ખબર કે નહોતી અમારા બીજા પાર્ટનર અમીનને. એ બહાર ગમે તે હોય, પરંતુ ઓરડીમાં તો અમે એકબીજાના મિત્રો જ હતા. મુંબઇમાં 'ઓટલો' શોધતાં શોધતાં એક સંબંધીને ત્યાં અમે ત્રણે ભેગા થઈ ગયેલા. એ રાયચંદભાઇએ ગિરગામ લત્તામાં ચોથા માળ પર આવેલી અને પાર્ટિશન પાડી ડબલ રૂમ બનાવેલી એક ખોલી વિષે વાત કરતાં કહ્યું, 'ભાઈ, ઓરડી ખાલી તો નથી, પણ આજ મધરાતના શુમારે જરૂર ખાલી થવી જોઇએ.'

'મધરાતના શુમારે?' મેં સાશંક પૂછ્યું.

'હા મધરાતે'. અને પછી જરા નજીક સરકી એમણે કહ્યું, 'વાત જાણે એમ છે કે એ ઓરડીમાં એક માણસ નોટો છાપે છે.'

'નોટો છાપે છે?' મારાથી વધુ ચોંકી ઊઠતાં અમીને પૂછ્યું.

'હા, સોની નોટો; પણ એણે એક બેવકૂફી કરી. બે ચાર દિવસ થાય અને એક નોટ લઈ જઈ એક સંબંધી વેપારીની દુકાને વટાવી આવે. શરૂઆતની પાંચ સાત નોટો તો એમ વટાવી ખાધી, પણ પછી પેલા સંબંધીને વહેમ ગયો. કુશાગ્ર બુદ્ધિવાળા એ વેપારીએ એકવાર માથું ખંજવાળતાં કહ્યું, 'ભાઈ ખન્ના, આજે તો સોના છૂટા છે નહિ. ઍંસી–પંચ્યાસી. માંડ થાય એમ છે.' હવે વાત એવી હતી કે મિસ્ટર ખન્ના તે દિવસે ખૂબ જ ભીડમાં હતા. એટલે 'સોની નોટના પૂરા સો રૂપિયા ન મળે અને ઍંસી પંચ્યાસી મળે તોય મારે કયી ખોટ જવાની હતી', એવો બેવકૂફ તર્ક દોડાવી તુરત એમણે કહ્યું, 'ઍંસી તો ઍંસી; લાવો ને મારે ખાસ જરૂર છે'. ચતુર વેપારી વાત પામી ગયો. તે રાત્રે એણે બનાવટી નોટ અને અસલ નોટ જોડાજોડ મૂકી ઝીણવટપૂર્વક બંનેને તપાસી અને નોટનો ભેદ હાથ લાગી ગયો. એણે પોલીસને ખબર કરી. પોલીસ આજ રાત્રે દરોડો પાડવાની છે એ વાત ખન્ના જાણી ગયા છે એટલે રાતમાં ભાગ્યા સમજો. વળી હું એમને ઠીકઠીક ઓળખું છું એટલે નહિ ભાગતા હોય તો બીક બતાવીને ભગાડશું.'

'તે આપણે એવી મેલી રૂમ લેવાની?' અમીનને ડર લાગ્યો.

'રૂમ મેલી શાની? એનું કામ મેલું. આપણા હાથમાં આવે ત્યારે સત્યનારાયણ ભગવાનની એક કથા કહીને પવિત્ર કરી નાખશું.' મેં કહ્યું.

અને પછી તો પેલા સંબંધી રાયચંદભાઇની ખટપટ, અને લાગવગથી રૂમ અમારા નામે પણ ચડી ગઈ.

એ વાતને બારેક મહિના થયા છતાં જોષી શો ધંધો કરે છે એની અમને ખબર જ ન પડી. અમીન તો કામ સિવાય કોઈની વાતમાં માથું મારતો જ નહિ. અને મને પણ એવો વખત નહોતો મળતો. ઉપરાંત એક બીજું પણ કારણ હતું. જોષી ચાર છ દિવસે માંડ એક દિવસ અમારી ઓરડીમાં ગાળતો; અને તે ય દિવસે, જ્યારે અમે બંને નોકરી પર જ હોઇએ. રાત્રે તો એ ભાગ્યે જ સૂવા આવતો.

એક શનિવારે નોકરી પરથી છૂટીને હું અને અમીન બને રૂમમાં સાથે જ આવી પહોંચ્યા. અમીન નીચે જઈ દૂધ લઈ આવ્યો અને બે કડક મીઠી બનાવી. ચા પીતાંપીતાં એણે મને પૂછ્યું, 'પટેલ, તું જાણે છે આપણો જોષી આજકાલ શો ધંધો કરે છે?

'ના, કેમ? જાણતો નથી પણ હમણાં હમણાં સાંભળ્યું છે ખરું; અને લાગે પણ છે કે એનો ધંધો મેલો હોય.'

"અરે 'હોય' શું? 'છે'! એ તો દાદો છે દાદો,–કાલબાદેવીનો દાદો. કાલબાદેવીના સઘળા મવાલીઓને એનું નામ દો તો ચૂપ થઈ જાય."

'ત્યારે એમ વાત છે?'

'એ નાની રૂપકડી ગાડી ફેરવે છે અને વૂલન સૂટ વગર બહાર જતો નથી તે બધું શાના પર એનો તેં વિચાર જ કર્યો નથી?'

'ના રે ભાઈ, આપણે શા માટે વિચારવું પડે?'

"ત્યારે જો સાંભળ. એનું મુખ્ય કામ તો 'બ્લૅક મેઇલિંગ'નું; અને હમણાં હમણાં દાણચોરી પણ......"

'બ્લૅક મેઇલિગ? એ શું?'

'એટલે કે કોઈ મોટા ઘરનો આબરુદાર નબીરો કે મિલમાલિકનો કુંવર કોઈ નાચનારી, ગાનારી કે વેશ્યાના ફંદામાં ફસાયો હોય તો એવાના ગંદા પુરાવા ભેગા કરી, શેઠિયાઓ પાસેથી એબ ઉઘાડી કરવાની ધમકી આપી પૈસા પડાવવા.'

'પણ એવા પુરાવા એને મળે શી રીતે?'

'વેશ્યાનો ભાગ; ન સમજ્યો?'

'ત્યારે તો જોષી બહુ ખતરનાક માણસ કહેવાય. અને એવો આપણો પાર્ટનર!'

'ખતરનાક ખરો, પણ બહાર. આપણી ચાલીનો દાદર ચડયો કે પૂરેપૂરો શરીફ. જમીન પરથી ઊંચું ન જુવે ને!'

'હા, એ વાત તો સાચી છે. ઘરમાં એ પૂરેપૂરો બદલાઈ જાય છે એ તો મેં પણ અનુભવ્યું છે. વળી મોટા ભાગે તો દિવસોના દિવસો સુધી ગાયબ રહે, અને કોઈ વાર રાતનો ઉજાગરો દૂર કરવા દિવસે આવીને ચટાઈ પાથરી છ કલાક પડયો રહે. રાત્રે પાછો ગુમ.'

કોણ જાણે મારું મન રવાડે ચડયું હોય કે પછી કુમતિ સૂઝી હોય, પણ મનને એમ થયું કે જોષીની એકાદ બદમાસી નજરે જોવાનું મળી જાય તો સારું. અને આવો મોકો મળ્યો પણ ખૂબ જ જલદી.

એક દિવસની વાત છે. ઑફિસેથી જરા વહેલો આવતો રહેલો. ઓરડી ઉઘાડી હતી. અંદર ચટાઇ પર પાટડાની પેઠે લાંબો પહોળો અને ભારે જોષી પડયો હતો. એની લગભગ સાડાચાર મણની કાયા અને છ ફીટ ઊંચો વિશાળ છાતીવાળો પડછંદ દેહ બેફિકરાઈથી પડેલો જોઇને અજાણ્યાને કદાચ એ બદમાશોનો બદમાશ ન લાગે, પણ એને જાણનારને તો જરૂર લાગે.

હું થોડી વાર અનિમેષ નેત્રે એને જોઈ જ રહ્યો. સહેજ ઝણઝણાટી

પણ મને થઈ આવી; છતાં બીજી જ પળે, એ ગમે તેવો ભયકર હશે પણ અહીં તો કેવળ મારો 'રૂમ પાર્ટનર' જ છે એ વિચારે હું સ્વસ્થ થઈ ગયો. એવામાં મારા આવ્યાના અણસારે એ જાગી ગયો; સફાળો બેઠો થઈ ગયો, અને જરા ગાભરો બની પૂછવા લાગ્યો, 'અરે પટેલ, ક્યાંથી આજ વહેલા? કેટલા વાગ્યા, જરા કહો તો!'

'સાડા ચાર'. મેં કહ્યું.

અને ઝટપટ એણે તૈયાર થવા માંડ્યું. મેં એને તૈયાર થતો જોઇ કહ્યું, 'એવડી ઉતાવળ શી છે, જોષી? બેસો જરા, ચા-બા બની જાય પછી નિરાંતે જાઓને!'

'ના, ભાઇ ના, બધી બાજી ચોપટ...પણ જવા દો.'

'જોષી, એક વાત ઘણા વખતથી પૂછવી છે. પૂછું?'

'પૂછોને સાહેબ. આપણી બુદ્ધિ દોડશે એવો ઉત્તર દઈશું.'

'મારે તમારું કોઈ સાહસિક કામ કે 'પરાક્રમ'નો કોઇ ખતરનાક નમૂનો જોવો છે.'

ફક્ક દઇને એ હસી પડ્યો અને બોલ્યો, 'ગાંડા થાઓ મા. તમે તમારું જ કામ કરો પટેલ સાહેબ; અમે તો જિંદગી હાથમાં લઇને ફરનારા.'

'ના, ના, જોષી! તો હુંયે તમારી સાથે એક દિવસ પૂરતી જિંદગી હાથમાં લઇને આવીશ; પણ મારે તમારું પરાક્રમ તો જોવું જ છે.'

'એમ? તો આવો આજ રાત્રે બાર પછી.'

'આજે જ? રાત્રે? બાર પછી...?'

'હા, થાઓ તૈયાર. એક ભયાનક ખેલ દેખાડું–જીવ સટોસટનો!'

'ભલે, તૈયાર છું.'

'તો રાત્રે નવેકના શુમારે હું તમને લેવા આવીશ. અત્યારે તો મારે કેટલીક પૂર્વતૈયારી માટે જવાનું છે. બરોબર નવ વાગે તૈયાર રહેજો.'

આટલું કહી એ ગયો. 'જવું કે ન જવું'ના મંથન વચ્ચે ઝોલાં ખાતાં ખાતાં નવ વાગી ગયા. હું હરપળે જોષીની રાહ જોતાં ઓરડીમાં આંટા મારી રહ્યો હતો. અમીન આજ ઑફિસેથી બારોબાર પરાંમાં કોઈ સ્નેહીને ત્યાં જવાના હતા એટલે એમની હાજરી હતી નહિ. ખૂબ રાહ જોવડાવ્યા બાદ આખરે દસ વાગે ગાડીનું હૉર્ન વાગ્યું. બારીમાંથી મેં નીચે જોયું; ગાડી જોષીની જ હતી. ઓરડી બંધ કરી હું નીચે ઊતર્યો. દિલ ધડકતું હતું, અંગ ફરકતું હતું, મોટરમાં જોષી એકલો જ હતો. હું પહોંચ્યો એટલે બારણું ઉઘાડતાં ધીમેથી એણે કહ્યું. 'થોડીક કરામત કરતાં મોડું થયું; પણ ફિકર નહિ. આપણે ઝડપથી જઈશું.'

મોટર ઊપડી. મેં આજુબાજુ ઝીણવટથી જોયું, પણ મોટરમાં કંઈ કરામત જણાઈ નહિ; પરંતુ એને બદલે જોષીના કોટના અંદરના ખિસ્સામાં ડોકિયાં કરતી એક નળી નજરે પડી. મેં આંખને ઈશારે જ પૂછ્યું: 'એનું શું કામ?'

'તમારી સલામતી માટે. તમે મુશ્કેલીમાં મુકાઇ જાઓ તે પહેલાં એનો ઉપયોગ કરવાનો; પણ નછૂટકે જ, હોં? આજના પ્રસંગ માટે ખાસ લઈ આવ્યો છું. બાકી કાયમ સાથે નથી રાખતો.'

મોટર ઝડપથી આગળ વધતી હતી. રખડવાની મને મૂળથી આદત, એટલે મોટા ભાગનું મુંબઇ મારી નજર હેઠળ આવી ગયું છે એવો દાવો હું કર્યા કરતો; પણ અમારી મોટર જે લત્તામાં દોડી રહી હતી એ જોતાં મુંબઇનો તો હું સાવ અજાણ્યો છું એવું મને લાગવા માંડ્યું.

કેટલીક ગલીકુંચીઓ પસાર કરીને મોટર એક ઉજ્જડ ગલીને નાકે જઈ અટકી. તુરત બે જુવાનો ગલીમાંથી નીકળી મોટર પાસે આવ્યા. મોટરમાં રહ્યે રહ્યે જ જોષીએ એકને પૂછ્યું, 'કુંદન, કંઇ ખાસ ખબર?'

જવાબ આપવાને બદલે કુંદને મારી તરફ સૂચક દૃષ્ટિથી જોયું. એટલે જોષીએ તુરત કહ્યું, 'વાંધો નથી. તું તારે કહે.'

'આજ પણ માંડી વાળો તો? ખતરો છે.' કુંદને કહ્યું.

'ખતરાની વાત જવા દે. ખાડીના સમાચાર પાકા છે ને?'

'હા; સાડા બારે એક હોડકું આવશે. છએક ખોખાં છે. એકેકમાં બબ્બે ડઝન હશે. બધી જ અમેરિકન વિસ્કીની; પણ શ્રીનાથ, પોલીસને બાતમી મળી ગઈ છે. આજ રાત્રે એ વરસોવાની ઝાડીમાં હશે અને કાં તો ઓચિંતો છાપો મારશે.' જોષી કેટલેક ઠેકાણે 'શ્રીનાથ' તો વળી ક્યાંક 'ઉમરાવ' અને ક્યાંક ક્યાંક 'બિહારી'ના નામથી ઓળખાતો એ મને પછીથી ખબર પડેલી.

'એ તો જાણું છું. રાતના અગિયાર પહેલાં પોલીસવાન વરસોવાની ઝાડીમાં ભરાઈ જશે. હોડીમાંથી ખોખાં મારી મોટરમાં ભરાશે ત્યારે જ એ છાપો મારશે, કારણ કે એમને મુદ્દામાલ સહિત ગાડી પકડવી છે.'

'અને છતાં ય તમે જાઓ છો?'

'હા, આ છેલ્લું સાહસ. પછી વરસોવાને રામરામ.'

'પણ એમાં જ તમારા રામ રમી જશે તો?'

'તું વાતો બંધ કરી હવે કામ કર.' એમ કહી જોષીએ કુંદને ઉઘાડેલા બાજુના એક જૂના ગૅરેજમાં ગાડી લીધી. કુંદને પાછળની બેઠક કાઢી લીધી, અને ભંડારિયું ખુલ્લું કરી નાખ્યું. નંબર-પ્લેટ કાઢી લઈ ફરતા નંબરનો રોલ ચડાવી દીધો. અડધા કલાકને અંતે ગાડી ગૅરેજમાંથી બહાર નીકળી. જતાં જતાં જોષીએ કહ્યું, 'કુંદન, યોજના પ્રમાણે તારે કરવાનું જ છે, સમજ્યો?'

અમે ઊપડી ચૂક્યા;–અમે બે જ. મારા હૃદયના ધબકારા મને પોતાને જ સ્પષ્ટ સંભળાતા હતા. હવે ઉપાય ન હતો. બજરંગબલી આજની રાત જો ઉગારી લે તો કાલ સવારથી જોષીની 'પાર્ટનરશિપ'માંથી છૂટા થઈ જવું એવો એક નિર્ણય પણ અનાયાસે થઈ ગયો.

જોતજોતાંમાં વરસોવા આવ્યું. સાયલેન્સર નાખીને એવી કરામત કરેલી કે ગાડી સાવ નજીવો અવાજ કરે. અને જમીન સરસી બેઠા ઘાટની ગાડી પાણીના રેલા શી સરેરાટ સરકતી હતી.

ઠેઠ ખાડીના મોં આગળ લઈ જઇને જોષીએ મોટર ઊભી રાખી, અને ઈશારતથી ઝાડી બતાવીને કહ્યું, 'ત્યાં પોલીસવાન હશે; પણ મને મુદ્દામાલ સાથે પકડવો છે. એટલે આપણી મોટરમાં દારૂનાં ખોખાં ભરાઈ જતાં સુધી વાંધો નથી.'

'અને પછી...?' મેં પૂછ્યું. 'પછી એ છે ને આપણે છીએ.'

મનની ભીતિ જ્યારે જબાન પર આવી જાય છે ત્યારે જબાન આપોઆપ મૂક બની જાય છે. હું કંઈ જ બોલી શકું એવી સ્થિતિમાં ન હતો, બોલવાના હોશ પણ ન હતા.

દસેક મિનિટ અમે મોટરમાં જ બેઠા રહ્યા ત્યાં ખાડીનાં પાણી ખળભળ્યાં. એક હોડકું ત્વરિત ગતિએ આવતું દેખાયું. જોષી તુરત નીચે ઊતર્યો ભંડારિયું ખોલી નાખ્યું. હાથના ધક્કે જ મોટર સહેજ પાછી ઠેલી. હોડકું આવીને ખાડીના નાકે અટક્યું. જોષીએ હળવેથી સાદ દીધો, 'સોનેરી જાળ...સલામત...?' સામેથી જવાબ મળ્યો, 'રૂપેરી માછલી...સબ સલામત.'

આંખના પલકારામાં તો હોડીનાં પાટિયાં ખસી ગયાં. નીચેના ભાગમાં ભરી રાખેલી દારૂની પેટીઓ બે માણસોએ લાવી લાવીને ગાડીના ભંડારિયામાં મૂકી. બે પેટીઓ ખૂદ જોષી બગલમાં દબાવી લઈ આવ્યો. હોડકાને સ્થિર કર્યા સિવાય ચાલુ ગતિએ જ આ બધું જાણે આંખના પલકારામાં બની ગયું.

પણ ત્યાં તો ઝાડીમાં પૂર્ણ પ્રકાશ રેલાઈ ગયો. પોલીસવાનના સ્ટાર્ટરનો અવાજ થયો અને સાથે જ હવામાં થએલા એક ગોળીબાર પાછળ એક સત્તાવાહી અવાજ સંભળાયો, 'ઠેરો, નહિ તો ગોલીસે ઉડા દૂંગા.'



ડૉ. હરિપ્રસાદ(૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા('૪૬) રાજેન્દ્ર શાહ(૧૯૪૭) બાલમુકુંદ દવે(૧૯૪૮) નિરંજન ભગત('૪૯)



વાસુદેવ ભટ્ટ(૧૯૫૦) બકુલ ત્રિપાઠી('૫૧) શિવકુમાર જોષી('૫૨) અશોક હર્ષ(૧૯૫૩) ડૉ.શિવપ્રસાદ(૧૯૫૪) ઉમાકાન્ત શાહ('૫૫)



'સુકાની'(૧૯૫૬) જયંત પાઠક(૧૯૫૭) હેમન્ત દેસાઇ(૧૯૫૮)

૧૯૫૮નો 'કુમાર'-ચન્દ્રક

શ્રી હેમન્ત દેસાઇને એમનાં કાવ્યો માટે

આપવાનું નિર્ણાયક-સમિતિએ ઠરાવ્યું છે. શ્રી દેસાઇને અમે અભિનંદન આપીએ છીએ, અને નિર્ણાયક-સમિતિ (પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રા. અનંતરાય રાવળ તથા આચાર્ય યશવંત શુક્લ)નો આભાર માનીએ છીએ.

પેલા બેમાંનો એક મોટરના ભંડારિયામાં જ રહ્યો અને બીજો ખાડીના કાદવ તરફ કાચબાની જેમ સરકી ગયો.

આ તરફ જોષીએ મોટર સ્ટાર્ટ કરતાં 'એક્સીલરેટર' પૂરું દાબી દીધું અને છલંગ મારીને મોટરે વેગ પકડયો. પાછળ પોલીસવાન ઝડપથી પીછો કરતી જણાઈ. પાછળ બીજો કડક અવાજ આવ્યો : 'મોટર ખડી રખો–અગર જાનકી સલામતી ચાહતે હોતો; નહિ તો એક એક ટાયર ગોલીસે ફાડ દૂંગા.'

આ ભયંકર ક્ષણે પણ તારાના ઝાંખા ઉજાસમાં મને જોષીનો ચહેરો કાતિલ હાસ્ય કરતો દેખાયો.

પણ ત્યાં તો પાછળથી સનન...સનન...કરતી બે ગોળી આવી અને પાછલા ટાયર સાથે અથડાઈ ખણિંગ લઇને પાછી પડી. કાચાપોચાનું કાળજું થડકી જાય એવું અટ્ટહાસ્ય કરતાં જોષીએ કહ્યું, 'ઔર લગાઓ ગોલિયાં...ફાડ દો ટાયર.'

અજાયબી એ હતી કે પાછળથી જેટલી ગોળીઓ છૂટતી એ બધી ખણિંગ ખણિંગ અવાજ કરીને પાછી પડતી. વધુમાં જોષીની ગાડીના વેગને મોટી પોલીસવાન આંબી શકતી ન હતી.

પંદર મિનિટની આ જીવસટોસટની દોડમાં પોલીસવાન ઠીક ઠીક પાછળ રહી ગઇ હતી એ મેં જોયું ત્યારે જ મારો શ્વાસ હેઠો બેઠો.

વાંદરાની ખાડી પસાર થઈ અને મારા આશ્ચર્ય વચ્ચે મેં એક કૌતક જોયું. બરાબર અમારા જેવા જ રૂપરંગ ને ઘાટવાળી બીજી એક ગાડી અમારે પડખે ચડી! એકબે વાર અમારી આડી ફરી અને પછી વચમાં પડી બીજે જ રસ્તે ફંટાઈ ગઈ. તે જ વખતે જોષીએ પણ માર્ગ બદલી ગાડીને સાવ અવાવરુ રસ્તે એક ગલીમાં હાંકી મૂકી.

થોડીવારે મેં પાછળ જોયું તો પોલીસવાનનો અણસારો પણ નહોતો જણાતો. જોષીએ એક હાથે સ્ટીઅરિંગ પકડયું અને બીજા હાથે સિગારેટ કાઢીને સળગાવી. હવે એ ખૂબ જ સ્વસ્થ લાગતો હતો. એક મોટી ફૂંક લઇને એ બોલ્યો, 'હવે ઘાત ગઈ, પટેલ સાહેબ! ગભરાશો નહિ.'

'કેમ? પોલીસવાન ક્યાં?' મેં પૂછ્યું.

'વાન ગઈ પેલી ડુપ્લીકેટ ગાડી પાછળ.'

'ડુપ્લીકેટ ગાડી? પેલી આપણે પડખે ચડી હતી તે?'

'કુંદનનો સાથી શેખર અપટુડેટ બની એ ખાલી ગાડી લઇને પોલીસવાનને ચકરાવામાં નાખવા આવી પહોંચ્યો હતો.'

હું ભેદ પામી ગયો. પોલીસવાન સજ્જડ થાપ ખાઇને પેલી ખાલી ગાડીનો પીછો પકડી બેઠી હતી; પરંતુ પોલીસની અનેક ગોળીઓએ જોષીની ગાડીના ટાયરને કેમ કંઈ અસર કરી નહિ તે મને સમજાયું નહિ. હું કંઈ પ્રશ્ન કરું ત્યાં તો ગાડી પેલી ઉજ્જડ ગલીમાંના ગૅરેજ પાસે આવી ગઈ હતી. કુંદન હાજર હતો. ગાડી એણે સંભાળી લીધી. ગૅરેજ બંધ થતું હતું ત્યાં મને પેલી વાત સાંભરી અને મેં પાછો પ્રશ્ન કર્યો, 'જોષી, ગોળીની અસર ટાયર ઉપર...?' પણ મારો પ્રશ્ન પૂરો કરું તે પહેલાં આંખને ઇશારે એણે મને ટાયર બતાવ્યું. ચારે વ્હીલની ઉપર કવર કરી લઈને, પંખાની સાથે જ સ્ટેનલેસ સ્ટીલનાં એકેક ફૂટનાં પતરાં જડી લેવામાં આવ્યા હતાં.

ગલી વટાવી રસ્તા પર આવી જતાં તુરત અમે એક ખાલી 'કાલી-પીલી' પકડી લીધી.



નૃત્યસમૃદ્ધ બાલી

અગસ્ત્યને
પગલે પગલે

લેખક અને ફોટોકલાકાર
નવનીત પારેખ

વાતચીત દરમ્યાન શ્રી લે-મેયૂરે બાલીના એક પ્રચલિત નૃત્ય-નાટક (ઑપેરા) વિષે પણ માહિતી આપી. તેને 'આર્જા' કહે છે. સામાન્ય રીતે આ નાટિકા મધરાત પછી જ શરૂ થાય છે અને તેનાં કથાનક શૃંગાર-રસથી ભરેલાં હોય છે. મુખ્યત્વે તેમાં કોઈ રાજકુમાર તથા બીજા રાજ્યની રાજકન્યાના પ્રણય-પ્રસંગો ભજવાય છે અને નાટિકામાં હાસ્યરસ આણવા માટે રાજકુમારના મંત્રી તથા વિદૂષક તેમજ રાજકુંવરીની દાસીનાં પાત્રો પણ સાથોસાથ હોય છે. આ રાજકન્યા 'પુત્રી' કહેવાય છે જ્યારે રાજકુમાર 'રતુ'ના નામે ઓળખાય છે. આ રાજવી પાત્રો તો જાવા-બાલીની સંસ્કૃતમય ભાષા 'કવિ'માં જ વાર્તાલાપ કરતાં હોય છે, પરંતુ પ્રેક્ષકોમાં કવિ-ભાષા ન સમજનાર માટે મંત્રી તથા દાસીનાં પાત્રો સામાન્ય બાલી-ભાષામાં તે વાર્તાલાપને આડકતરી રીતે બોલી સંભળાવે છે. આર્જા-નાટિકામાં ઘણી વાર કાંઈક અશ્લીલતા આવી જાય છે અને તેનો હાસ્યરસ પણ ઊંચી અભિરુચિ દર્શાવતો નથી.

શ્રીમતી પોલૅાક તથા શ્રી રિંધી ફરી વાર આવી પહોંચ્યાં ને રંગમંડપની બહારની ખુલ્લી નૃત્ય-ભૂમિ પર તેમણે 'ગરુડ-નૃત્ય' શરૂ કર્યું. પોલૅાકે સામાન્ય વસ્ત્રો ઉપરાંત માથામાં અનેકવિધ પુષ્પો ખોસ્યાં હતાં અને બન્ને હાથમાં ચામડાની બનાવેલી મોટી પાંખો પહેરી હતી. રિંધીએ તો કેબિચારની જ ઘણીખરી વેશભૂષા રહેવા દીધી હતી. પોલૅાકે એક મોટા ગરુડ પક્ષીનું પાત્ર ધારણ કર્યું હતું જ્યારે રિંધી એક મહાયોગીનો અભિનય કરતા હતા. નર્તન દરમ્યાન બંને વચ્ચે થોડી 'ઝપાઝપી' પણ થઈ. લે-મેયૂરે તેનું કથાનક સમજાવ્યું કે એક મહાયોગી પહાડની ગુફામાં તપસ્યા કરી રહ્યા હતા ત્યારે આ ગરુડ પક્ષી તેમના ધ્યાનમાં ખલેલ પાડતું હતું. યોગીની વિનવણી તથા સમજાવટ નિરર્થક જતાં બંને વચ્ચે ઝપાઝપી થઈ ને છેવટે યોગીએ ગરુડને નસાડી મૂક્યું. આ નૃત્ય પોલૅાક તથા રિંધીની પોતાની જ વિશિષ્ટ કલાકૃતિ હતી.

હવે બધાં બપોરના ભોજનની તૈયારીમાં પડ્યાં તેનો લાભ લઇને મેં લે-મેયૂર પાસેથી બાલીની બીજી નર્તન-શૈલીઓ તથા નૃત્ય-નાટિકાઓ વિષે થોડી વિગત મેળવી. આગળઉપર ઉત્તર બાલીમાં સિંહરાજા ગામે 'જોગેદ' નૃત્ય મેં જોએલું તેનો ઉલ્લેખ પણ અહીં જ કરી લઉં. જોગેદ અત્યન્ત શૃંગાર-રસથી ભરેલું નૃત્ય છે અને મોડી રાતે તે ભજવાય છે. જોગેદની નૃત્યાંગના એક કૂંડાળામાં નર્તન કરે છે અને ગામના યુવાનો તેની આસપાસ એકઠા થયા હોય છે. નૃત્યાંગના એક મોહક નૃત્ય કરી બતાવીને એકઠા મળેલા યુવાનોમાંથી કોઈ એકને આંખના ઇશારા વડે અથવા તો તેને હળવી ટપલી મારીને સહ-નૃત્ય માટે આમંત્રે છે. થોડી જ મિનિટો માટે ચાલતા આ સહ-નૃત્ય દરમ્યાન આ યુવક તે તરુણી પ્રત્યેના પોતાના પ્રેમનો નિર્દેશ કરતો અભિનય કરે છે, જ્યારે તરુણી તેને નકારી કાઢતો અભિનય કરે છે. થોડી પળો આમ નર્તન ચાલ્યા પછી તે 'અસ્વીકૃત' યુવાન કૂંડાળા બહાર પાછો ફરે છે અને પેલી તરુણી નર્તન કરતાંકરતાં વળી બીજા કોઈ યુવકને ટપલી મારી આવે છે અને ફરીથી અગાઉ જેવું 'સહ-નૃત્ય' ચાલે છે. કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે જોગેદ-નૃત્ય દરમ્યાન યુવાન પ્રેક્ષક-વર્ગ આ સહનર્તનને ઘણા આવેશ તથા આતુરતાથી નિહાળે છે અને તેમાં ભાગ લે છે.

ટોપેંગ-નાટિકા

બાલીમાં વળી 'ટોપેંગ' પ્રકારની પણ એક નાટિકા ભજવાય છે. સામાન્ય રીતે બપોર પછીના ભાગમાં ભજવાતી આ નાટિકાના કથાનકમાં મુખ્યત્વે ઐતિહાસિક પ્રસંગો હોય છે. તેની વિશેષતા એ છે કે તેમાં બે કે ત્રણ જ અદાકારો ભાગ લે છે. 'પાજેગન' નામના ટોપેંગના એક ઉપ-પ્રકારમાં તો કેવળ એક જ અભિનેતા આખી નાટિકા ભજવી બતાવે છે. આ અદાકારો વિવિધ પાત્રો રજૂ કરવા માટે તેમને અનુરૂપ મોરાં (masks) પહેરે છે અને સામાન્યરીતે તેઓ મોટી વયના પુરુષો હોવા છતાં વિવિધ પાત્રાલેખન તેઓ અત્યંત સરળતાથી હૂબહૂ ભજવી બતાવે છે. આમ એક જ અભિનેતા ઘડીમાં કોઈ મહારાજાના રૂઆબથી રાજ્યસભામાં પ્રવેશતો હોય તેમ ધીમી ચાલે આવતો દેખાય છે, તો ઘડીમાં તે જ અભિનેતા મોરું બદલીને કોઈ તરુણ રાજકુમારની અધીરી ચાલે પોતાની પ્રેયસીને મળવા જતો જણાય છે; તો વળી બે પળમાં ફરીથી કોઈ વિદૂષકનું મોરું પહેરીને પ્રેક્ષકોનાં પેટ પકડાવે છે.

ટોપેંગની સૌથી વિસ્મયકારક વિશિષ્ટતા તેનું 'પેંગજોકન' પાત્ર છે. નાટિકાના અંતભાગમાં અભિનેતા, મોં ફાડીને હસતા, કાંઈક કદરૂપા,



ગયા અંકમાં જેનો ઉલ્લેખ આવ્યો તે બાલીના સંગ્રામનૃત્ય 'બારીસ'-ના નૃત્યાભિનયોનાં રેખાંકનો. (આ તથા સાથેનાં અન્ય રેખાંકનો શ્રી કોવારૂ બીઆના ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત)

કાંઈક બિહામણા લાગતા એક ડાસાનું મોરું પહેરીને પડદાની બહાર આવે છે. એક હાથમાં તેણે દોરી વડે બાંધેલા બાલીના નાના સિક્કાઓ–કેપૅંગ–પકડયા હોય છે અને પ્રેક્ષકોની આગલી હરોળમાં બેઠેલાં બાળકોને આપવા તે આગળ વધે છે; પરંતુ આ ટોપૅંગ નાટિકાથી પરિચિત બાળકો તો તે પહેલાં જ પલાયન થઈ ગયાં હોય છે, એટલે આ 'પેંગજ્રોકન' તેમની પાછળ દોડીને એકાદ બાળકને રંગભૂમિ ઉપર પકડી આણે છે અને તેના ધ્રૂજતા હાથમાં આ કેપૅંગ સિક્કાઓ મૂકે છે.

શ્રી લે-મેયૂરને ત્યાં બપોરનું ભોજન પતાવીને તરત જ ઈડા બાગુસ સંતોષ સાથે હું શ્રીમતી ની-કેતુત રેનૅંગને ઘેર આવ્યો. શ્રીમતી પોલૅાકની જેમ ની-કેતુત પણ બાલીનાં એક વિખ્યાત નૃત્યાંગના છે અને ઘણી શિષ્યાઓને તેઓ વિવિધ નૃત્ય-શૈલીઓ શીખવે છે. સંતોષની સહાયથી ની-કેતુત સાથે પણ જાવા-બાલી તથા ભારતની નર્તન-શૈલીઓ વિષે લાંબો વાર્તાલાપ ચાલ્યો અને તે ભલાં સન્નારી મારી વિનતિ તથા શ્રીમતી પોલૅાકની ભલામણને વશ થઇને અમારે માટે લેગૅાગ તેમજ ઝાંગેર નૃત્ય કરવા કબૂલ થયાં. પોતાની ત્રણ પ્રધાન શિષ્યાઓને પણ તેમણે બોલાવી મંગાવી અને તેઓ બધાં નૃત્ય માટેની વેશભૂષા સજવા લાગ્યાં. શિષ્યાઓ ઝાંગેર નૃત્ય માટે તૈયાર થઈ રહી હતી તે દરમ્યાન ની-કેતુતે મને ઝાંગેર નર્તન-શૈલી સમજાવી.

ઝાંગેર નૃત્ય

બાલીની બીજી ઘણી નર્તન-શૈલીઓની જેમ ઝાંગેર નૃત્ય પણ એક આધુનિક નર્તન-શૈલી છે. છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી જ તે અસ્તિત્વમાં આવી છે. તેનાં ગીતોને અંતે 'ઝાંગે–ઝાંગે–ઝાંગેરેરે' આવતું હોવાથી તેનું નામ 'ઝાંગેર' પડયું છે. બાલીમાં ઝાંગેરનો અર્થ 'ગણગણાટ'.

ઝાંગેર બે પ્રકારે ભજવવામાં આવે છે. એક પ્રકાર તો કશા યે આડંબર વિના લોકપ્રિય રીતે ભજવાય છે, જ્યારે બીજો પ્રકાર કાંઈક ઔપચારિક છતાં વધુ શિષ્ટ લાગે છે. દક્ષિણ બાલીના કિશોર તેમજ તરુણ ગામલોકો પોતાના ઉલ્લાસ અર્થે જે લોકપ્રિય રીતે ઝાંગેર નૃત્ય કરે છે તે સૌથી અશાસ્ત્રીય દેખાય છે અને તેને તો અમેરિકન 'જાઝ' તથા અમુક દૃષ્ટિએ 'રૅાક–ઍન્ડ–રોલ' સાથે સરખાવી શકાય. તે માટે યુવાનો તો કોઈ વેશભૂષા પણ પહેરતા નથી : તેઓ ફૂટબૉલની રમત માટેના ટૂંકા પાટલૂનમાં, ટૂંકી બાંયના ખમીસમાં, ઢીંચણ સુધીનાં મોજાંમાં ગમે તેવા જોડા પહેરીને ઝાંગેર નૃત્ય કરે છે. ફક્ત તેમના ખમીસ ઉપર તેમણે કાળી મલમલનાં ગોળ પડ નાંખ્યાં હોય છે, જેમાં કીનખાબ તેમજ ચમકતા સંખ્યાબંધ તારક ચોઢયા હોય છે. મોં પર તેઓ મોટી બનાવટી મૂછો પહેરે છે અને માથામાં ફૂલો પણ ખોસે છે. યુવતીઓ પણ ઝાંગેરની 'શાસ્ત્રીય' કે 'પ્રણાલિકા' પ્રમાણેની વેશભૂષા નથી પહેરતી. આમ આ લોકપ્રિય ઝાંગેર ઘણી વાર એક ભવાઈ જેવું બને છે. કેટલીક વાર તો અખાડાના કસરતબાજ યુવકોની જેમ એકબીજાના ખભા પર ચડી જઈને એક 'માનવ-મિનારો' પણ રચે છે ! (શિષ્ટ ઝાંગેર નૃત્ય માટે જુઓ આ અંકનું રંગીન મુખ ચિત્ર)

પરંતુ ઉત્તર-બાલીમાં તેમજ વિદેશીયાત્રીઓ માટે દેન-પસારમાં જે 'શિષ્ટ' પ્રકારનું ઝાંગેર-નૃત્ય કરી બતાવવામાં આવે છે, તે જ્યારે પૂરી તૈયારીથી ભજવાય છે ત્યારે તેમાં બાર તરુણ યુવકો તથા બાર તરુણ વયની યુવતીઓ ભાગ લે છે. છ-છની હારમાં યુવકો સામસામા બેસે છે, અને તેવી જ રીતે પડખે છ-છ યુવતીઓની સામસામી હાર બેસીને એક સમચોરસ બનાવે છે. તેમનાં પરિચાલક ગુરુ તેમની વચ્ચે બેસે છે. યુવકોની કેડે વાદળી પટ્ટા અને કાન પર લાલ જાસુદનાં ફૂલ હોય છે. યુવતીઓએ બગલથી નીચે આખે શરીરે વરખ ચોડેલું ભાતીગર કાપડ વીંટયું હોય છે અને ગળા પર કિનખાબનું મોટું ગોળ ચકરડું પહેર્યું હોય છે. એમાં નૃત્યાંગનાના મસ્તકે પહેરેલો ભવ્ય નર્તન-મુકુટ એ આ ઝાંગેર-નૃત્યની સૌથી આકર્ષક તથા નોંધપાત્ર વિશિષ્ટતા છે. બાલીની મુલાકાતે જતા પ્રવાસીઓ જ નહિ પરંતુ બીજા કલાપ્રેમીઓએ પણ બાલીના કાષ્ઠ-શિલ્પના જે નમૂનાઓ જોયા હશે તેમાં ઝાંગેર નૃત્યાંગનાની આ 'મસ્તક-મૂર્તિ' સૌથી લોકપ્રિય તથા પ્રચલિત છે. એક ફૂટથી પણ વધારે ત્રિજ્યાના આ અર્ધ ગોળાકાર નર્તન-મુકુટના પરિધભાગે હલકા વજનના લાકડાનાં સંખ્યાબંધ બનાવટી ફૂલોની એક ઉપર એક એવી પાંચ હરોળ હોય છે. સફેદ, કેસરી તથા પીળાં રંગેલાં આ લાકડાનાં નાનકડાં ફૂલો નર્તન સમયે કંપી ઊઠે છે અને નૃત્યાંગનાના અભિનયને વધુ સચોટ બનાવે છે. બાલીમાં લગ્ન સમયે નવવધૂ પોતાને શિરે કાંઇક આવો જ કેશકલાપ સજે છે અને તે ઉપરથી જ ઝાંગેરના આ નર્તન-મુકુટનો ખયાલ સ્ફૂર્યો હશે એવો પોતાનો અભિપ્રાય શ્રીમતી ની-કેતુતે વ્યક્ત કર્યો. મારે માટે આવા નર્તન-મુકુટવાળું શિષ્ટ ઝાંગેર કરી બતાવવાનું તેમણે ગોઠવ્યું.

ની-કેતુતની ત્રણ શિષ્યાઓ ઝાંગેર માટેની વેશભૂષા તથા પરિ-



બાલીની ટોપૅંગ નાટિકામાં લાક્ષણિક વેશભૂષા તથા મ્હોરાં પહેરીને ભજવાતાં પાત્રો : અનુક્રમે હનુમાન, ભીમ, અર્જુન

ધાન સજીને આવી અને સૌ પ્રથમ તેઓ ઘરના આંગણામાંના ગૃહદેવતાની પૂજાર્થે ચાલી. દરેક યુવતીએ પોતાના હાથમાંની તાસકમાં પૂજાપો તથા ચંપાનાં ફૂલો સુવ્યવસ્થિત ગોઠવ્યાં હતાં. ઘરના પ્રાંગણની વચ્ચે એક સાતેક ફીટ ઊંચા સ્તંભ ઉપર ત્રણેક ફીટ ઊંચાઈની નાનકડી દેરી બનાવી હતી. આમાં ગૃહદેવતાનો વાસ હતો અને ત્યાં સુધી પૂજા માટે હાથ પહોંચી શકે તે માટે સ્તંભની આગળ ચાર-પાંચ પગથિયાં બનાવ્યાં હતાં. દરેક નૃત્યાંગનાએ તે પર ચડીને ફૂલો પધરાવ્યાં અને ગૃહદેવતાની વન્દના કરી.

પછી અમે દેન-પસારના મ્યૂઝિયમ પર આવ્યાં. મ્યૂઝિયમનું વિશાળ પ્રાંગણ નૃત્ય માટે ઘણું અનુકૂળ હતું અને તેની દીવાલ પરનાં ઉત્કૃષ્ટ શિલ્પો સુંદર પશ્ચાદ્‌ભૂમિ સર્જતાં હતાં. આરંભમાં તો ની-કેતુતે લેગૉંગ-નૃત્ય કરી બતાવ્યું. લેગૉંગ માટેની તેમની નૃત્ય-નિપુણતા શ્રીમતી પોલૉક કરતાં જરાયે ઊતરતી ન લાગી. તે પછી તેમની ત્રણ શિષ્યાઓએ ઝાંગેર-નૃત્ય ભજવી બતાવ્યું. (જુઓ પૂર્ણરંગી મુખચિત્ર)

બાલીમાં નૃત્યના બીજા પણ અનેક પ્રકારો છે. તેમાં 'રેજંગ', 'સંધ્યાંગ', 'બારોંગ', 'ગમ્બૂહ', 'ચૂપક', 'ચાલોનારંગ' તથા 'બાસૂર' મુખ્ય છે. સ્થળસંકોચને કારણે આપણે વિગતથી અહીં તેની ચર્ચા નહિ કરીએ, પરંતુ બાલીના એક વિશિષ્ટ તથા ઘણા જાણીતા નૃત્ય 'કેચક' પર આપણે ઊડતી નજર નાખીએ. લે-મેયૂરને ત્યાં મળેલા જર્મન મીસ્મર-દંપતીએ બોના ગામે આ 'કેચક-નૃત્ય' ગોઠવી આપ્યું. એમાં સો થી દોઢસો જેટલા લોકો ભાગ લે છે તેથી તેને એક સમૂહનૃત્ય કહી શકાય. તેના નૃત્યકારો ગીતની પંક્તિ ગાતી વેળાએ 'ચક-આ-ચક' શબ્દો વારંવાર બોલતા હોવાથી તેનું નામ કેચક પડ્યું છે. તેમાં સામાન્યરીતે રામાયણના પ્રસંગો ભજવાતા હોવાથી તેમાં ભાગ લેનારા આ સંખ્યાબંધ લોકો ઘણી વાર વાનરસેનાનો પાઠ ભજવે છે. હિંદુ ધર્મશાસ્ત્રોથી અજ્ઞાત તથા તેમનો ભાવાર્થ ન સમજી શકનાર આછકલા અમેરિકન પ્રવાસીઓ તેથી તેને 'વાનર-નૃત્ય' તરીકે ઓળખે છે!

આ સો-દોઢસો નર્તકો એકએકની અંદર પાંચ કે છ કૂંડાળાં બનાવીને ગીચોગીચ બેસે છે. કોકવાર તેઓમાંથી એકાદ જણનો ધીમો સૂર નીકળતો સંભળાય છે તો વળી કોકવાર તેઓ બધા સમૂહમાં ગાય છે. ઘડીમાં તેઓ ઉત્તેજિત બનીને એકાગ્ર ચિત્તે ટટ્ટાર બેઠા હોય છે, તો વળી ઘડીમાં તેમનાં શરીર ઢીલાં મૂકીને ધીમેથી સમૂહમાં ડાબા-જમણી ડોલે છે. કથાનકને અનુરૂપ ઘણી વાર તેઓ બધા બેઠાં બેઠાં જ તેમના હાથ ઊંચા કરીને ધીમેથી હલાવે છે. ગામને પાદર, અંધારી રાતે, એકાદ મશાલના ઝાંખા અજવાળા નીચે આમ બસો-ત્રણસો લાંબા હાથ અને હજાર-દોઢ હજાર આંગળીઓ નાચી ઊઠે છે ત્યારે એક અત્યન્ત ગંભીર તથા પ્રગાઢ વાતાવરણ સરજાય છે. આ વાતાવરણથી તથા કેચકના ગમેલનના ગંભીર સૂરથી કેટલાક નૃત્યકારો મૂર્છા તથા આવેશમાં આવી જઇને નૃત્ય કરે છે અને પોતાની ક્રિસ (કટાર) ખેંચી કાઢીને પોતાની જ છાતીમાં ખોસવા યત્ન કરે છે. આ ભાગને 'ક્રિસ-નૃત્ય' કહે છે. છેવટે તેમના પર મંદિરમાંથી આણેલું પવિત્ર જળ છાંટીને તેમને શુદ્ધિમાં લાવે છે.

આ કેચકસમૂહનૃત્ય તેમજ બાલીનાં બીજાં ઘણાં નૃત્યોનાં કથાનક આપણાં રામાયણ, મહાભારત તથા બીજા પુરાણોના પ્રસંગો અને આખ્યાયિકાઓમાંથી લીધેલાં હોય છે. તેમાં થએલા પાઠભેદ પણ ઘણા રસિક હોય છે, પરંતુ સ્થળસંકોચને કારણે તેમનો વિગતવાર ઉલ્લેખ અહીં કર્યો નથી. જાવાની પેઠે બાલીમાં પણ ચર્માકૃતિઓ વડે છાયાનાટિકા 'વયાંગ-કુલિત'ના ખેલ થાય છે તથા શાસ્ત્રીય નૃત્ય-નાટિકા 'વયાંગ-વૉંગ' પણ ગામેગામ ઘણીવાર ભજવાય છે. આમ બાલીનાં સંગીત, નૃત્ય પ્રણાલિકા તથા નાટ્યપ્રકારો વિષે ખાસ્સી માહિતી મેળવીને હું બાલી-હોટેલ પર પાછો ફર્યો.

(ચાલુ)



બાળકની પાંચ-છ વર્ષની વયથી જ બાલીમાં નૃત્યની તાલીમ શરૂ થાય છે.


નીચે: ની-કેતુતના ઘરના પ્રાંગણમાં ગૃહદેવતા-ની દેરી, જેમાં ફૂલો ચડાવી નૃત્ય આદિ શુભ કાર્યોની હમેશાં શરૂઆત કરવામાં આવે છે.







બાલીમાં ભજવાતી 'ટોપેંગ' નાટિકામાં જુદાંજુદાં પાત્રો માટે આવાં વિવિધ પ્રકાર-નાં મ્હોરાં હોય છે, ને માત્ર બેત્રણ જ અદા-કારો વારાફરતી એ નાનાવિધ મ્હોરાં પહેરી બધા પાઠ ભજવે છે.



બાલીનું એક વિશિષ્ટ અને ઘણું જાણીતું સમૂહનૃત્ય 'કેચક', જેમાં સો-દોઢસો માણસો ભાગ લે છે. તેઓ ગામને પાદરે એકએકની અંદર પાંચ છ કૂંડાળામાં ગીચોગીચ બેસીને શરીર ઢીલાં કરી ડાબાજમણી ડોલે છે અને ઘણીવાર હાથ લાંબા કરી ધીમેથી હલાવે છે. અંધારી રાતે એકાદ મશાલના ઝાંખા અજવાળામાં આથી એક ગંભીર ને પ્રગાઢ વાતાવરણ સર્જાય છે

ટિકિટ સંગ્રહ



ઍર-ઇંડિયા ઈન્ટરનૅશનલે ગઈ ૧૪મી ઑગસ્ટે દિલ્હી-માસ્કોના સીધા પ્રથમ વિમાનવ્યવહારના સ્મરણમાં કાઢેલું ફર્સ્ટ ડે કવર, જેના પર ભારત-રશિયાનાં જાણીતાં સ્થાપત્યોનાં ચિત્રો છે.



સિલોને 'માનવહક્ક દિન'ની ગઈ દશાબ્દી પ્રસંગે ગઈ ૧૦મી ડિસેમ્બરે બહાર પાડેલી ટિકિટ પર UN અક્ષરો પ્રતિલંબાવાએલા માનવ-હાથોના ચોટદાર આલેખનવાળી ટિકિટ.



ગયા વરસની ૧૮મી જુલાઇએ બ્રિટિશ સામ્રાજ્ય અને કૉમનવેલ્થના છઠ્ઠા ક્રીડામહોત્વ નિમિત્તે બહાર પડેલી ટિકિટ પર રાણીની છબિ તથા ઇંગ્લંડની દંતકથામાં જાણીતા ડ્રૅગન સાથેનું અભિનવ ને જોરદાર આલેખન છે.




એવું જ વિશિષ્ટ ને જોરદાર આલેખન જાપાને બાલશ્રેયની ૯મી આંતરરાષ્ટ્રીય પરિષદ પ્રસંગે કાઢેલી ટિકિટ પર છે. (ભૂપેન્દ્ર શાહ)



ગઈ ૧લી જૂનના 'માતૃ-દિન' નિમિત્તે ઑસ્ટ્રિયાએ પ્રકટ કરેલી ટિકિટ. આ અંગે ટિકિટો તથા ઍર ઇંડિયાનું કવર મોકલનાર: હિંમત સી. શાહ.

લ્યૂનિક માનવીની સર્વોચ્ચ વૈજ્ઞાનિક સિદ્ધિ

લેખક
ગિરીશ દેસાઈ




સૂર્યમંડળમાં ફરતો કરેલો પ્રથમ માનવસર્જિત ગ્રહ

ઈ. સ. ૧૯૫૭ દરમ્યાન માનવીએ કૃત્રિમ ઉપગ્રહોની મદદ વડે અવકાશમાં પ્રથમ વાર પગલાં માંડ્યાં; '૫૮ના ઑક્ટોબરમાં અમેરિકાના 'પાયોનિયર (૧)'એ ચંદ્ર ભણી ૭૯,૨૧૨ માઈલ લાંબી ફાળ ભરી; અને '૫૯ની ૭મી જાન્યુઆરીએ રશિયન 'રૉકેટ લ્યૂનિક' એક વિરાટ પગલું ભરીને સૂર્યમંડળનો દસમો–માનવસર્જિત–ગ્રહ બની ગયું! વિજ્ઞાનની આ એક અનોખી સિદ્ધિ છે, કેમકે માનવીએ બનાવેલું એક યંત્ર પ્રથમ વાર જ પૃથ્વીને છોડીને—તેના ગુરુત્વાકર્ષણની ઉપેક્ષા કરીને તેમજ ચંદ્રની એકદમ નજીકથી સરકીને વિરાટ બ્રહ્માંડનો તાગ મેળવવા માટે લાખો માઈલ દૂર પહોંચી શક્યું છે.

૨જી જાન્યુઆરીની રાતે, માગશર વદ સાતમના ચંદ્રે હજી પૂર્વમાં ડોકિયું યે નહોતું કર્યું ત્યારે એક વિરાટકાય અવકાશયાન (space-ship) એ 'લ્યૂનિક'ને ગગનને ગોખે ચડાવવા ચંદ્ર ભણી પ્રયાણ કરી ચૂક્યું હતું. મધરાત થતાં જ મૉસ્કો રેડિયોએ અત્યંત શ્રદ્ધાપૂર્વક જાહેરાત કરી દીધી કે રશિયન રૉકેટ ચંદ્ર ભણી જઈ રહ્યું છે અને આ તેઓનો પ્રથમ પ્રયોગ છે. બ્રોડકાસ્ટ કરવામાં આવેલા સંદેશામાં રૉકેટના પ્રયાણના સ્થળનો તેમજ વજનનો ઉલ્લેખ નહોતો. પરંતુ વૈજ્ઞાનિકો અટકળ કરે છે કે સંભવતઃ અવકાશયાન લેનિનગ્રાદની આસપાસથી ઊડ્યું હતું અને તેનું વજન ૨૫૦ ટન હતું. વિવિધ તબક્કાવાળા (multi-stage) એ મહાકાય રૉકેટને પૃથ્વીના ગુરુત્વાકર્ષણની પકડમાંથી છોડાવીને અવકાશમાં મોકલી આપનાર તેનાં એન્જિનના બળની કલ્પના કરવી પણ મુશ્કેલ છે, કેમકે જેમ રૉકેટનું વજન વધારે તેમ ગુરુત્વાકર્ષણની પકડ પણ વધુ મજબૂત.

કૃષ્ણપક્ષની અધવચના એ દિવસોમાં રૉકેટ જ્યારે ચંદ્ર ભણી જવા રવાના થયું ત્યારે ચંદ્ર પૃથ્વીથી ૨,૩૦,૦૦૦ માઈલ દૂર હતો [પાયોનિયર(૧) વખતે—૧૧ ઑક્ટોબરના રોજ—૨,૨૧,૯૦૦ માઈલ દૂર હતો] અને અવકાશમાં સેકંડના ૧૮·૯ માઈલની ઝડપે ધસી જતી પૃથ્વીની, સૂર્યની આસપાસની ભ્રમણકક્ષાને તે કાપવાનો હતો. તેથી રૉકેટનો ગતિમાર્ગ (trajectory) પૃથ્વીની સૂર્યની આસપાસની ભ્રમણકક્ષા સાથે સુસંગત થઈ ગયો અને સેકંડના ૭ માઇલ (અગર ૧૧·૨ કિલોમિટર)[1]ની તેની ઝડપ સાથે પૃથ્વીની એક સેકંડની ૧૮·૯ માઇલની ઝડપ ભળી. આ ઉપરાંત, ચંદ્ર ઊગ્યા પહેલાં રૉકેટને પૂર્વ દિશામાં છોડવામાં આવ્યું હતું, તેથી પોતાની ધરી પર ફરવાની પૃથ્વીની ઝડપે પણ તેને વધુ ઝડપ આપવામાં મદદ કરી.



આમ, અનુકૂળ ઝડપ પ્રાપ્ત કર્યા બાદ એ વિરાટકાય રૂસી રૉકેટ પૂર્વ તરફ આગળ વધ્યું અને ૪,૬૦૦ માઇલ લાંબો પંથ કાપીને હવાઈ-ટાપુઓ ઉપરથી અવકાશમાં ચંદ્ર તરફ પ્રયાણ કરી ગયું (આકૃતિ ૧).


૩જી જાન્યુઆરીએ, મૉસ્કો રેડિયોએ પ્રસારિત કરેલા સંદેશા મુજબ અવકાશયાન અવકાશમાં ૧,૪૧,૮૭૫ માઈલનો પંથ કાપી ચૂક્યું હતું (એટલે કે પાયોનિયરે સ્થાપેલો ૭૯,૨૧૨ માઇલનો વિક્રમ તેણે ખંડિત કર્યો હતો). આ સમય દરમ્યાન તેના વિવિધ તબક્કાઓએ પોતપોતાનું કાર્ય સફળતાપૂર્વક બજાવ્યું હતું. રેડિયો-સંદેશ વધુમાં જણાવતો હતો કે તા. ૪થીએ સવારના ૯·૩૦ વાગ્યે (ભારતીય સમયે) 'લ્યૂનિક' ચંદ્રથી ફક્ત ૩૭૫૦–૫૦૦૦ માઈલને અંતરેથી પસાર થશે ને બીજા બે કે ત્રણ દિવસ બાદ સૂર્યમંડળનો પ્રથમ માનવસર્જિત ગ્રહ બની જશે. આ બ્રોડકાસ્ટને આધારે કહી શકીએ કે રૂસી વૈજ્ઞાનિકોએ 'લ્યૂનિક'ના માર્ગની અચૂક ગણતરી કરી રાખી હતી.

બીજે દિવસે સવારે, એટલેકે ૪થી જાન્યુઆરીએ મૉસ્કો રેડિયોએ જાહેર કર્યું હતું તે પ્રમાણે 'લ્યૂનિક' ચંદ્રની ફક્ત ૪,૬૦૦ માઇલ પશ્ચિમેથી પસાર થઇને સૂર્ય ભણી આગળ વધી ગયું. ચંદ્રની આટલી નજીકથી પસાર થનાર તે સૌથી પ્રથમ રૉકેટ હતું. આ વખતે તેની ઝડપ કલાકના ૫,૪૫૦ માઈલની હતી. તેની એ વધુપડતી ઝડપને કારણે ચંદ્રનું આછકલું ગુરુત્વાકર્ષણ[2] તેને ખેંચી લઇને પોતાનો ઉપગ્રહ બનાવી લેવાને શક્તિ-

---


૧ સેકંડના ૭ માઈલ(કલાકના ૨૫,૦૦૦ માઈલ)ની ઝડપને Second Astronautical speed અથવા Escape Velocity કહે છે.

૨ ચંદ્રનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણકરતાંલગભગ છઠ્ઠા ભાગનું છે.



માન નહોતું, અને રૂસી વૈજ્ઞાનિકોનો ઉદ્દેશ તેને ચંદ્રનો ઉપગ્રહ બનાવવાનો હતો પણ નહિ; કારણ કે ચંદ્ર અને તેની વચ્ચેનું અંતર એટલું ઓછું હતું કે ચંદ્ર પર ઊતરીને 'લ્યૂનિક' જે માહિતી પૂરી પાડી શકત તે જ પ્રકારની માહિતીઓ તે આટલા અંતર પરથી પણ પૂરી પાડી શકત.

ચંદ્ર સુધીની પોતાની એ લાંબી અવકાશયાત્રા દરમ્યાન 'લ્યૂનિક'-નાં ચાર ટ્રાન્સમીટરો, તેમનાં માથાંમાં મૂકવામાં આવેલાં વૈજ્ઞાનિક સાધનોએ જે માહિતીઓ એકઠી કરી હતી તે સઘળી રૂસી વૈજ્ઞાનિકોને પૂરી પાડી. ચારે ટ્રાન્સમીટરો ૧૯.૯૯૭, ૧૯.૯૯૫, ૧૯.૯૯૩ અને



૧૮૩.૬ મેગાહર્ટ્ઝ[૩] પર 'બિપ...બિપ'-ના રૂપમાં સંદેશાઓ મોકલતાં હતાં. આ માહિતીઓ તેના માથામાં ગોઠવવામાં આવેલું ઇલેક્ટ્રૉનિક મગજ એકઠું કરતું હતું. માહિતીઓમાં મુખ્યત્વે કરીને ગ્રહો વચ્ચેના અવકાશમાં રહેલા વાયુ (inter-planetary gases)નું રાસાયનિક બંધારણ (chemical composition) તથા તેઓની ઘનતા (density), ઉલ્કાકણો વિષેની નોંધ, અને અવકાશમાંના કિરણોત્સર્ગ (cosmic radiation) વગેરેનું પ્રમાણ જાણવા મળ્યાં.

આ ઉપરાંત 'લ્યૂનિક' ચંદ્ર પાસે પહોંચે ત્યારે ચંદ્રનું ચુંબકીય ક્ષેત્ર (magnetic field) અને તેની કિરણોત્સર્ગિતા (redioactivity)નું પ્રમાણ જાણવાનાં સાધનો તેમજ ચંદ્રની ભૂમિના સ્પેક્ટ્રમનું પૃથક્કરણ કરી શકે એવાં સાધનો પણ તેમાં હતાં.

અત્યારે વૈજ્ઞાનિકો એમ માને છે કે અવકાશી પદાર્થો (heavenly bodies)નું ચુંબકીય ક્ષેત્ર તેઓની પોતાની ધરી પર ફરવાની ઝડપ પર આધાર રાખે છે. આ માન્યતા ખરી છે કે ખોટી તેની માહિતી 'લ્યૂનિક' પોતાનાં સાધનો દ્વારા હવે રૂસી વૈજ્ઞાનિકોને આપી દીધી હશે.

કિરણોત્સર્ગિતાના માપ માટે તો સરળ યંત્રો પણ ચાલે. ચન્દ્રની સપાટી પર જો કિરણોત્સર્ગી તત્ત્વો હોય તો, આ તત્ત્વોના કણો અવકાશમાં હજારો માઈલ ઊંચે પ્રસર્યા કરતા હોય અને ફક્ત ૪,૬૦૦ માઈલના અંતરેથી પસાર થનાર લ્યૂનિક તો તેઓની હાજરીને સરળતાથી જાણી લઈ શકે એ સ્વાભાવિક છે. પરંતુ આ કણો અંગેની માહિતીને અંતરીક્ષ-કિરણોની માહિતીથી જુદી પાડવાનું મુશ્કેલ કામ રૂસી વૈજ્ઞાનિકો શી રીતે કરશે એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. સંભવ છે કે તેઓએ એનો ઉકેલ શોધી રાખ્યો હોય.

'લ્યૂનિક'ની સૌથી મહત્ત્વની વિશિષ્ટતા એ હતી કે તેમાં ગોઠવેલાં યંત્રો નિયત સમયે સોડિયમ વાયુ (sodium vapours) બહાર ફેંકીને તેનાં વાદળો રચતાં હતાં. આવું સોડિયમ વાદળ જાન્યુઆરીની ૩જીએ રૉકેટ જ્યારે પૃથ્વીથી ૬૦,૦૦૦ માઈલ દૂર હતું ત્યારે રચાયું હતું. એના પર સૂર્યનો પ્રકાશ પડતાં તે ચળકી ઊઠ્યું હતું અને રૂસી વૈજ્ઞાનિકોએ તેના ફોટો લીધા હતા. આ સોડિયમ વાદળો છોડવાનું પ્રયોજન શું? રૂસી વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે તેના પર સૂર્યપ્રકાશ પડવાથી એક પ્રકારના કૃત્રિમ ધૂમકેતુની રચના થઈ હતી, જેની મદદ વડે રાતના અંધારામાં પણ રૉકેટનો માર્ગ નક્કી કરી શકાતો હતો. વળી, એ વાદળોએ ગુરુત્વાકર્ષણ અને વિશ્વનાં રહસ્યો (cosmology) અંગેની સામાન્ય માન્યતાઓ ચકાસવાની તક પણ આપી હતી.


એ તો સૌ જાણે છે કે અવકાશમાં હાઈડ્રોજન વાયુના કણો વેરાઇને પડેલા છે. કૃત્રિમ ધૂમકેતુની તેજસ્વિતા તથા તેનું કદ પોતાની આસપાસ પથરાએલી કણોની સ્થિતિ પર, એટલેકે તેની ઘનતા (density) તથા દળ (mass) પર આધાર રાખતાં હતાં. આમ, કૃત્રિમ ધૂમકેતુની તસ્વીરો ઉપર્યુક્ત બાબતો પર સારો પ્રકાશ પાડશે. રૂસી વૈજ્ઞાનિકો તો આગળ વધીને કહે છે કે ભવિષ્યમાં આ પ્રકારનાં 'સોડિયમ વાદળો'ને પૃથ્વીની આસપાસની ભ્રમણ-કક્ષામાં ઘૂમતા કરીને રેડિયો તથા ટેલિવિઝનના કાર્યક્રમો લાંબા અંતર સુધી 'રીલે' કરી શકાશે!

૫મી જાન્યુઆરીએ 'લ્યૂનિક' પૃથ્વીથી લગભગ ૩,૭૮,૯૬૦ માઈલ દૂર પહોંચ્યું હતું અને હજી તે પોતાનો પંથ સરળતાથી કાપી રહ્યું હતું. તે જ દિવસે બપોરે ૧૨-૩૦ વાગ્યે (ભારતીય સમયે) તેના તરફથી છેલ્લો રેડિયો-સંદેશ મળ્યો અને ત્યાર પછી તેનાં ચારે ટ્રાન્સમીટરો મૂગાં થઈ ગયાં તથા તેનું 'મગજ' પણ કામ કરતું બંધ થઈ ગયું. પરંતુ તે પહેલાં તેણે અગત્યની અનેક માહિતીઓ પૃથ્વી પર મોકલી આપી હતી. રૉકેટ સાથેનો રેડિયો-સંદેશવ્યવહાર આટલો જલદી બંધ થઇ ગયો તેથી જગતના વૈજ્ઞાનિકો એવી અટકળ કરે છે કે આ અવકાશયાન સૌર બૅટરી નહિ પરંતુ રાસાયનિક બૅટરીઓ વાપરતું હશે, જેની શક્તિ ખલાસ થઈ જતાં સંદેશ-વ્યવહાર બંધ પડી ગયો.

ચંદ્રને ટોડીને આગળ વધી ગએલા 'લ્યૂનિક'ની ઝડપ પછી એકદમ ઘટી ગઈ હતી. માત્ર સૂર્યના ગુરુત્વાકર્ષણથી ખેંચાઇને જ તે આગળ

૩ મેગાસાયકલના જેવો રેડિયો-સંદેશવ્યવહારનો એક પ્રકારનો એકમ.

પૃથ્વીવાસીઓને બીજા ગ્રહ પર પહોંચવા માટેનું પહેલું પગથિયું ચન્દ્ર



ચન્દ્ર પૃથ્વીનો સૌથી નજીકનો અવકાશી પદાર્થ છે. તેને વિષે વૈજ્ઞાનિકોએ અત્યાર સુધીમાં અનેક વિગતો એકઠી કરી છે; પરંતુ હજી યે તે રહસ્યમય રહ્યો છે. પૃથ્વીથી ફક્ત ૨,૩૮,૮૫૭ માઈલને અંતરે આવેલો ચંદ્ર આજના વૈજ્ઞાનિકો માટે એક અનેરું આકર્ષણ બની ગયો છે. હરરોજ તેને લગતાં અનેક સંશોધનો થાય છે. દૂરબીનોમાંથી તેની સામે સતત આંખ માંડી રાખવામાં આવે છે. ૨૦૦ઈંચનો વ્યાસ ધરાવતા ટેલિસ્કોપમાંથી જોતાં તે ફક્ત ૫૦માઈલને અંતરે ઊભો હોય એવું દેખાય છે. તે ખૂબ મોટો લાગે છે, પરંતુ વાસ્તવમાં એમ નથી. તેનો દેખાવ છેતરામણો છે. પૃથ્વી કરતાં તેનું કદ ૧/૪૯ જેટલું છે. તેની ઘનતા પૃથ્વીના ૩/૫ જેટલી છે અને પદાર્થ-જથ્થો ૧/૮ જેટલો છે.

૨૧૬૦ માઈલનો વ્યાસ ધરાવતો ચંદ્ર અવકાશમાં કલાકના ૨,૨૮૭ માઈલની ઝડપે ધસ્યે જાય છે, અને પૃથ્વીની પ્રદક્ષિણા ૨૭ દિવસ ને ૭ કલાકમાં પૂરી કરે છે; જ્યારે પોતાની ધરી પર એક આંટો ફરવા માટે તે ૨૭ દિવસ, ૪૩ મિનિટ અને ૧૧.૫ સેકંડ લે છે. એ બંને સમયના આ સરખાપણાને લીધે આપણે હમેશાં તેની એક જ બાજુ જોઈ શકીએ છીએ.

પૂર્ણિમાનો ચંદ્ર કેટલો પ્રકાશમય અને સુંદર લાગે છે! પરંતુ એ ઈંદ્રજાળ છે. સૂર્યની બરોબરી કરવા માટે તો ૪,૬૫,૦૦૦ પૂર્ણિમાના ચન્દ્ર જોઇએ! અને તેની સુંદરતા? ફક્ત બહારનો દેખાવ છે. ટેલિસ્કોપમાંથી જોતાં તો તે ખૂબ વિચિત્ર લાગે છે.

તેની ધરતી પર શું છે? ૩૦,૦૦૦થી વધુ જ્વાળામુખો. એને અંગ્રેજીમાં craters કહે છે. આ મુખોનો વ્યાસ ૬૦માઈલથી માંડીને ૧૫૦ માઈલ સુધીનો હોય છે. સૌથી ઊંડું મુખ 'ન્યૂટન-મુખ' છે, જેની ઊંડાઇ ૨૩,૮૦૦ ફૂટ જેટલી નોંધવામાં આવી છે. આ મુખોમાંથી ૫-૧૦ માઈલ પહોળી અને ૧૫૦૦૦ માઈલ લાંબી પ્રકાશની સેરો નીકળ્યે જાય છે, જેનું રહસ્ય હજી સુધી અણઉકલ્યું છે. તેના પર મોટામોટા પર્વતો પણ છે, જેની ઊંચાઈ ૩૦,૦૦૦ ફૂટ કરતાં પણ વધુ (એવરેસ્ટ=૨૯,૦૦૨ ફૂટ) છે. પર્વતોની સાથે ખીણો પણ છે,—ખૂબ ઊંડી. આ ઉપરાંત છે મોટા મહાસાગરો; પરંતુ આપણી પૃથ્વી પરના મહાસાગરોની જેમ એમાં પાણી ઉછાળા નથી મારતું. વાસ્તવમાં તો આ મહાસાગરો મોટાં મેદાનો છે. તેઓનું અંગ્રેજી નામ Maria છે. ભૂતકાળમાં વૈજ્ઞાનિકોએ તેમને 'સાગર' તરીકે વર્ણવ્યા હતા. આ મેદાનો ચંદ્રની દશ્યમાન બાજુનો મોટો ભાગ રોકે છે.

ચંદ્રને વાતાવરણ નથી. તેના આછા ગુરુત્વાકર્ષણને લીધે તે તેને છોડીને અવકાશમાં વિલીન થઇ ગયું છે. એને પરિણામે ત્યાં ધોળે દિવસે સૂરજ અને તારા એકીસાથે જોઈ શકાય છે! વળી તેના પરના ઉષ્ણતામાનના ફેરફારો પણ ગજબનાક છે! બપોરે +૨૫° ફેરનહાઈટ અને રાત્રે –૨૫૦° ફેરનહાઈટ!

વૈજ્ઞાનિકો અત્યાર સુધી માનતા હતા કે ચંદ્ર ઠંડો પડી ગયો છે; પરંતુ તાજેતરમાં એક રૂસી વૈજ્ઞાનિકે તેના એક જ્વાળામુખમાં ચમકારો જોયો હતો. અમેરિકી વૈજ્ઞાનિકોએ પણ એ વાતનું સમર્થન કર્યું છે. આમ ચંદ્ર સમસ્યામૂલક છે.

અન્ય ગ્રહો પર પહોંચવા માટે ચંદ્ર ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી નીવડશે, કારણ કે ત્યાંથી છૂટવા માટે ફક્ત સેકંડના ૧.૫ માઇલના વેગની જ જરૂર પડે છે, જ્યારે પૃથ્વી પર સેકંડના ૭ માઈલની. ભવિષ્યમાં તો ચંદ્ર અને પૃથ્વી વચ્ચે નિયમિત અવકાશયાનો પણ મુસાફરી કરતાં હશે. લ્યૂનિકે એ માર્ગનાં દ્વાર ખોલી નાખ્યાં છે.

ગિરીશ દેસાઈ

વધતું હતું, અને આખરે ૭મી જાન્યુઆરીના ઐતિહાસિક દિને તે પૃથ્વી અને મંગળ વચ્ચે ગોઠવાઈ જઇને સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરવા મંડી પડયું (જુઓ આકૃતિ).

સૂર્ય અને લ્યૂનિક વચ્ચેનું એકદમ નજીકનું અંતર (perihelion) ૯,૦૯,૬૯,૦૦૦ માઈલનું રહેશે. ૧૪મી જાન્યુઆરીએ લ્યૂનિક સૂર્યની એકદમ નજીક હતું. આ વખતે તેની ઝડપ સેકંડના વીસ માઇલની હતી. આવતા સપ્ટેમ્બરમાં તે સૂર્યની વધુમાં વધુમાં દૂર હશે. આ અંતર (aphelion) ૧૨,૨૫,૩૪,૦૦૦ માઈલ જેટલું હશે, અને ઝડપ સેકંડના ૧૮ માઈલની હશે. તે સૂર્યની પ્રદક્ષિણા કરવા માટે ૪૫૦ દિવસ લેશે. બન્ને વચ્ચેનું સરેરાશ અંતર લગભગ ૧૦,૭૩,૭૫,૦૦૦ માઇલ જેટલું રહેશે. (પૃથ્વી ને સૂર્ય વચ્ચેનું સરેરાશ અંતર ૯,૩૦,૦૦,૦૦૦ માઈલ જેટલું છે.) આ કારણથી લ્યૂનિક મંગળની માફક અમુક વખતે પૃથ્વીની એકદમ નજીક આવશે ને અમુક વખતે એકદમ દૂર જશે.

લ્યૂનિકનું આયુષ્ય કેટલું? કોઇ અકસ્માત ન નડે તો તે સનાતન કાળ સુધી પોતાના શિરે સોવિયેત સંઘનો રાષ્ટ્રધ્વજ ધારણ કરીને તથા પોતાના પેટમાં 'યુ.એસ.એસ.આર.–૧૯૫૯'ની મુદ્રા સમાવીને નિયમિત રીતે સૂર્યની આસપાસ ચક્કર માર્યા કરશે. તેનાં ૧૨૫ વર્ષ પછી—એટલેકે આપણાં ૧૫૫ વર્ષ બાદ તે પૃથ્વીની એકદમ નજીકથી પસાર થશે. શું આ વખતે પૃથ્વી તેને ખેંચી લેશે? કંઈ કહી ન શકાય; પરંતુ રૂસી વૈજ્ઞાનિકો કહે છે કે તે ભટકાયા વિના પસાર તો થઈ જશે.



પાનાંની રમત

લેખક: સાધુરામ દવે

ગયા અંકનો કોયડો

'કુમાર'ના ૪૨૧મા અંકમાં છપાએલ કોયડાના આજ તારીખ ૫-૨-૫૯ સુધી માત્ર ૪૨ જવાબ મળ્યા છે. તે સિવાય કેટલાય વાચકોએ, તેને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હશે જ. પાનાં રમવામાં પણ બુદ્ધિને પૂરો અવકાશ છે તે ઘણા વાચકો જોઈ શક્યા હશે. આ કોયડો મેં 'એક સુંદર કોયડા' તરીકે રજૂ કરેલો અને મારી માન્યતા હતી કે તેમાં ૧૦-૧૫ સાચા જવાબ પણ કદાચ મળશે, પરંતુ **હજી સુધી એક પણ સાચો જવાબ મળ્યો નથી.** માત્ર શ્રી ચંપકલાલ મહેતા-દિલ્હી અને ભાલચંદ્ર મહેતા-અમદાવાદ, આ બે ભાઈઓના જવાબ સાચા જવાબની વધુમાં વધુ નજદીક છે. તેમાં મારે એટલું જ કહેવું બસ છે કે આ કોયડો એક નવી જ ઢબનો છે અને તે ઉકેલવામાં સારી એવી મહેનત માગી લે છે. કોઈએ નિરાશ થવાની જરૂર નથી કારણ કે ખાસ ઉચ્ચ કોટિનો આ કોયડો છે. ચારેય બાજી ઉઘાડી હોય તેવા કોયડાઓમાં, આ કોયડો પ્રથમ કક્ષાનો છે. આનાથી વધુ બુદ્ધિગમ્ય કોયડા જવલ્લે જ જોવામાં આવશે.

જે વાચકોએ જવાબ મોકલ્યા છે તેમાંના કેટલાક તો પૂર્વ પશ્ચિમનાં પાનાં પોતાના (એટલે કે ઉત્તર દક્ષિણના) લાભમાં જ રમે છે. મેં વારંવાર જણાવ્યું છે કે બચાવ ખૂબ જ મજબૂત અને ફાંકડો છે. પૂર્વ-પશ્ચિમવાળા પણ હોશિયાર રમનારાઓ છે. તેઓ હમેશાં પોતાના લાભમાં જ, એટલે કે ઉત્તર દક્ષિણના હાથ નહિ થવા દેવાની જ રમત રમશે. એ પણ યાદ રાખો કે તેઓ પણ બધાં પાનાં જોઈ જ શકે છે. એટલે **કે પૂર્વ-પશ્ચિમવાળા ગમે તે પાનું, તેમને મનફાવતું રમે તો પણ ઉત્તર-દક્ષિણે તેરે તેર હાથ કરી લેવાના છે.**


બીજું ઘણા વાચકોએ ચોકડીના A Qના બે હાથ કરી લીધા બાદ ઉત્તરમાંથી સર રમી લઈ, ફરી દક્ષિણમાં આવી બાકીના સર રમવા માંડયા છે;અને આ રીતે પૂર્વ-પશ્ચિમ ઉપર સાણસાની પકડ(squeeze) લેવા માંડી છે. બરાબર છે, અને પકડની જરૂર પણ છે—તો જ એ બંને (પૂર્વ-પશ્ચિમ) ચોકડી, લાલ યા કુલ્લીનાં પાનાંમાં શી ફિશ નાખવી તે વિમાસણમાં ચગદાઈ જવાના; પરંતુ તેમ કરતાં, એ વાચકોએ ઉત્તરમાંથી લાલની દૂરી અને સત્તો એમ ફિશ નાખેલી છે. હવે જ્યારે ઉત્તરનો રમનાર, પોતાના હાથમાં લાલનાં બે જ પાન રાખે ત્યારે પૂર્વ પણ ચોક્કસ લાલની જ ફિશ છોડીને, લાલની રાણી સાથે બીજું લાલનું એક જ પાન રાખશે એટલે કે લાલનાં બે જ પાનાં સંઘરશે. પશ્ચિમ લાલનાં ત્રણે ય પાનાં સાચવી રાખશે અને પૂર્વને, પોતાને ઉત્તરના રમનાર પછી, પાનું ઊતરવાનું હોઈ, ઉત્તર જે ભાતની ફિશ (ડિસ્કાર્ડ-discard) છોડશે, તે જ ભાતનું પાનું તે સહેલાઈથી નાખી શકશે. આમ પૂર્વનો ખેલાડી, આ પકડમાંથી છટકી જશે. વાચકોએ પૂર્વનાં પણ ત્રણ લાલનાં પાનાં સાચવી રાખી, ઉત્તરની ચોકડી યા કુલ્લીનો છેલ્લો તેરમો હાથ બતાવ્યો છે. આ ખોટું છે કારણ કે પશ્ચિમ લાલનાં પાનાંને વળગી જ રહેશે અને જ્યારે ઉત્તર લાલની દૂરી અને સત્તો નાખે ત્યારે પૂર્વને લાલની રાણીની, ત્રીજે પાને કિંમત રહેતી જ નથી; એટલે કે પૂર્વ લાલનાં બે જ પાન સંઘરશે.

વાચકોને આ માર્ગદર્શન હવે કોયડો ઉકેલવામાં ઘણું જ ઉપયોગી નીવડશે. આ પ્રશ્નમાં 'સ્કવીઝ' (squeeze) યાને સાણસાની પકડ જ અજમાવવાની છે; પરંતુ કયા વખતે, કયા હાથ પછી, કયાંથી, તે ખૂબ જ અગત્યનું છે. એ અજમાવવાનું મુહૂર્ત (timing) બરાબર થવું જોઇએ! કોયડો ખૂબ જ રસિક છે અને ઉપર બતાવેલ માર્ગદર્શન પછી ઓછામાં ઓછા બે પાંચ ખરા જવાબની આશાએ વાચકોને તે ફરી ઉકેલવા વિનંતી કરીને, અહીં બીજી એક વાર રજૂ કર્યો છે.

કોયડો નીચે મુજબ **ફરી** રજૂ કરું છું.

♠ Q J 10
♥ A J 7 2
♦ A Q 5
♣ A 10 3

♠ 9 8 7
♥ 10 5 4
♦ K J 9
♣ Q 8 6 5



♠ K
♥ Q 8 3
♦ 10 8 7 4 3
♣ J 9 4 2

♠ A 6 5 4 3 2
♥ K 9 6
♦ 6 2
♣ K 7

ઉત્તરદક્ષિણે ભિલ્લુ તરીકે, કાળીના સરમાં તેરે તેર હાથ કરવાના છે. પહેલી ઊતર પશ્ચિમે કાળીના નવ્વાની કરેલી છે. પૂર્વપશ્ચિમવાળા ગમે તેટલો સારો બચાવ કરે એટલે કે તેઓ મનફાવતું પાનું રમે તો પણ ઉત્તરદક્ષિણે પૂરા તેર હાથ કરવાના છે. સરબાજીના નિયમોનું બરાબર પાલન થવું જ જોઇએ એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

સાચા જવાબ મોકલનારને એક સુંદર ચિત્ર ભેટ મોકલાશે અને તેમનાં નામ અને સાચો ઉકેલ પણ આવતા અંકમાં આપવામાં આવશે. જવાબ સ્પષ્ટ લખજો. તે મોકલવાનું સરનામું: Sadhuram Dave, 33 Ritherdon Rd., Vepery, Madras-7.

અવકાશમાં જઈને માહિતી એકઠી કરનાર રૉકેટોનું મહત્ત્વનું અંગ હોય છે તેનું 'મગજ'. હવે લ્યૂનિકને પાયોનિયર સાથે સરખાવીએ.

વજન (રતલમાં)	પાયોનિયર-૧	પાયોનિયર-૩	લ્યૂનિક
૧ મગજનું વજન	૪૦	૧૩	૭૯૬.૫
૨ છેલ્લા તબક્કાના રૉકેટનું	૪૦૦થી વધુ	—	૩૨૪૫

આ આંકડાઓ પરથી રશિયાની સિદ્ધિઓનો ખયાલ આવી શકે છે. આ ઉપરાંત (૧) રશિયાએ જે દિવસે રૉકેટ છોડયું એ દિવસ કરતાં, અમેરિકાએ રૉકેટ છોડયું તે દિવસ વધારે અનુકૂળ હતો. વળી ભૌગોલિક દૃષ્ટિએ અમેરિકામાંના કેપ કેનારવલ ખાતેથી ચંદ્ર પર રૉકેટ છોડવા માટે જે સુગમતા છે તે રશિયાની ભૂમિ પરથી નથી; અને (૨) રશિયન વૈજ્ઞાનિકો લ્યૂનિકને નિયત પંથે દોરવી શકયા, જ્યારે પાયોનિયર-૧ ગણતરીની ભૂલોને પરિણામે પટકાઇ પડયું. આ બન્ને મુદ્દાઓ દર્શાવે છે કે રશિયા પાસે એવા કાબેલ ગણિતશાસ્ત્રીઓ છે કે જેઓ અચૂક ગણતરી કરી શકે છે અને તેના વિજ્ઞાનશાસ્ત્રીઓએ અવકાશમાં રૉકેટને યોગ્ય માર્ગે દોરવાની કોઇ સફળ 'ગાઇડન્સ સિસ્ટમ' શોધી કાઢી છે.

લ્યૂનિકની આ સફળતા અજોડ છે, અને સંભવ છે કે રૂસી વૈજ્ઞાનિકો પોતાની સફળતાથી પ્રેરાઇને એક ડગલું આગળ વધે. આ ડગલું હવે મોટે ભાગે મંગળ યા શુક્ર પ્રત્યેના રૉકેટ-ઉડ્ડયનનું હશે અને એથી યે આગળ વધીને માનવીને અવકાશમાં મોકલવાનું હશે. જોકે હજી અવકાશયાનોને પૃથ્વીના વાતાવરણમાંથી પાછાં લઈ આવવાની તરકીબ શોધાઈ નથી; પરંતુ એ દિવસ હવે બહુ દૂર નહિ હોય.

કલાવાર્તા

ભારતનાં કલામન્દિરો

સંગ્રહાલય-પ્રવૃત્તિનો પ્રારંભ અને વિકાસ

ભારતના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતા વિશાળ અવશેષ ભંડારોથી સમૃદ્ધ જે સંગ્રહાલયો આજે સમગ્ર દેશમાં જોઇએ છીએ તેનો પ્રારંભ મોટે ભાગે તો કલાપ્રિય વ્યક્તિઓ ને ખાનગી સંસ્થાઓના ઉત્સાહને જ આભારી છે.

ભારતમાં સંગ્રહાલય-પ્રવૃત્તિનો મૂળ પ્રારંભ તો ઈ. ૧૭૮૪માં અંગ્રેજ વિદ્વાન સર વિલિયમ્સ જોન્સે સ્થાપેલી 'એશિયાટિક સોસાએટી ઑવ બૅંગાલ'થી થએલો. એ સંસ્થાના સંગ્રહાલયમાં, એક પુરાતત્ત્વને લગતો ને બીજો ભૂસ્તરવિજ્ઞાન–પ્રાણીવિજ્ઞાનને લગતો, એમ બે નાના વિભાગ હતા. તેમાંથી આ સંગ્રહાલય ઝડપભેર વિકસતું ગયું, ને અર્ધી સદી બાદ ૧૮૩૯માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ એના નિભાવ માટે અમુક રકમ મંજૂર કરી. એ પછી ૧૮૪૦માં કલકત્તામાં જ 'ઇકૉનૉમિક જિયોલોજી'ને લગતું સંગ્રહાલય સ્થપાયું.

મદ્રાસમાં પણ સંગ્રહાલયની મૂળ પ્રવૃત્તિ તો ૧૮૧૯ જેટલી વહેલી શરૂ થઇ હતી. ૧૮૪૩માં 'મદ્રાસ લીટરરી સોસાએટી'ની પણ તેવી વિનંતી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મંજૂર રાખી. આ પછી તો બૅંગલોર, બેલારી, કોઈમ્બતુર, સિકંદરાબાદ, ઉટાકામંડ, મૅંગલોર વગેરે અનેક સ્થળોએ સંગ્રહાલયો સ્થપાયાં.

મુંબઈમાં સંગ્રહાલયનો વિચાર ૧૮૪૮માં જન્મ્યો. પછી ૧૮૫૧માં લંડનમાં યોજાએલા મહાન પ્રદર્શન માટે ચીજોનો સમૂહ એકઠો થતાં એ વિચારને વેગ મળ્યો અને ડૉ. બ્યુઈસ્ટના પ્રતાપે ૧૮૫૭માં ત્યાં શરૂમાં તો 'આર્થિક સંગ્રહાલય' સ્થપાયું.

૧૮૬૩માં લખનઉ અને નાગપુરમાં, મ્હૈસૂર રાજ્ય તરફથી ૧૮૬૫માં બૅંગલોરમાં, ૧૮૭૪માં મથુરામાં અને ૧૮૭૫માં રાયપુરમાં સંગ્રહાલયો સ્થપાયાં. ૧૮૮૭માં મહારાણી વિક્ટોરિયાના હીરકોત્સવે સંગ્રહાલય-પ્રવૃત્તિને નવો જ વેગ આપ્યો. મદ્રાસમાં 'વિક્ટૉરિયા ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ' સ્થપાયું, જયપુર, ઉદેપુર, રાજકોટ તથા બેઝવાડા ખાતે સંગ્રહાલયો નીકળ્યાં અને કલકત્તા ખાતે વિખ્યાત 'વિક્ટોરિયા મેમોરિયલ હૉલ' રચાયો.

પરંતુ આ બધી તો પાયાની શરૂઆતો હતી. ખરેખરી સંગ્રહાલય-પ્રવૃત્તિ ફાલીફૂલી તો લૉર્ડ




જગત-જાણીતાં કલા-આલેખન: 'સોનાનાવડી'·ચિત્રકાર બૉરિસ આર્ટ્ઝીબાશેફ

કર્ઝનના કાળમાં. એ કલારસિક વાઈસરૉયના પ્રયાસોને પરિણામે બંગાળમાં માલ્ડા ખાતે, બ્રહ્મદેશમાં પગાન ખાતે, મુંબાઈ રાજ્યમાં બિજાપુર ખાતે, આગ્રાના તાજમહાલમાં, તેમજ ધાર અને પેશાવર ખાતે સંગ્રહાલયો રચાયાં. એમની પછી સર જૉન માર્શલના ઉત્સાહથી તો અનેક સંગ્રહાલયો અસ્તિત્વમાં આવ્યાં: અજમેર, બારીપાડા, ચંબા, જોધપુર, ખજુરાહો, ગ્વાલિયર અને ઢાકાનાં સંગ્રહાલયો તેમજ સારનાથ, નાલંદા અને તક્ષશિલાના શિલ્પ-સ્થાપત્યના અવશેષભંડારો બધા સર માર્શલના ઉત્સાહનું જ પરિણામ છે.

મુંબાઈના 'પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ'-ની શરૂઆત તો ઈ. ૧૯૦૪થી વિચારાઈ હતી, પણ એનું મકાન દસ વર્ષ બાદ સરકારી સહાય તથા કરીમભાઈ ઈબ્રાહીમ જેવાની ઉદાર સખાવતોથી ૧૯૧૪માં થઈ શક્યું.

કેટલાંક દેશી રાજ્યોએ પણ આ પ્રવૃત્તિને પગલે પોતાનાં જુદાંજુદાં ખાતાંઓ દ્વારા સંગ્રહ કરીને સંગ્રહાલયો રચ્યાં, અને આમ વડોદરા, હૈદરાબાદ, ઈન્દોર, જામનગર, હિંમતનગર, કોલ્હાપુર, રેવા વગેરે સ્થળોએ સંગ્રહાલયો બન્યાં. એ ઉપરાંત ખાનગી સંસ્થાઓનો ફાળો પણ આ દિશામાં નાનોસૂનો નથી. દા. ત. પૂનાનું સંગ્રહાલય એ 'ભારત ઇતિહાસ-સંશોધક મંડળ'નું સર્જન છે. આજના ગૌહત્તીના પ્રાન્તિક સંગ્રહાલયનાં બીજ 'કામરૂપ અનુસાધન સમિતિ'એ નાખ્યાં હતાં. એ જ રીતે ભુવનેશ્વરના 'ઓરિસ્સા મ્યૂઝિયમ'ની મૂળ શરૂઆત ત્યાંની રૅવનશૉ કૉલેજના ઇતિહાસમંડળના નાના સરખા સંગ્રહમાંથી થઇ હતી. બનારસમાં રાયકૃષ્ણદાસના પ્રયાસથી જ આજના 'ભારત કલા ભવન'ની શરૂઆત થઈ હતી, અને અલ્લાહાબાદનું મ્યુ-




ભાઈ પીરાજી સાગરાએ ગયે ઉનાળે વનસ્થલી વિદ્યાપીઠમાં ભિત્તિચિત્રોની તાલીમ લેતાં દરમ્યાન અવકાશના સમયમાં કરેલા ત્યાંના ગ્રામજીવનના સ્કેચ અમે ગયા અંકમાં, આપેલા તે સાથે ત્યાંની ગ્રામલોકકલા 'માંડણાં'ના એમણે કરેલા સંગ્રહનો ઉલ્લેખ કર્યો હતો. અહીં બે પાનાંઓ ઉપર તથા આ અંકના પાછલા પૂઠામાં આપેલાં સંખ્યાબંધ આલેખનોમાં પણ હજી એમનો આખો સંગ્રહ સમાઇ જતો નથી, એ પરથી એની વિપુલતા તથા વિવિધતાનો ખયાલ આવશે. એમાં સાથિયા, લક્ષ્મીનાં પગલાં, મોર, તોરણ અને આગગાડી સુધીની જે નાનાવિધ આકૃતિલીલા વિસ્તરેલી હોય છે તેનો વિગતે પરિચય શ્રી પ્રદ્યુમ્ન તન્નાનાં આલેખનો સાથે ૩૮૩મા અંકમાં આવી ગયો છે.

નિસિપલ મ્યૂઝિયમ રાય બહાદુર વ્યાસના સંગ્રહમાંથી ઉદ્ભવ્યું હતું. મદનપલ્લીમાંનું થીઑસૉફિક મ્યૂઝિયમ ડૉ. જેમ્સ કઝિન્સના અને મુંબાઈ સેન્ટ ઝેવીઅર્સ કૉલેજનું 'ઇન્ડિયન હિસ્ટૉરિકલ મ્યૂઝિયમ' પણ રેવ. હૅરાસના અંગત સંગ્રહોના જ પરિણામ રૂપ છે.

આજે દેશમાં ભાગ્યે જ એવી કોઈ મહત્ત્વની કૉલેજ હશે, જેને પોતાનું અલગ ને નાનું શું સંગ્રહાલય નહિ હોય. કેટલીક કૉલેજોમાં ઈજનેરી અને તબીબી વિજ્ઞાન વિષેનાં સંગ્રહાલયો છે. દહેરાદૂનની 'જંગલ-સંશોધન-સંસ્થા અને કૉલેજ'ના સંગ્રહાલયની ઈમારત તો સમગ્ર એશિયામાં બિનમૂન છે.

દેશમાં ઔદ્યોગિક સંગ્રહાલયો પણ છે. પૂનાનું 'લૉર્ડ રે મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ મ્યૂઝિયમ' છેક ૧૮૮૮ જેટલું જૂનું છે. શ્રી ગૌતમ સારાભાઇએ ૧૯૪૯માં અમદાવાદમાં સ્થાપેલું કાપડ-ઉદ્યોગ વિષેનું સંગ્રહાલય 'કૅ-



લિકો મ્યૂઝિયમ' પણ એના ક્ષેત્રમાં અજોડ છે.

મધ્યસ્થ સરકારનું પુરાતત્ત્વ ખાતું પ્રાચીન સ્થળોનાં ખોદકામમાંથી મળેલા અવશેષો દેશભરનાં સંગ્રહાલયોને વહેંચી આપે છે, અને તેથી જ દેશનાં ઘણાખરાં સંગ્રહાલયોમાં મોહન–જો–દેરો સંસ્કૃતિના અવશેષો જોવા મળે છે. એજ રીતે પટણા મ્યૂઝિયમનો સંગ્રહ બસારહ, પાટલીપુત્ર અને કુર્કિહારનાં ધાતુશિલ્પો વડે તથા લખનૌ મ્યૂઝિયમનો સંગ્રહ ભીય; સહેથ-મહેથ, સંકીશ વગેરેના અવશેષોથી સમૃદ્ધ છે.

તદનુસાર કેટલાંક મહામંદિરોના સંગ્રહમાંથી પણ—ખાસ કરીને દક્ષિણ ભારતમાં–નાંનાં નાનાં સંગ્રહાલયો ઉદ્ભવ્યાં છે. તાંજોરના બૃહદેશ્વર મંદિરમાંનું રાજરાજા મ્યૂઝિયમ, શ્રીરંગમ મંદિરનું મ્યુઝિયમ તથા મદુરાના મીનાક્ષી-સુન્દરમ્ મંદિરનો સંગ્રહ તેમાંનાં શિલ્પો, ધાતુમૂર્તિઓ ને હાથીદાંતકારીગરી માટે પ્રખ્યાત છે.

દેશભરમાં મોટે ભાગે તો સંગ્રહાલયોની શરૂઆત ભૂસ્તરશાસ્ત્ર કે પ્રાણીશાસ્ત્રના નમૂનાઓના સંગ્રહથી જ થઈ હતી. પણ લૉર્ડ કૅનિંગે ઉત્તર ભારતમાં પુરાતત્ત્વ વિષયક મોજણી શરૂ કરાવીને જનરલ કનિંગહામને એ કાર્યના વડા નીમ્યા ત્યારથી પ્રાચીન શિલ્પો તથા પુરાવશેષોના સંગ્રહોની અગત્ય પણ સમજાઈ; અને પછી રફતે રફતે તેમાં પ્રગતિ થઇ ને ૧૯૪૫માં તો સર મૉર્ટિમર વ્હીલરના પ્રચારથી સરકારમાં એક આખું 'સંગ્રહાલય ખાતું' જ શરૂ થયું.

સ્વરાજ્ય-સ્થાપના પછી ઈ.૧૯૪૯માં દિલ્હીમાં સ્થપાએલા નવા 'રાષ્ટ્રીય સંગ્રહાલયે' તો વિશાળ દિશાઓ ખોલી નાખી છે. એમાં મુઘલ ને રાજસ્થાની શૈલીનાં ચિત્રોનો ઘણો સમૃદ્ધ સંગ્રહ છે, અને હવે પ્રાચીન ભીંતચિત્રોનો વિભાગ શરૂ કરીને તેમાં અજંટાથી માંડી વિજયનગરની મધ્યકાલીન ચિત્રકળા સુધીની શૈલીઓના નમૂનાઓની નકલોનો સંગ્રહ શરૂ થયો છે. એ રીતે નવી દિલ્હીમાં કિંગ્ઝવે પર બંધાતા તેના નવા ભવ્ય મકાનમાં ભારતીય ચિત્રકલાનો સંપૂર્ણ ઇતિહાસ રચી લેવાશે. નવી દિલ્હીની 'નૅશનલ ગૅલેરી ઑાવ મૉાડર્ન આર્ટ'માં અદ્યતન કલાના નમૂનાઓ સંઘરાય છે.

ભારતનાં મોટાં સંગ્રહાલયોમાં જે છેકછેલ્લાં અસ્તિત્વમાં આવ્યાં છે તેમને મકાનો સંબંધમાં પણ વધુ સારી સગવડ મળી શકી છે. અગાઉનાં સંગ્રહાલયો તો અત્યારનાં ધોરણોએ જોતાં જૂનાં અને સગવડ વિનાનાં મકાનોમાં રાખવામાં આવેલાં છે. લખનૌ ખાતેના સંગ્રહાલયનો દાખલો લઇએ તો એ સંગ્રહાલય બે મકાનોમાં વહેંચાએલું છે, એ એની પ્રાદર્શનિક ખામી ગણાય. આની સરખામણીમાં અલ્લાહાબાદના મ્યુનિસિપલ મ્યૂઝિયમ, બનારસ વિદ્યાપીઠમાંના ભારત કલાભવન અને રાયપુર મ્યૂઝિયમનાં હાલનાં નવાં મકાનો તેમનાં જૂનાં અંધારિયાં મકાનોને મુકાબલે વધુ સુયોજિત અને સગવડભર્યાં છે. એ જ પ્રમાણે મથુરાનું સંગ્રહાલય પણ હવે નવા સગવડભર્યા મકાનમાં આવેલું છે. મુંબાઇનું 'પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યુઝિયમ' તો શરૂથી જ સુયોજિત હતું અને તેનું મકાન સારું છે. મદ્રાસનું સંગ્રહાલય પણ વિશાળ જમીનમાં ઊભું કરવામાં આવેલું છે અને એની પુરાતત્ત્વ વિષયક ગૅલેરીઓ ખાસ ઉત્તમ છે. ત્યાં વળી જોડાજોડ એ રાજ્યની મોટી લાયબ્રેરી પણ છે જેથી સંગ્રહાલયવિષયક સંશોધનને વેગ મળવા ઉપરાંત જનતાને પણ ઘણો લાભ મળે છે. વડોદરા ને ત્રાવણકોરનાં દેશીરાજ્યોએ પણ સારાં મકાનોની જોગવાઈ કરી છે.

જ્યારે બીજી બાજુ કલકત્તાનું 'ઇન્ડિયન મ્યૂઝિયમ' આખા ભારતમાં તો શું પણ પૂર્વના દેશોમાં સર્વોત્તમ હોવા છતાં દુર્ભાગ્યે જૂના સાંકડા મકાનમાં આવેલું છે, અને ભાવિ વિસ્તાર માટે તેની આસપાસ ખુલ્લી જગ્યા યે નથી.

સુયોજિત સંગ્રહાલયમાં એક પ્રયોગશાળા પણ હોવી જોઇએ જ્યાં સંગ્રહાલયની વસ્તુઓનું રાસાયનિક પૃથક્કરણ કરી શકાય. એ ઉપરાંત સંશોધન વિષયક તથા કલા વિષયક પ્રકાશનો એ પણ સંગ્રહાલયનું એક આવશ્યક અંગ છે. એ બાબતમાં ડૉ. ગ્રેઈગ્લીએ જે અથાક પરિશ્રમથી શરૂ પા : ત કરી તેને લીધે મદ્રાસ મ્યૂઝિયમ અગ્રેસર છે. ડૉ. હરમાન ગઅટ્ઝના પ્રયત્નથી વડોદરાએ સુંદર બુલેટિન શરૂ કર્યું છે અને મુંબાઇના પ્રિન્સ ઑાવ વૅલ્સ મ્યૂઝિયમ તરફથી પણ એક બુલેટિન બહાર પડે છે. કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમે પણ પોતાના વિવિધ વિભાગોને લગતાં પ્રકાશનો કર્યાં છે. મુંબાઈના પ્રિન્સ ઑાવ વૅલ્સ મ્યૂઝિયમના કલાવિભાગે જો કે કલા વિષયમાં થોડાંક રસપ્રદ પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં છે, પરંતુ દિલ્હીના 'સેન્ટ્રલ એશિયન ઍન્ટિક્વિટીઝ મ્યૂઝિયમ' સિવાય ભાગ્યે જ બીજા કોઈ સંગ્રહાલયે પોતાના કલા વિભાગમાંની સામગ્રી વિષે પ્રકાશનો બહાર પાડચાં હશે. કલકત્તાના 'ઇન્ડિયન મ્યૂઝિયમે' કલાકાર અવનીન્દ્રનાથ ટાગોરની પ્રારંભકાલીન કૃતિઓ વિષે એક રસપ્રદ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે.



શ્રા દેવનાથ મુખરજીની એક કૃતિ



કલાકાર દેવનાથ મુખરજી

કલકત્તામાં દસેક વર્ષથી 'ચિત્રાંશુ' નામે નાનકડું કલાકારમંડળ દર વર્ષે પોતાના સભ્યોની કૃતિઓનાં જે પ્રદર્શન ભરે છે તેમાં આજથી છ-સાત વર્ષ પર આ તરુણ બંગાળી કલાકારની કૃતિઓએ સૌ પહેલું ધ્યાન ખેંચ્યું ત્યાં સુધી સ્વપ્રયત્ને કલાશિક્ષણ મેળવી સિદ્ધિ મેળવવા મથતા દેવનાથ મુખરજીનું નામ જાણીતું ન હતું. બંગાળી શૈલીની ચિત્રણામાં ઘડાઇ ચીની, જાપાની તથા અદ્યતન પશ્ચિમી શૈલીઓના સંપર્કથી તાજગીનો ઓપ પામેલી એમની પીંછીમાંથી નીકળેલી કૃતિઓએ ચીલાચાલુ શાન્તિનિકેતન શૈલી કરતાં નવો જ રંગ બતાવ્યો, ખાસ કરીને નિસર્ગદશ્યોના નિરૂપણમાં કૌશલ દાખવતી એમની કલમે જે વિવિધ પદ્ધતિઓ અજમાવી છે તેનાં ઉદાહરણ આ અંકની પાછલી આર્ટ પ્લેટોની બને બાજુ આપ્યાં છે.

ઈ. ૧૯૩૦માં કલકત્તા બઉ બજારના સંભ્રાંત મુખોપાધ્યાયના પરિવારમાં જન્મેલા શ્રી દેવબાબુની કૃતિઓએ ૧૯૫૨ના 'ચિત્રાંશુ' પ્રદર્શનમાં ધ્યાન ખેંચ્યા બાદ એ જ સાલના મૉાડર્ન રીવ્યૂમાં કલાવિવેચક અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ એમનો પ્રશસ્તિપૂર્ણ પરિચય કરાવ્યો. ૧૯૫૬માં તેઓ અમદાવાદમાં કૅલિકો મિલના કલાકાર તરીકે આવ્યા. આજે તેઓ સ્વતંત્ર કલાકાર ને ગૃહસજાવટકાર તરીકે કામ કરે છે. એમની કૃતિઓ ઈંગ્લંડ, અમેરિકા, કૅનેડા, જર્મની આદિ સ્થળે આદર પામી છે.



પૂર્વોત્તર સીમાપ્રદેશના આદિવાસીઓનાં જીવનને લગતાં શ્રી સ્યાવક્ષ ચાવડાનાં ચિત્રોનું પ્રદર્શન હમણાં મુંબાઇમાં ભરાએલું તેમાંથી.

આમ તો દાંતનો સ્થાનિક—પણ શરીરમાં બીજા અનેક સાર્વત્રિક રોગો જન્માવતો એક મૂગો રોગ

પાયોર્હિયા
અને મોંની દુર્ગંધ

લોકપ્રિય લેખમાળા 'માંદગીનાં મૂળ'નો ૪૮મો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

રોગની આલમમાં પાયોર્હિયાનું નામ મશહૂર છે. પાંત્રીસથી ચાલીસની વયની આસપાસ મોટા ભાગના લોકોને એ દેખા દે છે. ઘણા લોકોને એની જાણ પડતી નથી અગર તો રોગને લીધે મોઢામાંથી આવતી દુર્ગંધની સ્વજન જાણ કરે તો પણ એ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. આ રોગનાં ખાસ ચિહ્નો નથી. દાંતના સડાની માફક શરૂઆતમાં એનાં ખાસ લક્ષણો નથી હોતાં. એનાથી થતાં નુકસાન કે નાશ શાંત અને અદૃશ્ય હોય છે.

રોગનું નામ છે પાયોર્હિયા ઍલ્વીઓલેરિસ (Pyorrhea Alveolaris). પાયોર્હિયા એટલે પરુનું વહેવું; ઍલ્વીઓલેરિસ એટલે દાંતનું હાડકું. દાંતના હાડકામાંથી પરુ વહેવું એનું નામ પાયોર્હિયા. સડાની માફક આ રોગમાં દાંત નથી બગડતા પણ મુખ્યત્વે દાંતની આગળ-પાછળનાં અવાળાં અને પેશીઓનો બગાડો થાય છે. પાયોર્હિયા દાંતના પાયાનો નાશ કરે છે આથી તેનો શાંત અને ધીમો બગાડો ભયપ્રદ છે.

જડબાના હાડકાના પોલાણમાં દાંતનાં મૂળ સજ્જડ ગોઠવાએલાં છે. મજબૂત અને તંદુરસ્ત અવાળાં દાંતને તે સ્થાનમાં જકડી રાખે છે. વળી ખોરાક ચાવતી વખતે આવતા ભારે દબાણ અને બળને પહોંચી વળવાને જોઈતા આધાર માટે જડબાના ખાડામાં ચવડ અને મજબૂત નાના તંતુઓ આવેલા છે, જે દાંતને જડબાની બખોલમાં અને અવાળા સાથે દોરડાંની જેમ જકડી રાખે છે.

પાયોર્હિયામાં પહેલાં અવાળાં અને પછી બખોલમાં આવેલા તંતુઓ બગડે છે. છેવટે બખોલની આંતરત્વચા નાશ પામે છે, હાડકાને નુકસાન પહોંચે છે અને તંદુરસ્ત દાંત પાયામાં ઢીલો પડવાથી પડી જાયછે.

પાયોર્હિયા થવાનું કારણ શું? આનું કોઈ એક કારણ નથી, પણ અવાળાંને દાહ ઉપજાવનાર કોઈ પણ બાબતથી તે થાય છે. દાંતોની અપૂરતી ચોખ્ખાઈ, વાંકાચૂંકા ઊગેલા કે નાજુક હાલતા દાંત, ચાવવાનું ઓછું હોવાથી અવાળાંને મળતી અપૂરતી કસરત, વિટામિન વગરનો અપૂરતો ખોરાક વગેરે કારણોસર પાયોર્હિયા થાય છે.

શરૂમાં અવાળાંને સોજો આવે છે. તે આળાં બને છે. દાતણ કરતી વખતે એમાંથી લોહી પડે છે. અવાળાં આળાં થવાનું એક કારણ તો દાંતની પૂરતી ચોખ્ખાઇ ના રહે તે છે. દાંતનાં પોલાણોમાં ભરાઇ રહેલા ખોરાકના કહોવાટને લીધે જીવાણુઓ ત્યાં સારી સંખ્યામાં વધે છે. તેમનો ચેપ લાગવાથી અવાળાંમાં દાહ થઈ સોજો આવે છે.

બીજું કારણ દાંત ઉપર બાઝતી છારી કે પથરી (Tartar) છે. છારી મુખ્યત્વે થૂંકમાંથી બને છે. થૂંકના કેટલાક ક્ષારો સુકાયા બાદ સખત બની દાંત ઉપર ટાર્ટર રૂપે જમા થાય છે. થૂંકનો ટાર્ટર ચીકાશ-પડતો તૈલી રાખોડિયા રંગનો પદાર્થ છે, જે મોઢામાંથી આઠથી બાર કલાકમાં સાફ ના થાય તો સુકાઈ કાયમી સ્વરૂપે સખત બને છે. પછી તો એને કાઢવા માટે દાંતના દાક્તરને ખાસ હથિયાર વાપરવું પડે છે. વાંકાચૂંકા ઊગેલા કે નાજુક હાલતા દાંત આગળ ખાસ છારી બાઝે છે. તમાકુ અને દારૂનું વ્યસન, ઍસિડવાળા ખોરાક ને પીણાંના વધુપડતા વપરાશને લીધે છારી અવશ્ય બાઝે છે. દાંતના દેખાતા ભાગના છેડે અવાળાં નજીક આ પથરી બાઝે છે. એ બે પ્રકારની થાય છે. પોચી અને સખત. પોચી પથરીનો રંગ પીળાશપડતો હોય છે જ્યારે સખત પથરી કથ્થાઈ રંગથી માંડી લીલા કે કાળા રંગની હોય છે.

દાંત ઉપર બાઝેલી પથરી આગળ વધતી જઈ અવાળાંની અંદર પેસે છે. આમ થતાં અવાળાંમાં સોજો આવે છે. આ સ્થિતિને જિંજિવાઇટીસ (Gingivitis) કહેવામાં આવે છે. આ વખતે અવાળાં પોચાં અને વાદળી જેવાં બને છે. આંગળીનું ટેરવું અડાડતાંવેંત એમાંથી લોહી ટપકવા માંડે છે. જો આ વખતે કશા ઉપચાર કરવામાં ન આવે તો અવાળાંનો સોજો આગળ વધતાં ઊંડાણમાં આવેલી પેશીઓનો સોજો આવે છે. પછી પથરીનો ઘસારો જડબાની બખોલ સુધી પહોંચે છે. અહીંના તંતુઓ નબળા પડે છે. એમના ઉપર ખોટું દબાણ આવી પડે છે. આથી તે ઢીલા પડે છે. આમ થવાથી દાંતની આસપાસ પોલી જગ્યા થાય છે. બીજી રીતે કહીએ તો અવાળામાં પોલાણ-થેલીઓ (pockets) ઊભી થાય છે. આ થેલીઓમાં પથરી, સડેલો ખોરાક અને જીવાણુઓ એકઠાં થવાથી ચેપ લાગુ પડે છે ને પરુ થાય છે. એ પરુ એક જ દાંતમાં સ્થાયી રહે છે અગર તો પાસેના દાંતમાં યે એની અસર લાગુ પડે છે. આ દશાનું નામ પાયોર્હિયા. પરુને લીધે મોંની વાસ દુર્ગંધભરી બને છે. મોનો સ્વાદ વિચિત્ર બને છે. બખોલમાં દાંત ઢીલો પડે છે. આગળ વધતાં દાંત આમતેમ હાલતો થાય છે. આવા દાંતની ચાવવાની કે કાપવાની શક્તિ કમી થાય છે.

આ પાયોર્હિયાનો પહેલો પ્રકાર છે. નેવું ટકા રોગીઓને એ લાગુ પડે છે. બીજા પ્રકારના પાયોર્હિયામાં દાંત ઉપર છારી નથી હોતી, અવાળાંમાંથી લોહી નથી ટપકતું, પણ સખત અને મજબૂત જણાતા દાંતમાં એકાએક પોલાણ પડવા માંડે છે. બન્ને દાંત વચ્ચે પોલાણ થાય છે કે એક યા વધારે દાંત નીચા ઊતરી આવે છે. ત્રીસ–ચાલીસ વર્ષની વયે કે પ્રૌઢાવસ્થામાં પ્રાપ્ત થતી આ દશાના કારણરૂપ ખોરાકમાં ક્ષારો અને વિટામિનોની ઊણપ કે અભાવ માનવામાં આવે છે. આહારમાં ઓછું કે બિલકુલ દૂધ નહિ ખાનારા લોકોમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસના ક્ષારો નહિ મળવાથી પણ આ દશા આવી પડે છે.

પરુભર્યા દાંત રાખી મૂકવાથી શરીરમાં 'ચેપનું કેન્દ્ર' (Focus of Infection) સંઘરવા જેવું બને છે. એની અસર નીચે સાંધાઓનો દુખાવો, ગૅસ અને અપચો, અશક્તિ કે ગભરામણ વગેરે ઉપદ્રવો ઉગ્રપણે સતાવવા માંડે છે. જ્યારે આના ઉપચાર માટે જઇએ ત્યારે દાક્તરના કહેવાથી દાંતની સ્થિતિ તરફ આપણું ધ્યાન જાય છે. પછી તો દાંત સાફ કરાવવાથી માંડી તે પડાવવા સુધીની ખટપટમાં આપણે પડીએ છીએ. આમ સ્થાનિક તેમજ શરીરમાં સાર્વત્રિક ઉપદ્રવો ઉપજાવનાર પાયોર્હિયાના નામથી અધુના સૌ પરિચિત છે. આટલું જાણવા જેવું છે કે જ્યારે દાંત કઢાવવામાં આવે છે ત્યારે બીજા ઉપદ્રવોને રોકવા માટે ઘણું મોડું થયું હોય છે. હા, દાંત કઢાવ્યાથી પાયોર્હિયા તો મટી જાય છે. બગડેલા દાંત કઢાવ્યા પછી તો આ રોગ રહેતો નથી.

પાયોર્હિયા મૂગો રોગ છે. એનાં કોઈ ખાસ લક્ષણો કે ચિહ્નો નથી. એની ચેતવણીની નિશાનીરૂપ મોઢાની દુર્ગંધ છે. આ દુર્ગંધ આપણને નહિ પણ બીજાને સતાવનારી છે. મોઢામાં મોઢું ઘાલી વાત કરતાં

કવચિત સામાના મોંની દુર્ગંધ અને બદબોનો ત્રાસ કોણે અનુભવ્યો નહિ હોય? માથું ફેરવી નાંખે એવી મંદ બદબો સહન ન થવાથી આપણને વાત કરનાર પાસેથી નાસી છૂટવાનું મન થાય છે. એની લાગણી નહિ દુખવવા ખાતર આપણે મોંના ભાવ બગડવા દેતા નથી. વાત ટૂંકાવવા આપણે વાતચીતમાં નથી દાખવતા રસ કે નથી બતાવતા ઉત્સાહ; છતાં ય વાત કરનાર તો સમજ્યા વગર વાતનો તંત છોડતો નથી હોતો. એને તો મોં સાથે મોં આણી વાત કરવાની ટેવ પડેલી છે. અરે, મોં દૂર રાખી વાત થતી હોય ત્યારે ય સામા મોંની હવા સીધી આપણા નાકમાં પ્રવેશે ત્યારે દુર્ગંધનો મારો સહેવો પડે છે.

તંદુરસ્તીમાં નથી હોતી ઉચ્છ્વાસમાં દુર્ગંધ કે નથી હોતી મોઢામાં બદબો; ઉચ્છ્વાસની લાક્ષણિક આછી ગંધ હોય છે. મોઢામાંથી નીકળતી આ દુર્ગંધની ખૂબી કહો કે વિચિત્રતા એ છે કે એના ભોગ હોનારને એની કશી ખબર જ હોતી નથી. વળી એના કારણે નથી હોતી વેદના કે નથી થતી બેચેની.

મોઢાની આ દુર્ગંધ (Halitosis) કવચિત્ કવચિત્ દરેકને થાય તો છે, પણ તે થોડો વખત ટકી કુદરતીરીતે સુધરી જાય છે; પણ કાયમની દુર્ગંધ રહેવાનાં કારણો આ પ્રમાણે છે: (૧) મોઢાની સ્થિતિ: પાયોહિયા. દાંતનો સડો. ફૂલેલાં અવાળાં. અવાળાં જીભ કે મોંમાં પડેલાં ચાંદાં. બનાવટી દાંતનાં ચોકઠાં બરાબર સાફ ના રાખવાથી થતી દુર્ગંધ; (૨) નાક અને ગળાના ભાગનાં રોગો. (ટૉન્સિલનો ચેપ) (૩) હોજરી અને કલેજાનો બગાડો: અજીર્ણ, ઉગ્ર બંધકોષ, તાવમાં થતો અપચો; (૪) ફેફસાંના રોગો; (૫) પેશાબના રોગો.

દારૂ અફીણ કે તમાકુના વ્યસનવાળાઓની મોંની લાક્ષણિક વાસનો અહીં ઉલ્લેખ નથી. ડાયાબિટિસના રોગીના મોઢામાંથી સડેલાં ફળોની વાસ જેવી ગંધ આવે છે, જ્યારે અડકાવ પૂરતી કોક સ્ત્રીઓના મોઢામાંથી ડુંગળી જેવી ખરાબ ગંધ પેદા થાય છે. દરેક પ્રકારના તાવમાં વાસી થૂંક અને બીજાં કારણોસર ખરાબ વાસ ઊભી થાય છે. લાંબા વખત સુધી બોલતા રહેવાથી તેમજ ભૂખ અને માનસિક વ્યગ્રતા દરમિયાન પણ મોઢામાં કામચલાઉ દુર્ગંધ ઉત્પન્ન થાય છે.

મોઢાની દુર્ગંધ પેદા થવાનું મુખ્ય સ્થાન તો મોઢાની સ્થિતિ જ છે. ઉપરથી અડોઅડ પણ નીચેથી પોલા દાંતમાં ખોરાકના કણો ભરાઈ રહે છે, જે દાતણ કે બ્રશથી પણ દૂર થતા નથી. આ કણો ઉપર પછી જીવાણુઓની ક્રિયા થતાં આથવણ થવાથી ખરાબ ગંધ પેદા થાય છે. કાર્બોહાઇડ્રેટ કણોમાંથી અતિ ઉગ્ર વાસવાળા ફેટીઍસિડો નીપજે છે. પ્રોટીન કણોમાંથી ખરાબ વાસ મારતા ઍમોનિયાનાં સંમિશ્રણોને લીધે હાઇડ્રોજન સલ્ફાઈડ પેદા થાય છે. આ ઉપરાંત સડેલા દાંતે અને પાયોહિયામાં મોઢાની દુર્ગંધ પેદા થાય છે. જામી ગએલા પાયોહિયામાં રોગી સવારના ઊઠતાંવેંત ચીકણા મોં ને મોઢામાં ખરાબ વાસની ફરિયાદ કરે છે. એના મોઢામાંથી અદૃશ્ય લાક્ષણિક દુર્ગંધ વહ્યા જ કરે છે.

પાયોહિયા નિવારી શકાય એવો રોગ છે. એ માટે જરૂર છે દાંતની ચોખ્ખાઈની. એકલી પૂરતી ચોખ્ખાઈ નહિ પણ વારંવારની પૂરતી ચોખ્ખાઇ. સવારે અને જમ્યા બાદ તરત જ રાત્રે દાંતની સાફસૂફી કરવી જોઇએ. આથી દાંતની સફાઈ સાથે અવાળાં મજબૂત બને છે, ટાર્ટર બાઝતો અટકે છે અને મોઢાના જીવાણુઓની વૃદ્ધિ બંધ પડે છે. બ્રશ કે દાતણનો વપરાશ યોગ્ય રીતે થવો જોઇએ. દાતણ કે બ્રશ અવાળાં ઉપર નહિ પણ દાંત ઉપર ઘસવાનાં છે. એ આડું ન ઘસતાં ઊભું, ઉપરના દાંત માટે ઉપરથી નીચે ને નીચેના દાંત માટે નીચેથી ઉપર એમ ઘસવું. દાંત સાફ કર્યા બાદ મીઠાના કે લિસ્ટેરાઈન જેવી જંતુઘ્ન દવાના કોગળા થવા જોઈએ. દાતણ કે બ્રશ વાપરવાથી અવાળાંની કશી માવજત તો થતી નથી. અવાળાંને સુદૃઢ બનાવવા માટે કપુરમિશ્રિત તેલ આંગળીના ટેરવા ઉપર લઈ આસ્તે આસ્તે તેના ઉપર માલિશ કરવું. આમ સવાર ને સાંજ બે વખત કરવું. જોકે આમ કરવાથી કોઈ ભાગ્યશાળીને જ પાયોહિયા મટે છે. બીજાઓએ દાંતના દાક્તરની સલાહસૂચના તાત્કાલિક અમલમાં મૂકવી જોઇએ.

અનુસંધાન] મૂનાર [સામેના પાનેથી

મૂનારમાં સર્વત્ર પર્વતના ઢોળાવ ઉપર ચાના બગીચા દેખાય છે. એક પર્વત ઉપરથી બીજા પર્વત ઉપર જવા તથા માલની હેરફેર માટે 'રોપ વે' (પોલાદનાં દોરડાંનો ઝૂલો) બાંધવામાં આવ્યો છે. મૂનારમાં રહેવા તથા જમવા માટે 'ઇન્ડિયન ક્લબ', 'હેરેન્જ ક્લબ', 'ગવર્મેન્ટ ગેસ્ટ હાઉસ' તથા 'ટ્રાવેલર્સ બંગલો' મુખ્ય છે. મૂનારની કુલ વસતિ લગભગ ૬૦,૦૦૦ની છે જેમાં તમીળ લોકોની સંખ્યા વધુ છે. શનિ તથા રવિવારે અહીં ગુજરી ભરાય છે. તેમાં ખરીદી કરવા માટે સવારમાં દૂરદૂરનાં એસ્ટેટોમાંથી રંગબેરંગી કપડાંમાં શોભતાં મજૂર સ્ત્રી-પુરુષો, તથા કોટપાટલૂનમાં સજ્જ થએલા કારકુનો આવે છે અને સાંજે ખરીદી કરી પાછા જાય છે. અહીં દર વર્ષે ઘોડાની રેઈસ પણ થાય છે અને ફૂટબૉલની મેચો તો અવારનવાર રમાય છે. અહીંનો 'ચિત્રા પાર્ક' નાનો હોવા છતાં આકર્ષક છે. મૂનારમાં માછલીઓ ઘણી થાય છે જેમાં 'સિલ્વર ફિશ' પ્રખ્યાત છે.

અહીં જૂનથી વરસાદ શરૂ થઈ ઑગસ્ટમાં ધીમો પડે છે અને ડિસેમ્બરમાં બિલકુલ બંધ થઈ જાય છે. અહીંનો સતત મૂશળધાર વરસાદ મૂનારને ઘણીવાર મૂંઝવી દે છે અને ઠંડો પવન એટલો જોરદાર સૂસવે છે કે ઘણીવાર મકાનોનાં છાપરાં ઉડાડી દે છે અને બત્તીઓના થાંભલા પણ વાળી નાખે છે! મૂનારની બાજુમાં જ ૨૫૦થી ૩૦૦ ઈંચ વરસાદ પડે છે. પણ ડિસેમ્બર પછી ચાર મહિના માટે આખું મૂનાર રંગબેરંગી ફૂલોથી છવાઈ જાય છે. આ ઋતુમાં હમણાં-હમણાં કૉલેજોના વનસ્પતિશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવે છે. શિકારીઓ પણ આ ઋતુમાં હરણ, ડુક્કર આદિના શિકારનો આનંદ માણવા આવે છે. મૂનારની ઉત્તરમાં આવેલું 'મરયૂર'માં ચંદનવૃક્ષ ને વાંસનાં વૃક્ષો જંગલ જેટલા પ્રમાણમાં ઊગે છે. તે ઉપરાંત અહીં આમળાં પણ મબલખ થાય છે.

પ્રકૃતિની ગોદમાં ૫૦૦૦ ફીટની ઊંચાઇએ આવેલું, વાદળો અને ધુમ્મસથી છવાએલું આ અણજાણીતું પણ મધ્યમસરનું પ્રકૃતિધામ ભવિષ્યમાં વધુ પ્રગતિ સાધી શકશે એ નિઃશંક છે.

સર વિઠ્ઠલદાસ પારિતોષિક

સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી કૉલેજમાં ભણતી બહેનો માટે યોજાએલી નિબંધ હરીફાઈમાં રૂા. ૨૫૦નું સર વિઠ્ઠલદાસ પારિતોષિક લોકભારતી વિદ્યાલય(સણોસરા)માં અભ્યાસ કરતાં શ્રી શાન્તા ચૌધરીને મળ્યું છે. નીચેની બહેનોને રૂા. ૨૫નું ઉત્તેજન પારિતોષિક આપવામાં આવ્યું છે: સર્વશ્રી હંસા શાસ્ત્રી, કુંદા કવઠેકર, અનસૂયા પંડિત, જ્યોતિ ધનુપ્રસાદ, મૃદુલા દોશી, સુશીલા વેદ, અનિલા ઝવેરી.



પ્રકૃતિની ગોદમાં વસેલું દક્ષિણ ભારતનું એક અજાણ્યું પણ રળિયામણું ગામ મૂનાર

દક્ષિણ ભારતમાં સમુદ્રની સપાટીથી ૫૦૦૦ ફીટની ઊંચાઇએ આવેલું, દેવીકુલમ તાલુકાનું મૂનાર ગામ, બીજાં હવા ખાવાનાં સ્થળોની સરખામણીમાં (ત્યાંનું જીવનધોરણ નીચું હોઇ) મધ્યમ વર્ગને પોસાય તેવું છે. ચારે બાજુ પર્વતો અને જંગલોથી વીંટળાએલું મૂનાર ચાની પેદાશ માટે ખાસ પ્રખ્યાત છે.

કોચીનથી ૯૨ માઈલ દૂર આવેલા મૂનાર જવા માટે બે રસ્તા છે: કોચીનથી અલ્વાઈ થઇને, અને કોટાયમથી કુમલી થઇને. અલ્વાઈથી મૂનારનો ૭૨ માઈલનો, પર્વતો અને જંગલોમાંથી પસાર થતો રસ્તો સારો હોવાથી બસ અને મોટર બન્ને મારફતે જઈ શકાય છે અને રસ્તામાં જંગલમાંથી આવતું તમરાંનું સંગીત તથા જંગલી હાથીઓની ગર્જનાઓ રોમાંચક લાગે છે. રસ્તે ઠેરઠેર નાનામોટા ધોધ નજરે પડે છે. ૩૦૦૦ ફીટની ઊંચાઇએ રબરનાં જંગલો આવે છે, અને ૪૦૦૦ ફીટની ઊંચાઇએ જતાં અવારનવાર ધુમ્મસનો અનુભવ થવા લાગે છે ત્યારે માર્ગ દેખાતો બંધ થઈ જાય છે અને આગળ વધવું મુશ્કેલ પડે છે. ૫૦૦૦ ફીટની ઊંચાઇએ પહોંચતાં મૂનારના ચાના બગીચાઓ દેખાવા માંડે છે અને કોઈ કોઈ ચાની ફૅક્ટરી પણ જોવા મળે છે.

લગભગ ૭૮ વર્ષ પહેલાં હેન્રી ગિબિલ ટૅનર નામનો એક અંગ્રેજ અધિકારી પોતાના ભાઈ સાથે શિકાર અંગે ફરતો ફરતો દેવીકુલમ પર્વત ઉપર આવી પહોંચ્યો ત્યારે આ પર્વતોના ઢોળાવ તથા અહીંની આબોહવા જોઇને તેને અહીં કૉફી તથા શિંગોડાંની ખેતી કરવાનો વિચાર આવ્યો. તે વખતે આ જગ્યા અહીંના મુતુવન લોકોના અધિકારમાં હતી. મિ. ટૅનરે અહીંના આદિવાસી લોકોના મુખ્ય કન્નન તથા દેવનના સહકારથી તે પોતાના અધિકારમાં લીધી અને તુરત જ કૉફી તથા શિંગોડાંની ખેતી શરૂ કરવામાં આવી. એ પછી ૧૮૯૫માં ઈંગ્લંડથી ફિન્લે મુરે નામની કંપનીના અધિકારીઓએ આવીને તે પોતાને હવાલે લઇ ઇંગ્લંડમાં કંપની રજિસ્ટર કરાવી લીધી. એ કંપનીએ કૉફી તથા શિંગોડાંની ખેતી બંધ કરીને અહીં ચાની ખેતી શરૂ કરી અને કન્નન અને દેવનને પ્રતિષ્ઠા અપાવવા માટે 'કન્નન દેવન હિલ્સ પ્રોડયુસ કં. લિ.'ના નામે ધંધો ચાલુ કરી દીધો, જે આજે પણ પૂર જોશમાં ચાલુ છે—એટલે સુધી કે કેરળભરમાં આજે ચાની પેદાશ માટે મૂનાર પ્રથમ નંબરે આવે છે. કંપનીની માલિકીની અત્યારે ૨૬ એસ્ટેટ છે અને બીજી ત્રણ એસ્ટેટ તેની દેખરખ નીચે છે. કંપની પાસે કુલ ૩૦,૦૦૦ એકર જમીન છે, જેમાં લગભગ ૧૦૦૦ અફસરો અને ત્રીસ હજારથી પણ વધુ મજૂરો કામ કરે છે.

મૂનારથી ૭ માઈલ દૂર માટ્ટુપેટ્ટી બંધ આવેલો છે, જે ૮૦૫ ફીટ લાંબો અને ૧૫૦ ફીટ ઊંચો છે. તેનું પાણી ૨॥ માઈલ લાંબી એક સુરંગ મારફતે પલ્લિવાસલના પાવર હાઉસમાં મોકલવામાં આવે છે, જ્યાં ઉત્પન્ન થએલી વીજળી છેક કોચીન અને ત્રિવેન્દ્રમ સુધી પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત આ પાવર હાઉસમાંથી વપરાએલું પાણી દબાણ કરીને આગળ રોંગુલમ બંધમાં મોકલવામાં આવે છે, જે પાછું વેળ્ળાતૂવલના પાવર હાઉસમાં વાપરવામાં આવે છે. આમ એક જ પાણીના પ્રવાહથી બે જગ્યાએ વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે!

(અનુસંધાન સામેના પાનાને છેડે)



માટ્ટુ પેટ્ટી બંધ



ચાની ફૅક્ટરીઓ



શેંગુલમ બંધ

પચ્ચીસ વર્ષ પહેલાં



માહ ૧૯૯૦
અંક ૧૨૨

દસ કરોડ હિંદીભાષી જનતાનું, લાગટ વીસ વરસ સુધી સાહિત્ય-સિંહાસન દીપાવનાર દોલતપુરનો જે દરિદ્રી બ્રાહ્મણ બાલક મોટો થઇને હિંદી સાહિત્યશિરોમણિ પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદી બન્યો તેની, પચ્ચીસ વર્ષ પર આવેલી જીવનકથા ભાવનાપ્રેરક છે.

"હિંદી સાહિત્યના એ મુકુટમણિ સમા સં. ૧૯૯૦ના વૈશાખમાં ૭૦ વર્ષની અવધે પહોંચ્યા ત્યારે તેમના જીવનકાર્યને માનાંજલિ રૂપ એક સમૃદ્ધ ગ્રંથ (દ્વિવેદી અભિનંદનગ્રંથ) હિંદી ભાષાસેવી વિખ્યાત સંસ્થા કાશીની નાગરી પ્રચારિણી સભાએ પ્રકટ કરી એ મહાપુરુષનું ઋણ ગૌરવપૂર્વક સ્થાપિત કરેલું.

દ્વિવેદીજીનું સમસ્ત જીવન અતિ પ્રેરક ને દૃષ્ટાંત રૂપ છે. તેઓ આધુનિક હિંદીના યુગપ્રવર્તક લેખક અને આચાર્ય તરીકે પ્રતિષ્ઠિત છે. જીવનનાં છેલ્લાં પાંત્રીસ વર્ષોના સતત પરિશ્રમથી તેમણે હિંદી ખડીબોલીનાં ગદ્ય અને પદ્યની એક પાકી વ્યવસ્થા આણી, અને બંને પ્રણાલિકાઓ દ્વારા પૂર્વ તથા પશ્ચિમની પુરાતન અને નૂતન, સ્થાયી અને અસ્થાયી જ્ઞાનસંપત્તિ જે તેમની ખરેખરી મોંઘી કમાણી હતી તે હિંદી ભાષા બોલતા પ્રાંતોમાં છૂટે હાથે પહોંચી, એટલું જ નહિ પરંતુ જીવનમાં પણ પોતે ઘણા અપરિગ્રહી રહ્યા. સહસ્રો પુસ્તકો અને સહસ્રો રૂપિયા જે કંઈ તેઓ હિંદીમાંથી કમાયા તે બધું જ હિંદીની હિતેચ્છુ સંસ્થાઓને સોંપી દઇને પોતે એક સાધારણ ગૃહસ્થનું સ્વલ્પસાધ્ય જીવન ગુજારી રહ્યા. ગરીબીના પંકમાંથી આત્મબળે નિજ શોભા વિકસાવી હિંદીના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરનાર એ માનવકમળની જીવનરેખાનું દર્શન સુરમ્ય છે.

અવધની નવાબીનો અંત આવી ગયો તે વખતે લખની પ્રાંતના દોલતપુર નામના એક નાના નિર્ધન ગામડામાં, સરસ્વતીનો બીજમંત્ર જીભ્હા પર અંકિત થએલા એવા બાળક મહાવીરનો જન્મ વૈશાખ માસની એક રાત્રિએ થયો. તે પ્રદેશ એ કાળમાં કેવળ ઉજ્જડ તથા નિરક્ષરતા અને દરિદ્રતાનું કેન્દ્ર બની રહ્યો હતો તેથી બાળક મહાવીરને બહુ ઊંચી કેળવણી મળી નહિ. પાઠશાળામાં ઉર્દૂ ફારસીનું જ્ઞાન મળ્યું અને ઘર આગળ 'શીઘ્રબોધ'વાળી કામચલાઉ સંસ્કૃત ચોપડી થોડી કરી નાખી. તે પછી આગળ અંગ્રેજી ભણવાને એ રાયબરેલી ગયા. પણ કેવી રીતે? પુરુષાર્થી મનુષ્ય દરિદ્ર હોય ત્યારે વધુ ઉદ્યમ કરે છે. બાળક દ્વિવેદી પોતાના ઘરથી પંદર ગાઉ દૂર રાયબરેલી સુધી અઠવાડિયાનું સીધું બાંધી પગપાળા જતા. હાથે રાંધી લેવું એ તો એ કાળમાં સાધારણ વાત ગણાતી. ત્યારે ફી માત્ર થોડા આનાની હતી, છતાં તે મેળવવી એ પણ વિકટ સમસ્યા લાગતી. આ બધી સ્થિતિમાંથી દ્વિવેદીજીએ ઉત્તરોત્તર અનેક સદ્‌ગુણોનો વિકાસ સાધી લીધો.

પણ પછી તો આવું ભણવા-ગણવાનું યે છોડીને તેમને પોતાના પિતાની પાસે મુંબાઇ જવું પડયું, જ્યાં તેમને થોડા વખતમાં રેલવે-નોકરી મળી ગઈ. દરમ્યાન મરાઠી તથા ગુજરાતી ભાષાનો પરિચય મેળવી લીધો અને અંગ્રેજી પણ વધાર્યું. નોકરી કરતાં તારનું કામ શીખી લીધું એટલે તારમાસ્તરની જગ્યા મળી, અને ધીમેધીમે ખંડવા, હોશંગાબાદ, ઈટારસી વગેરે સ્થળે તેમની પદવી વધતી ગઈ. છેવટે તેમની પ્રવીણતા જોઈ તેમને ટેલિગ્રાફ ઇન્સ્પેક્ટર તરીકે ઝાંસી મોકલ્યા. નવી તરેહની લાઈનકલીઅર પદ્ધતિ ચલાવી તેમણે ત્યાં પણ પોતાની પ્રતિભા દાખવી. ઉપરાંત તારપદ્ધતિ ઉપર અંગ્રેજીમાં એક પુસ્તક પણ તેમણે લખ્યું. આ દરમિયાન બંગાળીઓના સંપર્કથી બંગાળી ભાષા પણ એ શીખ્યા.

દોલતપુરનો એક દરિદ્ર બ્રાહ્મણ આટલે ઊંચે હોદ્દે પહોંચ્યા પછી કોઇ પણ જાતની બીજી માથાફોડ વગર સુખચેનમાં જીવન ભોગવી શકે. પણ એમની પ્રકૃતિ તો ઉદાત્ત હતી. ઝાંસીમાં નવા ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ આવ્યા તેની જોડે કંઈક બોલાચાલી થઈ ગઈ અને પરિણામે બીજે જ દિવસે સાહેબને ચાર્જ સોંપી દઈ પોતાના હિંદી કાર્યક્ષેત્રમાં ચાલ્યા આવ્યા, તે આજની ઘડી ને કાલનો દહાડો!


ત્યાં સુધીમાં અંગ્રેજી કેળવણીની પ્રથાને લીધે સંસ્કૃત, પ્રાકૃત અને બીજી દેશ્ય ભાષાઓના અભ્યાસી તથા કેટલાક વિદેશી વિદ્વાનો સમીક્ષા-સંશોધનના ક્ષેત્રમાં કામ કરવા આગળપડતા થયા હતા. એવા ત્રણેક નવયુવકોએ કાશીમાં 'નાગરી પ્રચારિણી સભા' નામની એક સંસ્થા સ્થાપી અને તે દ્વારા નવીન રુચિ અનુસાર 'સરસ્વતી' નામે માસિક શરૂ કર્યું.

એ 'સરસ્વતી'ના આકાર ને પ્રકારને મળતું રામાનંદ ચટ્ટોપાધ્યાયનું બંગાળી પત્ર 'પ્રવાસી' પણ એ જ દિવસોમાં અલ્લાહાબાદના ઇન્ડિયન પ્રેસમાંથી નીકળતું હતું. હિંદીમાં યે 'સરસ્વતી' રૂપઢંગમાં એવું જ અદ્વિતીય હતું. બે વર્ષ સુધી એના પાંચ સંપાદકો હતા, જેમાં શ્યામસુંદર દાસ પણ હતા. ત્રીજે વર્ષે તેમણે એકલાએ સંપાદનકાર્ય સંભાળ્યું હતું.

ચોથે વર્ષે મહાવીરપ્રસાદજીએ 'સરસ્વતી'ની સેવા પોતાના હાથમાં લીધી. એ પહેલાં પંડિતજીની ખ્યાતિ સંસ્કૃત તેમજ હિંદી લેખોથી સાહિત્ય-જગતમાં પ્રસરી ચૂકી હતી. તેમના પહેલા જ વર્ષના એ સંપાદનમાં પંડિત ગિરિજાદત્ત વાજપેયી સિવાય બીજા કોઇનો લેખ આખા વર્ષમાં 'સરસ્વતી'માં આવ્યો નથી! આખા અંકનું બધું જ એ પોતાની કલમથી પૂરું કરતા. તેનું કારણ આવેલા લેખોનો સંગ્રહ ખૂટી ગયો હતો એમ નહોતું, પણ તેમને પસંદ આવે તેવો એક પણ લેખ તેમાં નહોતો. જે હતા તેમાં પણ સાફસૂફીની એટલી બધી જરૂર હતી કે તેનું તદ્દન રૂપાંતર કરવું પડે. પત્રનું એ ચોથું વર્ષ હતું અને ગ્રાહક-સંખ્યા બહુ ઘટી ગઈ હતી; હાલત ડામાડોળ હતી, પરંતુ સ્વર્ગસ્થ બાબુ ચિંતામણિ ઘોષનાં સાહસ અને હોંશ તથા દ્વિવેદીજીની વિદ્વત્તા, પરિશ્રમ, સંપાદનકલા અને કલમના જોરે બધું સંભાળી લીધું; નહિ તો છેલ્લાં વરસોનો હિંદી સાહિત્યનો ઇતિહાસ કંઈ જુદી જ રીતે લખાત.

'સરસ્વતી'ના બીજા જ અંકમાં પોતે 'હિંદી ભાષા અને સાહિત્ય' નામનો અતિ મહત્ત્વનો લેખ લખ્યો તેમાં વિશ્વવિદ્યાલયોના પદવીધરોને કડક રીતે ઝાપટયા. એમાં પૂજ્યવર પંડિત માલવીયજીને પણ સંભળાવ્યું કે 'આપ હિંદીમાં લખતા રહો અને આપના પ્રભાવને આધીન રહેતા સર્વને હિંદી અપનાવવા પ્રવૃત્ત





માલસર ઘાટ (રસિકલાલ પરીખ) નર્મદાકિનારાનાં ઘણાં ગામગામડાંઓમાં નદી સુધી તેના જાડાંબડાં ઓવારા પડે છે. કે બે ઓવારા વચ્ચે અંતર માટું ઓવારો અને છે. દરેક ઓવારે એક દેરી તો હોય જ છે.

કરો.' આમ, એમના ભગીરથ પ્રયાસથી નામી વિદ્વાનો, પ્રોફેસરો અને પંડિતો 'સરસ્વતી' માટે લખવા મંડયા. શ્રી ગિરિજાકુમાર ઘોષ બંગાળી હતા છતાં 'લાલા પાર્વતીનંદન'ના નામથી એમણે જે કહાનીઓ લખી છે તે વાંચીને કોઈ ન કહે કે કોઈ બંગાળીએ તે લખી હશે. હિંદીમાં આધુનિક વાર્તાલેખનનો આરંભ તેમાંથી જ થયો. કોઈ પણ લેખ પોતે સાદ્યંત વાંચ્યા કે સુધાર્યા વિના હરગીઝ 'સરસ્વતી'માં છાપવા દેતા નહિ, પછી લેખ ગમે તેનો હોય કે વિષય ગમે તે હોય.

હિંદી સાહિત્યના પ્રચાર તથા પ્રસાર માટે તેનું કોઈ અંગ દ્વિવેદીજીએ છોડયું નહિ. અન્ય ભાષાઓમાં પ્રકટ થએલા ઉત્તમ લેખોનો આસ્વાદ પોતાના વાચકોને આપી તેની કદર કરવાનું પણ તે ચૂકયા નહિ. આમ 'સરસ્વતી' હિંદીઓનો હૃદયહાર બની ગયું. એના વિચારો નિશ્ચલ હતા, ભાષા સ્પષ્ટ ને સ્ફુટ હતી. દ્વિવેદીજી તેના સંપાદક થયા પછી તેમણે સમાજની બહુમુખી આકાંક્ષાઓને અનુરૂપ વિવિધવિષયોના ખાસ લેખકો તે દ્વારા તૈયાર કર્યા અને તેમને હિંદી લખવા પ્રેર્યા. આજે તે પૈકીના કેટલાક લેખકો પ્રસિદ્ધ પંડિતો, અધ્યાપકો અને વિચારકો મનાય છે.

કેટલા યે વાચકો 'સરસ્વતી'ના અભ્યાસથી પોતાની વિદ્યા, બુદ્ધિ અને મતિગતિમાં વૃદ્ધિ કરતા. 'સરસ્વતી' એમના સમયની હિંદી જનતાના માનસની માપરેખા હતું. દ્વિવેદીજીએ કેવળ સંપાદનનો જ સુંદર આદર્શ રજૂ કરી દીધો એટલું જ નહિ પણ વપરાતી ભાષાની એક સજીવ શૈલી નિશ્ચિત કરી દીધી. હિંદીભાષાના તત્કાલીન ગદ્યસાહિત્ય-પ્રવાહને 'દ્વિવેદી-યુગ' કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

નાગરી પ્રચારિણી સભાને તેમણે વિદ્યાવૈભવ અને કાર્યની સહાયતા તો આપી જ, પણ તે ઉપરાંત પોતાની કઠણ કમાઈની સર્વ સંપત્તિ, હજારો પુસ્તકો અને દ્વિવેદી-પદકનું પણ દાન કરી દીધું. કાશી વિદ્યાલયને પણ કેટલાક હજાર રૂપિયા દાન કર્યા, જે તેમના જેવા શ્રમજીવી પુરુષના આખા જીવનની કમાણીનો મોટો ભાગ હતો. પત્ની તો વર્ષો પૂર્વે સ્વર્ગસ્થ થયાં હતાં અને કોઈ વારસ ન હતો, છતાં એમણે ફરી લગ્ન કર્યું જ નહિ, ને એ પવિત્ર સાધ્વીના સ્મરણમાં ઘર સામે એમની આરસની મૂર્તિનું સ્મૃતિમંદિર બનાવી ઉચ્ચતમ હૃદયાર્ઘ્યથી સંતોષ ધરી રહ્યા."

આપણી યુનિવર્સિટીની લશ્કરી ટુકડીમાં દાખલ થએલા પહેલા ગુજરાતી, ને એ કાળે 'સૈનિક' ઉપનામથી લખેલા પોતાના લેખોની લાક્ષણિક શૈલીથી જાણીતા થએલા પ્રો. સુરેશ દીક્ષિતે રજાઓના બે માસ નર્મદાકાંઠે ગાળેલા તેનાં સ્મરણો તથા શ્રી રસિકલાલ પરીખના એવી જ રજાઓમાં કરેલાં ત્યાંના મનોરમ સ્કેચ, એ બંનેના સાહિત્ય ને કલાની શૈલીનો રસાસ્વાદ કરવા ઉતારીએ :

"કુદરતી તત્ત્વો પણ માનવજીવનને ઘડે છે. પર્વત ઉપર, સમુદ્રતટે, નદીકિનારે, રણને છેડે કે વનમાં વસતાં માનવોનું જીવન સરખાવતાં એ તત્ત્વોનું વિધાયક સ્વરૂપ તરી આવે. નદીતટે વસતાં માણસોનું જીવન નદી જ ઘણે અંશે નક્કી કરે છે. એવાં સ્થળે નદીનો પ્રવાહ અને લોકજીવન વિખૂટાં પાડવાં અશકય છે.

ગુજરાતમાં નર્મદા પુરાણપવિત્ર અને મહા નદી છે. તેના કિનારાની રમણીયતા કિન્નરોને યે લોભાવે એવી છે. નર્મદાનું લાવણ્ય કે તેનો ઉપભોગ સંપૂર્ણતઃ સમજાયાં નથી. અમરકંટકની એ જાહ્નવીના ૮૦૦ માઈલ લાંબા વિસ્તાર ઉપર બિચાર ઝૂંપડાંથી માંડીને મોટાં શહેર વસ્યાં છે. ડગલે ને પગલે શિવાલયોથી અલંકૃત થતી આ સરિતાનું જળ પવિત્ર છે. ગુજરાતની એ ગંગા છે. સ્થળેસ્થળેથી પડતી આખડતી આ ધોધવાહિની ગુજરાતમાં આવતાં પોતાના પટના વિભાગ ન કરતાં તેને વિશાળ બનાવે છે. સીનોર પાસે આવતાં તેનું ભાઠું રેતી કે પથ્થરોને બદલે કાદવકીચડનું બની જાય છે. ગુંદરના ગારા જેવા આ કીચડમાં ચોમાસે માણસ અને ઢોર ખૂંચી જઇ જીવ પણ ખૂએ. ઉનાળામાં આ માટીના પોપડા પથ્થર સામે પણ ટક્કર ઝીલે એવા કઠણ થાય છે. ભૂતડા જેવી એ માટીનો મોચીઓ ચામડાં ચોડવામાં અને કેટલાંય બૈરાં ખાવામાં વાપરે છે.

આસો માસ સુધી તો આ નદીનાં ડોળાએલાં પાણી ઘણાં અસ્વચ્છ હોય છે. એના ભારે પાણીમાં સાબુનાં ફીણ તો કમે ય વળે

નહિ. કુદરતીરીતે જ નદી ઉપર વસેલાં ગામોનાં ઘર ઊંચાનીચા ટેકરા પર વસેલાં હોય છે. ઉનાળામાં સૂકા એના માર્ગ ચોમાસામાં વહેતા પાણીના વહેળા જેવા બની જાય છે. વિશાળ પટની આવી નદી તરીને પણ ગામનાં ઢોર સામી બાજુની સીમમાં ચરવા જાય છે. ડોકાં જ દેખાતાં હોય એવાં ઢોરની પીઠ પર બેસી એકાદ છોકરો એ બધાંને મારતો ગાળો ભાંડતો તરાવી લાવે છે. નદી ઉપરની એકાદ ઊંચી જગ્યાએથી ચારપાંચ ગામ તો સાધારણ રીતે દૃષ્ટિએ પડે. ઘણી વાર તો સામસામાં બે ગામ વચ્ચે ફક્ત નદીની જ આડ હોય. નદી પાર જવાઆવવા એકબે હોડી દરેક ઓવારે હોય છે. હોડીવાળો ગામના ઘર દીઠ બે મણ જાર દર વર્ષે ઉઘરાવે છે. એ જ એનું મહેનતાણું. પણ હવે પૈસાનો વ્યવહાર વધતો જાય છે.

નાનાં ગામડાંઓ, શેરી ને ફળિયાંમાં વહેંચાએલાં હોય છે. નદી ભણી તેના જુદાજુદા ઓવારા પડે છે. બે ભેખડો વચ્ચે કપાએલા માર્ગને 'ઓવારા' કહે છે. ઓવારા પાસે સ્મશાન પણ હોય છે. એ જ ઓવારે માણસ અને ઢોરની કાયા સાફ થાય છે; એ જ કીચડમાં વાસણ મંજાય છે અને લૂગડાં ધોવાય છે! નદી વહેતી છતાં ઓવારો તો મેલા તળાવ જેવો જ લાગે. ત્રાંબાપિત્તળનાં વાસણ અહીં ચકચકી રહે છે, ત્યારે લૂગડાં મેલાં રહે છે! આથી જ કરીને આ બધાં ગામનાં બૈરાં ઘણું ખરું લાલ કે લીલા રંગનાં મેલખાઉ વસ્ત્રો પહેરે છે. નવ વાગ્યાના આછા તડકામાં કાછડા વાળેલાં બૈરાં માથે ચળકતાં બેડાં લઇ કીડીઓની હાર માફક ચાલ્યાં જતાં દેખાય છે.

ગામમાં પેસતાં માર્ગમાં નાળિયેર, પાંદડાં અને ક્વચિત વચ્ચે લટકતી માટલીનું તોરણ આવે છે. ઝાડના થડ ઉપર સિંદુરથી કાઢેલાં ત્રિશૂલ કે વડપીપળાના વૃક્ષ પાસે સિંદુર ચોપડેલા પથરામાં 'ભાથુજી' જેવા મેલા દેવ કે 'ભેંસાસુર'નો નિવાસ મનાય છે, જ્યાં સરઅવસરે ભૂતપ્રેત કે બાધાઆખડી ઉતારાય છે.

ગાડાના ચીલા પડેલા કે માણસની અવરજવરથી પગથી પડેલા રસ્તા ઉપર ઘાસ અને છાણ વેરાએલાં હોય છે. છાણ ગામડાંની અને ખેડૂતની જિંદગીનો મહત્ત્વનો ભાગ છે. છાણાં થાપીને એ બળાય છે, ઘરની ભીંતો ઓટલા અને જમીન એનાથી લીંપાય છે, અને ખેતરમાં એ સારામાં સારું ખાતર ગણાય છે. એકાદ બે રડીખડી દુકાનોમાં દીવાસળી કે માખી બેઠેલી મીઠાઈ જેવી વસ્તુના વેચાણ કરતાં ગામગપાટા વધારે હંકાય છે. પક્ષીને દાણા નાખવાના ચબૂતરા કે ગામનો ચોતરો એ બીજી જાહેર જગ્યાઓ છે. આંગણું ગંદું પણ ઘર ઘણાં સ્વચ્છ. એકે એક ઘરની ભીંતો ઉપર, લડાઈના ઘા જેવી, દર વર્ષે ઓછાંવધતાં આવતાં પૂરની જળરેખાઓ નજરે પડે છે.

ચોમાસું પૂરું થતાં નદીનું પાણી ઊતરવા માંડે છે અને ભાદરવો મહિનો પૂરો થતાં તો ભાઠામાં ખેતી શરૂ થાય છે. નદીનો કાંપ ઠરીને આ જમીન રસાળ બને છે. ખેતરનું માપ અહીં વાંસથી થાય છે. નદીનું ઊંડાણ પણ વાંસથી મપાય છે. રેલ આવે ને તણાઈ જાય, કે ખેતીની મોસમમાં પક્ષી માળા બાંધી ખેતી બગાડે, એટલે ઝાડને ઊગવા જ નથી દેવાતાં. ખેતી વગરની પડતર જમીનમાં લીમડા કે બાવળનાં ઝાડ, કુવાડીઆ, ધંતુરો, આકડો કે ઘાસ ઊગે છે. વાડો ઉપર કડવાં ગીલોડાં, કારેલાં કે દોડકાં ઊગે છે.

નર્મદા ઉપરનાં ગામડાંઓમાં ઔદીચ્ય-સહસ્ર, ટોળકીઆ ને જંબુઆ બ્રાહ્મણો રહે છે. તે પણ ખેતી જ કરે છે અને પૈસાની ધીરધાર કરે છે. નર્મદાના તટ ઉપર ગમે ત્યાં ફરીએ, પણ ધૂણી ધખાવતો બાવો તો મળવાનો જ. રાખ ચોળેલી દેહદશામાં ચલમ, ગાંજો કે ભાંગનાં સુખો એ ભોગવે છે. પોટલીમાં બીલીપત્ર સાથે સંતાડેલું શિવલિંગ કે તુલસીમાં વીંટાળેલા વિષ્ણુ તેના મોક્ષમાર્ગ છે. કેટલાક સદાચરણી ને ધર્મતત્ત્વવાળા પણ હોય. પગે ચાલીને બદરીનાથથી સેતુબંધ સુધી કેટલાકે તો બબ્બે વખત યાત્રા કરી હોય છે. ગાય કે કૂતરાથી ઓછું અન્ન ખાઇ તેઓ જીવે છે. જ્યાં જાય ત્યાં ઝાડને છાંયે કે મંદિરને ઓથે લપાઇ રહે છે. સવારસાંજ તેઓ શંખ ફૂંકે છે, તુલસીકૃત રામાયણનું અધ્યયન કરે છે.

નર્મદાતટે સવારસાંજ મંગળમય આરતીના નાદ સાંભળતાં અને નદીતીરે રમતાં જીવવાનો મોહ થાય છે. કુદરત અને માનવઐક્યની અહીં પ્રતીતિ થાય છે. થોડા દિવસોમાં તો ચાસ, મોર, લક્કડખોદ અને ચકલાં કાબર આપણાં સગાં સહોદર બની જાય છે."

આપણે બધા લવિંગનો વપરાશ કરીએ છીએ, પરંતુ તેનો ઇતિહાસ થોડા જ જાણતા હશે: "લવિંગનો ઘણોખરો ભાગ જંગબાર (આફ્રિકા)થી આવે છે. ત્યાં લવિંગનો છોડ કેવી રીતે આવ્યો તેનો ઇતિહાસ જાણવા જેવો છે. લગભગ ૧૨૫ વર્ષ ઉપર જંગબારના સુલતાને એક આરબને મોરાશીઅસ ટાપુ પર દેશપાર કાઢેલો. તે આરબે ત્યાંથી સુલતાનને થોડાં લવિંગ મોકલાવ્યાં. સુલતાને એ વસ્તુ પહેલાં કોઈ દિવસ જોએલી નહિ, એટલે એ તેને બહુ પસંદ પડી. તેથી પ્રસન્ન થઈ સુલતાને એ આરબને મોરાશીઅસથી પાછો બોલાવ્યો અને સાથે લવિંગના થોડા છોડ મંગાવી જંગબારમાં એ વાવવાનો હુકમ કર્યો. ત્યાંની જમીન એ છોડોને એટલી ભાવી ગઈ કે આજે સવાસો વર્ષમાં તો દુનિયામાં જેટલાં લવિંગ થાય છે તેનો ૫/૬ ભાગ એકલું જંગબાર જ ઉત્પન્ન કરે છે, અને કોઈ કોઈ વર્ષે તો લગભગ ૯/૧૦ ભાગ પેદા કરે છે!"

પ્રાચીન હિંદમાં પણ વિજ્ઞાન જ્ઞાત હતું. ભૂમિતિનો વિકાસ ધર્મ સાથે સંકળાએલો હતો. હોમ, યાગ, યજ્ઞ ઇ. ધાર્મિક ક્રિયાઓમાં ગણિતના ક્રિયાત્મક જ્ઞાનનો ઉપયોગ થતો. આર્યો યૂક્લિડની ભૂમિતિના ઘણાક સિદ્ધાંત જાણતા. પાંચમી સદીમાં આર્યભટ્ટને માલૂમ હતું કે વર્તુળનું ક્ષેત્રફળ π×(ત્રિજ્યા)^{૨} થાય છે; અને π=૩.૧૪૧૬ થાય છે એવું એ વિદ્વાને સ્પષ્ટ દર્શાવ્યું છે. શ્રીધર, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત ઇ. વિદ્વાનોએ જે શોધો કરેલી તે સર્વના વૃત્તાંત બારમી સદીમાં ભાસ્કરાચાર્યે આપ્યા હતા.

ભાસ્કરાચાર્યને માલૂમ હતું કે આધાર વિનાનો પદાર્થ પૃથ્વી પર જ પડે છે અને તેનું કારણ પૃથ્વીનું તે પદાર્થ પ્રત્યેનું આકર્ષણ છે. આમ ગુરુત્વાકર્ષણનું તેમને જ્ઞાન હતું. છૂટથી પડતા પદાર્થોની ગતિ દર પળે વધતી જ જાય છે એ વાત પણ તે જાણતા. પદાર્થમાં ગતિનો સ્વભાવ છે તેનું કારણ 'વેગ' છે એમ તે લખે છે, જેને આજે ઇનર્શિયા કહીએ છીએ.

વૈશેષિક ન્યાયના આદ્ય પ્રણેતા કણાદ મુનિએ અણુ અને પરમાણુના મેળનો સિદ્ધાંત આપ્યો છે. જૈનો કહે છે કે મુખ્ય એક પરમાણુમાંથી વિવિધ વર્ગના મૂળ પદાર્થોનો આવિર્ભાવ થએલો છે. પરમાણુનું કદ એક ઘન ઇંચના (૧૧૦૩૫૦૦૧૨)^{૨૧}મા ભાગનું છે એમ જૈન શાસ્ત્રમાં કહ્યું છે, અને હાલની મહાન શોધ પછી હાઇડ્રોજનના એક પરમાણુનું કદ આજે જે આપવામાં આવ્યું છે તેને આ આંકડો બહુ મળતો આવે છે! પ્રકાશના પરિવર્તન અને વક્રીભવનનાં દશ્ય આર્ય વિદ્વાન ઉદયોતકરને માલૂમ હતાં. અગ્નિ ને પ્રકાશ ગતિને લીધે થાય છે એ વાત પણ એણે જ કહી છે."

'કલ્યાણયાત્રા'

'મુંબાઇ રાજ્ય નશાબંદી મંડળ' તરફથી નશાબંદીને કેન્દ્રમાં રાખીને સર્વોદયની વિચારધારા પ્રસ્તુત કરતું એક નવું મરાઠી–ગુજરાતી માસિક 'કલ્યાણયાત્રા' આ માર્ચની પહેલી તારીખથી પ્રકટ થનાર છે. સંપાદકો: સર્વશ્રી કેદારનાથજી, જુગતરામ દવે, દા. ન. શિખરે અને 'સોપાન'. વાર્ષિક લવાજમ રૂા. ૩. છૂટક નકલના ૨૫ ન. પૈ. સરનામું: 'કલ્યાણયાત્રા', ૬૭, ઍપોલો સ્ટ્રીટ, સોનાવાલા બિલ્ડિંગ, કોટ, મુંબાઈ-૧.

શબ્દકથા : બિલ્લી–માંજારી

'બિલાડી' કે 'બિલ્લી', 'મીંદડી' કે 'મીની', ને બાળભાષામાં 'મ્યાઉં' એવાં નામે આપણે જેને ઓળખીએ છીએ, તે 'બિલાડી'નું મૂળ સંસ્કૃત बिडालिका. 'બિલાડી'નું ટૂંકું રૂપ 'બિલ્લી'. આવી રીતે કેટલાંક પ્રાણીનામોને ટૂંકાવીને છેલ્લો વ્યંજન બેવડો ઉચ્ચારવાની આપણી ટેવ ખયાલમાં આવી છે? જુઓ : 'કૂતરો'ને બદલે 'કુત્તો', 'સસલો'નો 'સસ્સો', ને 'ગધેડો'નો 'ગદ્ધો'.

સંભવ છે કે આવાં જોરદાર ટૂંકાં રૂપો આપણને હિંદી પાસેથી મળ્યાં હોય. હિંદીમાં 'સુગ્ગા' (પોપટ) ને 'મચ્છી' પણ છે. બીજા કેટલાક 'ખચ્ચર', 'મચ્છર', 'કુક્કર', 'સુવ્વર'માં પણ બેવડો વ્યંજન ઉચ્ચારાય છે. ને ભાર દેવા 'મગ્ગર' ('મગ્ગરમચ્છ'), 'ઘુવ્વડ' ને 'ગોદ્ધો' ('ગોદ્ધા જેવો છે') પણ આપણે વાપરીએ છીએ. ભાર દેવા માટે વ્યંજન બેવડાવવો એ ગુજરાતીની એક ખાસિયત છે. ('ખાસ્સું', 'ચોક્કસ', 'મોટ્ટો' વગેરે અનેક).

'બિલાડી' માટે આપણે ત્યાં બીજો પણ એક શબ્દ છે : 'મંજારી' કે 'માંજારી'. સંસ્કૃતમાં मार्जार–मार्जारिका. બિલાડીની આંખના રંગની આંખ એટલે 'માંજરી' આંખ. સંસ્કૃત मार्जार-નો સંબંધ છે मृज्–मार्ज् 'ચોખ્ખું કરવું' એ ધાતુ સાથે. मार्जार એટલે 'ચોખ્ખું કરનાર'. સૌ જાણે છે કે બિલાડી નવરી પડે ત્યારે ચાટીને ડિલ સાફ રાખે છે. એ રીતે એ નામ કેટલું યથાર્થ છે!

જાણો છો, वानर નામ પણ આવું જ અર્થસૂચક છે તે? ઋગ્વેદમાં वनर् એટલે 'વૃક્ષ'. વૃક્ષનું પ્રાણી તે वानर. એટલે જ તો એને शाखामृग કહે છે. શાખા પર વિહરતો—વિચરતો 'મૃગ' (પશુ).

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

વધુ 'પરિચય-પુસ્તિકાઓ'

લોકશાહી નાગરિકે જાણવી જોઇએ એવી મૂળભૂત હકીકતોને સાવ સાદી પણ રોચક ભાષામાં સમજાવતી, તે તે વિષયના અધિકારી જાણકારો પાસે તૈયાર કરાવડાવેલી ને પખવાડિયે-પખવાડિયે પ્રકટ થતી બીજી આઠ 'પરિચય-પુસ્તિકા'ઓ, તે-તેના લેખકોના ટૂંકા પરિચય સાથે, મણકા અનુક્રમે ૭ થી ૧૮: **સંતતિ નિયમનની સરળ રીતો** : લેખિકા : દાક્તારી વિદ્યાનાં નિષ્ણાત ડૉ. અનસૂયા અમીન; **સિનેમા કેવી રીતે ઊતરે છે?** લેખક : જાણીતા પત્રકાર, સાહિત્યકાર અને ફિલ્મ-ઉદ્યોગના અનુભવી જાણકાર શ્રી રામુ પરમાનંદ ઠક્કર; **સંગીત સાંભળવાનો આનંદ** : લેખક : સાહિત્ય-સંગીત-કલાના વિવેચક શ્રી વિનાયક પુરોહિત; **વાયદાનો વેપાર** : લેખક : અર્થકારણ અને વ્યાપાર-વાણિજ્યના પ્રૌઢ અનુભવી જાણકાર શ્રી બાપાલાલ દોશી; **અનુવાદની કળા** : લેખક : ગુજરાતના અગ્રણી સફળ અનુવાદક અને સાહિત્યચિંતક શ્રી નગીનદાસ પારેખ; **ભૂદાનનો મર્મ** : લેખક : અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને રાજકારણના વિદ્વાન અભ્યાસી શ્રી મહેન્દ્ર વાલજીભાઇ દેસાઈ; **સભા-સંચાલન** : લેખક : ૧૯૫૨ થી '૫૭ સુધી મુંબાઈ ધારાસભાના સ્પીકર શ્રી દત્તાત્રેય કાશીનાથ કુંતે; **અંગ્રેજી જશે તો શું થશે?** લેખક: પ્રસિદ્ધ સાહિત્યકાર ને કેળવણીકાર શ્રી 'સ્નેહરશ્મિ', **તેલ અને લુબ્રિકન્ટ્સ** (printed: તેલ અને લૂણેજ) : લેખક : નિષ્ણાત ઈજનેર અને વલ્લભ વિદ્યાનગરના સર્જક ભાઇલાલભાઇ પટેલ; **હૃદયની સંભાળ** તથા **હૃદયની સંભાળ-વધુ વિચારણા**—હૃદયરોગના નિષ્ણાત અને આંતરરાષ્ટ્રીય સંપર્કો ધરાવતા વિદ્વાન ડૉ. એો. ટી. સોમાણી; **આપણી પરદેશનીતિ** : જાણીતા ગુજરાતી કવિ અને સાહિત્યકાર તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પત્રકાર ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી. પુસ્તિકાઓના સંપાદક : શ્રી વાડીલાલ ડગલી; પ્રકાશક : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, રુસ્તમ હાઉસ, ચોથે માળે, ૨૯, વીર નરીમાન રોડ, મુંબાઈ-૧; લવાજમ : વાર્ષિક ૮ રૂપિયા (પરદેશમાં ૧૩ શિલિંગ), અને ત્રિવાર્ષિક ૨૦ રૂપિયા (પરદેશમાં ૩૫ શિલિંગ), છૂટક નકલ: ૪૦ નયા પૈસા.

રતન પ્રકાશન ગૃહ પ્રાઇવેટ લિ.નાં

આપણા વિજ્ઞાન સાહિત્યમાં ધીમે ધીમે જે ગણનાપાત્ર વધારો થતો જાય છે તેની એક આશાપ્રેરક નિશાની રૂપ પ્રસ્તુત સંસ્થાનાં નીચે જણાવેલાં પુસ્તકોમાં રોગજીવાણુઓ ને તેમના ઉપાયની, આરોગ્યની, વૈજ્ઞાનિક માનસના વિકાસની ને ખુશ્કીતરીનાં વાહનોના વિકાસક્રમની વાતો સરળ અને કુતૂહલપ્રેરક કથાસ્વરૂપે સૂચક ચિત્રો સાથે આપવામાં આવી છે. કિશોરો પ્રૌઢોને વિજ્ઞાનરહસ્યો સરળતાથી સમજાવવાના ઉદ્દેશથી તે લખાઇ છે.

કીમિયાગર કબીર : 'પ્રકૃતિની વિચિત્રતા કલ્પનાથી યે ચડી જાય છે' એ અંગ્રેજી કહેવતની પ્રતીતિ આપતી આ વાર્તા વિજ્ઞાનવૈચિત્ર્યના સરળ આલેખક શ્રી વિજયગુપ્ત મૌર્યે રશિયન લેખક યાન લારીના પુસ્તક 'કારિક અને વાલ્યાનાં અજબ સાહસકર્મો'ના આધારે લખેલી છે. એમાં પતંગ (જીવજંતુ)-સૃષ્ટિની વાર્તારૂપની રસમય અને જ્ઞાન સાથે ગમ્મત આપતી (કિશોરો માટે ખાસ રસિક) હકીકત છે. ૩-૦૦. **યમ સામે લડાઈ, શયતાનના સામ્રાજ્યમાં** ને **વિજ્ઞાનયાત્રા** : મૂળ શ્રી દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાયે લખેલી (પ્રથમ બે પુસ્તિકાઓનાં અનુવાદક શ્રી સુભદ્રા ગાંધી, ત્રીજીમાં અનુવાદકનું નામ નથી) આ પુસ્તિકાઓમાં અનુક્રમે રોગ, રોગનાં જંતુઓ અને તેના નાશના ઉપાયો તથા અંધશ્રદ્ધામાંથી નીકળીને થએલા વૈજ્ઞાનિક માનસના વિકાસની માહિતી, રોચક, ને કુતૂહલપ્રેરક કથારૂપે આપી છે, અનુક્રમે ૧-૫૦, ૨-૫૦ ને ૨-૫૦; **પહેલું સુખ તે જાતે નર્યા** : આરોગ્ય વિષે સામાન્ય ને શાસ્ત્રીય જ્ઞાન આપતી તથા 'કુમાર'ના સુપરિચિત ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ લખેલી, આરોગ્યવિજ્ઞાનને વ્યવહાર્ય દૃષ્ટિકોણથી યોજી દર્શાવતી ઉપયોગી પુસ્તિકા, ૧-૫૦; **હોડીમાંથી આગબોટ ને ગાડામાંથી મોટર** : જલવાહનોના અને ભૂમિવાહનોના વિકાસના ઇતિહાસની રસમય કથા, લેખક: હર્ષવદન શાહ, અનુક્રમે ૧-૫૦, ૧-૦૦. પ્રકાશકનું સરનામું: અમદાવાદી પોળ વડોદરા.

પ્રકીર્ણ

ગુજરાતી–મરાઠી શિક્ષક અને **ગુજરાતી હિંદી શિક્ષક** : પહેલું પુસ્તક ગુજરાતી ભાષા જાણનારાઓ માટે મરાઠી ભાષા શીખવાના ઉદ્દેશથી તથા બીજું પુસ્તક તે બંને ભાષાઓ શીખવાના હેતુથી શ્રી એન. જી. મહેતાએ લખ્યું છે. જુદીજુદી ભાષાઓ શીખવા માટેનું આપણું ગ્રંથસાહિત્ય રંક અને પાંગળું છે એમાં આ પુસ્તકો થોડાંઘણાં કામ લાગી શકે તેમ છે. આવશ્યકતાની દૃષ્ટિએ સંપૂર્ણ અને વ્યવસ્થિત માહિતી આપતાં પુસ્તકોની આપણે ત્યાં જે ખોટ છે તે ખૂબ સાલે છે. પ્રકાશક : નૈકાત્મા પ્રકાશન, પંચવટી, નાસિક; અનુક્રમે ૧-૨૫ તથા ૧-૦૦: **વડોદરાનાં સ્થળ-નામો** વિષેનું અધ્યાપક રમણલાલ નાગરજી મહેતાનું વિગતદર્શી વ્યાખ્યાન—પ્રકાશક: વ્યાખ્યાતા પોતે, મંત્રી, ગુજરાતી સ્થળ-નામ સંસદ, વડોદરા; કિંમત છાપી નથી.

Views Ways Visions : જગતના ચિંતકોનાં જીવન તથા જીવનાનુષંગી મનનીય વિચારોનું સંગ્રથન,—કરનાર: શ્રી 'સ્વારસ્યમ્', પ્રકાશક : શ્રી મંગલભાઈ પી. પટેલ, પ્રભુનિવાસ, નાનાપોર, નડિયાદ, ૦-૬૬; **ધ્યાન અને જીવન** : સ્વામી શ્રી ચિન્મયાનંદના

અંગ્રેજી પુસ્તક 'મેડિટેશન ઍન્ડ લાઈફ'નો શ્રી જયબાળા ગજ્જરે કરેલો અનુવાદ; પ્રકાશિકા: શ્રીમતી શીલા પુરી, ૪ જંતરમંતર રોડ, નવી દિલ્હી; કિંમત છાપી નથી.

ઉપદેશમંજરી: શ્રી રમણ મહર્ષિને ચરણે શ્રી નટનાનંદ સ્વામીએ ૭૦ પ્રશ્નોત્તરી રૂપે મેળવેલો બોધ; ગુજરાતીમાં પદ્યરૂપે-ગદ્ય સમજૂતી સાથે ઉતારનાર: શ્રી 'સ્વારસ્યમ્', ૦·૩૭; **સાધનસુધા** (રમણવાણી ભા. ૧-૨, શ્રી રમણ મહર્ષિનું આત્મસાધનાનું તત્ત્વ-જ્ઞાન, ગુજરાતી પદ્યમાં ઉતારનાર: શ્રી 'સ્વારસ્યમ્' ૦-૩૭; **વેદસુધા કુંભ ૧ (ઋગ્ય-જુર્વેદીય પ્રાર્થનાશતક)**: સમાહર્તા-સ્વામી અચ્યુતાનંદ સરસ્વતી, અનુવાદક-શ્રી 'સ્વારસ્યમ્', પ્રકાશિકા-શ્રી સુધાદેવી મંગળભાઇપટેલ, પ્રભુનિવાસ, નાનાપોર, નડિયાદ, ૦-૩૮; **વિશ્વમાનવ**: હિંદી કવિ અરુણના કાવ્યની અનુકૃતિ રૂપે શ્રી 'ગોરખ'નુંશ્રી જવાહરલાલ નેહરુની લાક્ષણિકતાઓનેસાકારકરતું કાવ્યચિત્ર, પ્રાપ્તિસ્થાન: સ્મૃતિસાહિત્યમંદિર, ઊમરગોઠણ-વિરાર (મુંબાઇ), કિં. ૨-૦૦.

હું કોણ? શ્રી રમણ મહર્ષિના શિષ્ય અને હમણાં જ જેમણે જલસમાધિ લીધી એ સ્વામી રમણાનંદ સરસ્વતી 'સ્વારસ્યમે' ગુજરાતી પદ્યમાં ગદ્ય-સમજૂતી સાથે ઉતારેલો પોતાના ગુરુનો ઉપદેશ. પ્રકાશક: શ્રી ટી. એન. વેંકટરમણ, મૅનેજરપ્રેસિડેન્ટ, શ્રી રમણાશ્રમ તિરુવણ્ણામલૈ (દ. ભારત), ૦-૨૫.

તમારા દાંત શા માટે ગુમાવો છો? દાંતના આરોગ્યની જાળવણી માટેનાં દંતવિજ્ઞાનના અનુભવી ડૉક્ટર કેખશરૂ દારૂબજી જીલાનાં ઉપયોગી સૂચનો; વિનામૂલ્ય. **સંતનું સ્વાગત**: શ્રી વિનોબાજીની સૌરાષ્ટ્રની પદયાત્રાને પ્રસંગે, શ્રી નાથાલાલ દવેનાં ગીતો, પ્રકાશક: શ્રી ભાનુભાઈ શુક્લ, ભૂદાન કાર્યાલય, સુરેન્દ્રનગર, ૦·૧૩; **ક્રાંતિને પગલે**: શ્રી વિનોબા ભાવેની ગુજરાતયાત્રા નિમિત્તે, ભૂમિ અને ક્રાંતિનાં શ્રી પ્રભાવતી પજવાણીનાં ગીતો, પ્રકાશક: મુકુલ ભારતી બાલનિકેતન, માંડવી, વડોદરા, ૦·૩૧; **વિદ્યાર્થી ગીતા** (અષ્ટાદશશ્લોકી ગીતા): ગીતામાંથી વિદ્યાર્થીઓ માટે ચૂંટેલો પાઠ અને અન્ય ભજનો-પ્રાર્થનાઓ, પ્રકાશક: દી. બ. ઠક્કુર દેવજી દયાળ ઝરિયાવાળા, માંડવી (કચ્છ), અમૂલ્ય; **ગીતા-પ્રાર્થના**: મુખ્યત્વે ગીતામાંથી ચૂંટેલો પાઠ અને અન્ય સંસ્કૃત, હિંદી, ગુજરાતી પ્રાર્થનાઓ-ભજનો, પ્રકાશક: ઠક્કર પ્રાગજી પુરુષોત્તમ, શ્રી ભુજ સેવા મંડળ, ભુજ (કચ્છ), અમૂલ્ય.



ક્ષિતિજ આવતી પાસ કદી નહિ,
જ્યમ નજીક જતો ત્યમ ભાગતી;
વહન થાય અનંત યુગો થકી,
અમર સાહસ ધૈર્ય નવાં નકી.

(કોડિયાં) —કૃષ્ણલાલ શ્રીધરાણી

કામણગારો રાજકુમાર: ડ્યૂક ઑવ એડિનબરબ

ડ્યૂક ઑવ એડિનબરા, ઑક્સફર્ડ ડિક્શનરી પ્રમાણે એમના નામનો ઉચ્ચાર એવો થાય છે,–છેલ્લો 'ર' આખો, અને જરા લંબાવેલો;–જે ઘણીવાર 'બરો' તથા 'બરા' તરીકે સંભળાય છે.

અને હા, એ ('પ્રવાસી'ના તંત્રીએ કહ્યું છે તેમ) ખરેખર 'કામણગારો રાજકુમાર' છે. પોતાના ઊંચા સ્વરૂપવાન દેહ ઉપરાંત પોતાના પ્રભાવશાળી છતાં મળતાવડા ને મધુર વ્યક્તિત્વથી એણે રાજરાણીના પતિ તરીકે એકલા ઇંગ્લંડમાં જ નહિ, પણ રાષ્ટ્રકુટુંબના દેશોમાં તથા જગતમાં જ્યાં ગયા ત્યાં દિલજિત છાપ પાડી છે;–હમણાં છેલ્લા ૨૧મી જાન્યુઆરીથી ૪થી ફેબ્રુઆરી સુધી ભારત આવી ગયા ત્યારે આ દેશમાં પણ. વસ્તુતઃ અહીં અંગ્રેજો ભાગ્યે જ લોકપ્રિય થયા છે. એમાં સાચી લોકપ્રિયતા રળી જનાર પહેલો બડભાગી અંગ્રેજ હતો લૉર્ડ માઉન્ટબૅટન. પણ એ મામા કરતાં યે તેના આ ભાણેજનું વ્યક્તિત્વ વધુ મોહક છે.

ઇંગ્લંડની રાણી એલિઝાબેથ, તેના પતિ આ પ્રિન્સ ફિલિપ, ને તેના મામા લૉર્ડ માઉન્ટબૅટન, એ બધાંની એક જ વડદાદી–માતામહી,—રાણી વિક્ટોરિયા. લૉર્ડ લૂઈ માઉન્ટબૅટનની મા વિક્ટોરિયા આલ્બર્ટા જર્મનીના લૂઇ બૅટનબર્ગને પરણેલી; અને તેની મા એલિસ (જે હીરાના જર્મન રાજકુમારને પરણેલી તે) રાણી વિક્ટોરિયાની બીજી પુત્રી. બીજી બાજુ માઉન્ટબૅટનની બહેન એલિસ ગ્રીસના રાજકુમાર ઍન્ડ્રુને પરણી તેનો પુત્ર આ પ્રિન્સ ફિલિપ. એ પ્રિન્સિ ફિલિપ આજે તો પોતાની નિજી બુદ્ધિપ્રતિભા અને જ્ઞાનસંસ્કાર વડે પ્રકાશે છે, પણ તેના ઘડતરમાં મામા માઉન્ટબૅટનનો ફાળો મોટો છે.

ભારત અને પાકિસ્તાનની વિજ્ઞાનપરિષદોમાં ઇંગ્લંડના વિજ્ઞાનીઓના પ્રતિનિધિ તરીકેની પ્રિન્સની આ મુલાકાત બીજી રીતે જોતાં પણ અગત્યની ગણાય. ભારતના છેલ્લા વાઇસરૉય અને પછી ગવર્નર જનરલ તરીકે લૉર્ડ માઉન્ટબૅટને પોતાના નિશ્ચલ કાર્યવેગ જેટલા જ આકર્ષક વ્યક્તિત્વની મોહક મધુરતાથી હિંદના ભાગલાનું કામ હળવું બનાવ્યું, તેમ પ્રિન્સ ફિલિપની મુલાકાત રાષ્ટ્રકુટુંબના દેશોમાં ઇંગ્લંડની સદ્ભાવનાની સૌરભ ફેલાવવા ઉપયુક્ત નીવડી છે.

તેજસ્વી પણ પ્રશાન્ત એમની જીવન-કારકિર્દીમાં ખાસ પ્રસંગવિશેષ બે : ગયા મહાયુદ્ધમાં બ્રિટિશ લશ્કરની મોટી ખુવારીનો ભોગ લેનાર ૧૯૪૩ના સિસિલીના ઉતરાણમાં એમણે લીધેલો ભાગ; અને ૧૯૪૭માં એમના મુત્સદ્દી મામા અને ભાવિના દ્રષ્ટા માઉન્ટબૅટને યોજી આપેલું એલિઝાબેથ સાથેનું એમનું લગ્ન.

ઈ. ૧૯૨૧ની ૧૦મી જૂને ગ્રીસમાં કોર્ફૂ ખાતે એમનો જન્મ. ઘણી જ નાની વયે 'ચીમ'ની પ્રાથમિક શાળામાં શિક્ષણ લઈ જર્મનીમાં પ્રખ્યાત શિક્ષક કૂર્ટ હાર્ટની શાળામાં દાખલ થયા, જ્યાં રાજકુમારના અલગ–અસ્પૃશ્ય જીવનથી નહિ પણ પ્રજાજીવનના સંપર્કમાં લોકશાહી ઢબે તે શિક્ષણ પામ્યા. અભ્યાસકાળ દરમ્યાન ક્રિકેટ, હૉકી અને નૌકાયાનનો શૉખ કેળવી તે કુશળ 'સી-સ્કાઉટ' થયા, અને પછી તો એટલા કુશળ નાવિક થયા કે કોઇને ભાગ્યે જ અપાતી ખુલ્લી હોડીમાં એકલા પ્રવાસ કરવાની છૂટ તથા સઢવાળા ખુલ્લા વહાણની જવાબદારી એમને અપાતી. ત્યાર બાદ માઉન્ટબૅટન કુળની પ્રણાલિકા અનુસાર નૌકાદળની કારકિર્દી પસંદ કરીને ઈ. ૧૯૩૯ના મેમાં શિખાઉ સૈનિક તરીકે દાખલ થયા અને ત્યાંથી ડાર્ટમથ ખાતેની શાહી નૌકા કૉલેજમાં મોખરે આવી સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સંખ્યાબંધ પારિતોષિકો

આપણાં જંતુઓ : ૧૯




બાઘડ

સૌરાષ્ટ્રમાં 'બાઘડ' અને ગુજરાતમાં 'ગુળીગાય' તરીકે ઓળખાતા, એકથી દોઢ ઇંચના, ઘાડા ભૂખરા રંગના આ જંતુનું શાસ્ત્રીય નામ છે 'ગ્રાયલોટાલ્પા'. બાઘડ સંધિપદા–સાંધાવાળા (anthropoda) કીટક વર્ગની છે. એનું શરીર કુલ ત્રણ ભાગમાં વહેંચાએલું : માથુ, છાતી અને પેટ. છાતી ત્રણ કડીઓની બનેલી અને પેટ દસ કડીઓનું. આંખો કુલ ચાર–બે મોટી કાળી સંયુક્ત, અને બે નાની સાદી સફેદ. જડબાં જબરાં ને મજબૂત તથા દાંતવાળાં. માથું પણ મજબૂત ને સખત. છાતીની ત્રણે કડીઓની બંને બાજુએ એકએક એમ કુલ છ પગ. પહેલા બે પગ નહોરવાળા હોવાથી જમીન ખોદવાના કામમાં વપરાય છે. પાંખો પહેલી કડી આગળ આવેલી. પેટની બંને બાજુએ શ્વાસનળીનાં દ્વાર (spiracles). માદાને પેટની સાતમી કડી મોટી અને નવમી છાતીના ભાગ તરફ ખાંચાદાર હોય છે, જ્યારે નરમાં એ કડીઓ તેવી નથી. બાઘડ ઊડી શકે છે,–અને ઊડે છે ઘણુંખરું રાતના.

ભેજવાળી ને ભીની જમીનમાં લાંબું દર બાંધે. દિવસ આખો તેમાં પડી રહે. રાતે બહાર વાલ–વટાણાના ફણગા જેવી વનસ્પતિના ખોરાકની શોધમાં નીકળે. વનસ્પતિ અને પાકને તે નુકસાનકર્તા છે. કેળનાં મૂળિયાં ચૂસીને તેને પણ હાનિ પહોંચાડે છે. તેના દ્વારા શેરડીના પાકને, કાશ્મીરનાં દેવદાર વૃક્ષને અને બંગાળનાં તજનાં ઝાડને થતી રંજાડ જાણીતી છે. કોઇકોઈ કીડાઓની ઇયળ પણ ખાઈ જાય. ખોરાકની અછતમાં એકબીજાનો ભક્ષ પણ કરે. બાઘડ કરડે નહોર અને જડબા વતી, જેની વેદના વીંછી જેવી હોય છે. જોકે બાઘડ બિનઝેરી છે. બાઘડ અવાજ પણ કાઢે છે, અને તે કસારીના અવાજને મળતો છે.

ચોમાસામાં માદા ખાસ પ્રકારના બનાવેલા છીંકણીની પેટીના કદના માટીના ખંડકમાં ૫૦થી ૬૦ ઇંડાં મૂકે છે, અને ઑક્ટોબર-નવેમ્બરમાં તે વિકાસ પામી ન રહે ત્યાં સુધી એ ખંડકમાં જ રહી માદા તેની માવજત રાખે છે. ઈંડાં સેવતી વખતે માદા તેમાંનાં ઘણાં ખાઈ જાય છે એમ મનાય છે; ઘણી વાર નર ખાઈ જાય છે એ તો ચોક્કસ છે.



જીત્યાં. તરત જ મહાયુદ્ધ સળગ્યું તેમા જોડાયાં ને ૧૯૪૦ના જાન્યુઆરીમાં 'રૅમિલિઝ' યુદ્ધજહાજમાં મિડશિપમૅન થયા, ને છેવટે ૧૯૪૪માં બ્રિટનની સૌથી અદ્યતન વિનાશિકા 'વેલ્પ'ના પ્રથમ લેફ્ટેનન્ટ બન્યા.

૧૯૪૭ના ફેબ્રુઆરીમાં યુવાન લેફ્ટેનન્ટ ફિલિપ માઉન્ટબૅટન બ્રિટિશ પ્રજાજન બન્યા ને એ જ વર્ષની ૨૦મી નવેમ્બરે રાજા છઠ્ઠા જ્યૉર્જની પુત્રી એલિઝાબેથ સાથે લગ્નથી જોડાયા. તે સાથે તે હિઝ હાઇનેસ ડ્યૂક ઑવ એડિનબરઅ બન્યા. લગ્ન પછી પણ એમણે નૌકાદળની કારકિર્દી ચાલુ રાખી. ૧૯૫૧માં રાજા જ્યૉર્જ રાષ્ટ્રસમૂહના દેશોના પ્રવાસે જનારા હતા. તેમની તબિયત સારી ન હોવાથી પ્રિન્સેસ એલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપ એ પ્રવાસે નીકળ્યાં, જેમાંથી અધવચ્ચે જ એમને રાજા જ્યૉર્જના અચાનક અવસાનને કારણે પાછા આવવું પડ્યું.


રાણી એલિઝાબેથ (બીજાં) ગાદીએ આવ્યા પછીથી બ્રિટિશ પ્રણાલિકા મુજબ સર્વસત્તાધીશ રાણીનું બહુમાન જાળવીને સદા તેની પાછળ રહેતા છતાં, સુખી કુટુંબના વહાલાસોયા વડા અને પતિના અધિકારને છાજતા ગૌરવથી પ્રિન્સ ફિલિપે જાહેરજીવનમાં પોતાનું વ્યક્તિત્વ આંક્યુ છે. સશસ્ત્ર દળો(ખુશ્કી નૌકા તેમજ હવાઈ ત્રણે)ની કાર્યવાહીમાં કુશળ અગ્રણી હોવા ઉપરાંત વિજ્ઞાન ને રમતગમત તેમના પ્રિય વિષયો છે: ૧૯૫૧માં તેઓ બ્રિટનની જાણીતી વિજ્ઞાનસંસદ 'બ્રિટિશ એસોસીએશન ફૉર ધી ઍડવાન્સમેન્ટ ઑવ સાયન્સ (બી. એ. એ. એસ.)'ના પ્રમુખ થયા; અને ૧૯૫૩માં સમસ્ત નૌકાદળના વડા 'ઍડમિરલ ઑવ ધ ફ્લીટ' તથા હવાઈદળના 'માર્શલ ઑવ ધ રૉયલ ઍર ફોર્સ' બન્યા.

હૉકી ક્રિકેટથી માંડીને પોલો સુધીની અનેક રમતોના એ ખેલાડી છે. જગતને પોલો જેવી મર્દાનગીભરી રમત આપનાર ભારતદેશના પાટનગરમાં આવીને તેમણે પોલોના શ્રેષ્ઠ ખેલાડીઓ—હિંદી સૈન્ય વિ૦ જયપુર મહારાજા ટીમ—ની મૅચ જોવાની તક ઝડપી લીધી હતી. મુંબાઇની ટ્રૉમ્બે ખાતેની અણુ-સંસ્થા 'અપ્સરા' અને ઇલોરા-અજંટાના કલામંડપો ઉપરાંત દિવસે તેમજ રાત્રે બે વખત 'તાજ'નું સૌંદર્ય જોવાનું તો એ કેમ જ ચૂકે?

'સુંદર અને ચપળ પંખી' સમા પ્રિન્સનું જ્ઞાનકુતૂહલ અદમ્ય છે, અને એમના વ્યક્તિત્વ જેટલી જ મોહક એમની વાક્છટા છે. 'પ્રવાસી' કહે છે તેમ, "મામા એક ગહન મુત્સદ્દી છે, જેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે; ભાણેજ એક નિખાલસ સજ્જન છે, જેનું મૂલ્યાંકન કરવા કોઈ ખાસ ઝવેરીની જરૂર નથી."

(સંકલિત)

માનવતાના કલંકને પોતાના લોહી



પંડિત જવાહરલાલ નેહરુના ટેબલ ઉપર રહેતું લિંકનના હાથનું આ શિલ્પ, મૂળ અમેરિકાના સ્મિથસોનિયન ઇન્સ્ટીટ્યૂશનમાંના લીઓનાર્ડ વોલ્ક નામે શિલ્પીના બીબા પરથી ઢાળેલું છે. એને વિષે પંડિત નેહરુએ કહેલું: 'સુંદર હાથ છે એ—મજબૂત, નિશ્ચલ ને છતાં મૃદુ. હું રોજ તેના તરફ નજર નાખું છું, અને તે મને બળ આપ્યા કરે છે.'

જેમની દોઢસોમી જયંતી આ બારમી તારીખે જગતે ઉત્સાહ ને આશા તથા સંમાન અને શ્રદ્ધાપૂર્વક ઊજવી તે માનવવિભૂતિ એબ્રહૅમ લિંકનની કારકિર્દીનો ખયાલ આપવા આ પ્રચલિત ઉક્તિનો ઉપયોગ થાય છે: 'લાકડાની કોટડીથી વ્હાઇટ હાઉસ સુધી'. પરંતુ, શિકારી પિતાની નાનીસરખી લાકડાની કોટડીમાં જન્મીને ઉત્તરોત્તર વિકાસ સાધતા રહી આખરે અમેરિકાના પ્રમુખપદ સુધી પહોંચીને પ્રમુખના ભવ્ય આવાસ 'વ્હાઈટ હાઉસ'માં નિવાસ કરતા થવું એ ભૌતિક સિદ્ધિ તો લિંકનની મહત્તાનો આભાસ માત્ર છે. લિંકનની વિભૂતિનું મૂલ્યાંકન કરવા ઇચ્છનારે સ્વદેશ અને સમષ્ટિ—માનવતા માટે તેણે કરેલા વિરાટ અને વ્યાપક કાર્યને જોવું જોઈએ.

જોકે એના પોતાના જીવનકાળમાં બહુ ઓછા માણસો એની મહત્તા સમજી શકેલા. દરરોજ એની કાર્યપદ્ધતિનો વિરોધ થતો, એની ઉપર પ્રહારો થતા, એની કિંમત ઓછી આંકવામાં આવતી, એની બદનક્ષી થતી, એને નામે અફવાઓ ફેલાવવામાં આવતી, એના કથનનો વિકૃત અર્થ કરવામાં આવતો અને એને ગાળો પણ દેવાતી.

પ્રમુખપદે આવ્યા પછી તરતમાં જ એણે ગુલામીના મુદ્દા ઉપર પોતાનો પ્રિય દેશને વિભક્ત થએલો જોયો. દેશ અત્યંત દુઃખદ અને ભયંકર સંઘર્ષમાં સપડાયો હતો. દીકરો બાપ સામે ને ભાઈ ભાઈ સામે લડતો હતો. લિંકનને ગુલામોવાળાં રાજ્યો જ નહિ પણ પોતાના પક્ષના ગુલામી ચલાવી લેવા જેટલા રૂઢિચુસ્ત વિભાગ સાથે પણ કામ લેવાનું હતું.

પોતે અત્યંત શાંતિપ્રિય મનુષ્ય હોવા છતાં શાંતિને ખાતર તેણે પોતાના સિદ્ધાન્તોનો ભોગ આપ્યો નહિ. અને જ્યારે યુદ્ધનેતાનો પાઠ પરાણે ભજવવાનો આવ્યો ત્યારે તેમણે તે સ્વીકારી લીધો, કેમકે આ આંતરવિગ્રહને તે લોકશાહીની પહેલી મોટી કસોટી માનતા. અંતે એ યુદ્ધમાંથી લોકશાહી—ગુલામીના નાશને રૂપે—વિજયી થઇને નીકળી.


શબ્દોનો ઉપયોગ લિંકન જે સુંદરતાથી કરી જાણતા તેમાં ભાગ્યે જ કોઈ વક્તા એમની તોલે આવી શકે. તેઓ વ્યવહારદક્ષ હોવા છતાં તેમના સત્તાવાર કાગળપત્રોમાં યે કવિત્વની સોનેરી સેર જણાતી. તેમના લખાણમાં મહાકવિ મિલ્ટનની ભવ્યતા ને બાઇબલની ગૌરવપૂર્ણ સરળતા હતી. તેમનાં વ્યાખ્યાનોમાં સરળ શૈલી, ટૂંકાં સ્પષ્ટ શબ્દો-

વાળાં વાકયો, સચોટ દૃષ્ટાંતો અને તીવ્ર વેધક તર્ક દેખાઈ આવતાં. તેમના વિચારો ઘરગથ્થુ વાક્યપ્રયોગોમાં મુકાતા એટલે સામાન્ય માણસ પણ એ સમજી શકતો. પાછળ નજર કરતાં એમ જણાશે કે સરહદના પ્રદેશોમાં ઘોડા પર બેસીને ભટકનાર આ માણસને સ્પ્રિંગ-ફીલ્ડની અંધારી ગંદી ઑફિસમાંથી વ્હાઈટ હાઉસમાં લાવનાર સૌથી મહત્ત્વનું તત્ત્વ તેમના એ વકતૃત્વનું બળ હશે.

અમેરિકન રાષ્ટ્રના પિતા, ગુલામોના તારણહાર અને માનવતાના પરમહંસ સરખા તત્ત્વનમ્ર એ પૂજારીના આદર્શ વ્યક્તિત્વની ઝાંખી, તેના એક સુહૃદ ને સાથી મિ. જૉન નિકૉલેના શબ્દોમાં જ કરીએ: “સમભાવ અને સદ્‌ભાવ, સ્નેહ અને ક્ષમા એ તેના ચારિત્ર્યની બુનિયાદ હતી. બીજી વારના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં ગણતરીના શબ્દોમાં જ તેણે વિશ્વવ્યાપી માનવતાને મૂર્ત કરી છે: ‘કોઈના પણ પ્રત્યે વિદ્વેષ વગર, સર્વે પ્રત્યે સદય સમભાવ સાથે.’ સ્વભાવે તે અત્યંત ધાર્મિક હતો,—જોકે તેણે કોઈ નિશ્ચિત સંપ્રદાય અપનાવ્યો ન હતો. વિશ્વંભરના સનાતન ન્યાય ને અપાર કરુણામાં તેને નિઃસીમ શ્રદ્ધા હતી, અને ઇસુના સત્ય-પ્રેમના આદેશને તેણે તેના પોતાના દૈનિક ક્રિયાકાંડનું રૂપ આપ્યું હતું. ઇતિહાસને પાને તેનું નામ સુવર્ણાક્ષરે અંકિત રહેશે: એક જબરદસ્ત ક્રાંતિના ખરાબામાંથી એક વિરાટ પ્રજાને ઉગારનાર વિરલ સંત્રી તરીકે અને તેના ધ્યેયની પ્રશસ્ય એવી એકતા માટે; શક્તિયુક્તિમતી તારતમ્યબુદ્ધિ માટે અને ગુલામીના ગોઝારાપણામાંથી રાષ્ટ્રને મુક્ત કરવાની સોનેરી પળને ઝડપી લેવાની મક્કમ ધીટતા માટે; કાયદા સાથેના વફાદારીપૂર્વકના લગાન માટે ને શક્તિના વ્યવહારની યુક્તતા માટે; પ્રામાણિકતા ને પવિત્રતાના સમુજ્જ્વલ વૈયક્તિક ઉદાહરણ માટે ને અંતતોગત્વા અદમ્ય તથા ભભકભર્યાં પ્રલોભનો-આકર્ષણો ઉપરના તેના વર્ચસ્ માટે,-જે દ્વારા તેણે ભયંકરપણે ક્ષતવિક્ષત અને વિકૃત થએલાં અનેક નૈતિક ને રાજદ્વારી બળોને શાંતિભરી સ્થિતિએ પહોંચાડયાં અને એ શાંતિને બંધારણ દ્વારા પણ બાંહેધરી અપાવી. પોતાના સ્વપ્નો પોતે જ શિલ્પી, એકેએક તક સાથે સમુત્થાન પામતો, એકેએક કટોકટીને પગ તળે કચડતો, એકેએક કર્તવ્યને પરિપૂર્ત કરતો તે પોતાની જાતને માત્ર તેના સમયના સુવિખ્યાત મનુષ્ય તરીકે જ નહિ, બલ્કે ભાવિ પ્રજાના યે એકલ વિરલ સમુદ્ધારક તરીકે પ્રમાણી ગયો.”



લિંકનના આ ખરબચડા ને ખડતલ મસ્તકમાં અમેરિકન દાક્તર—સર્જ્યન-શિલ્પી એમિલ સેલેત્ઝે માનવતાના એ મહાન મુક્તિદાતાની મક્કમતા ને મૃદુતાની લાક્ષણિકતા સાકાર કરી છે. નીચે: આંતરયુદ્ધ સમયના એક ફોટોગ્રાફ ઉપરથી અમેરિકાના આજના પ્રમુખ આઈઝનહોવરે ચીતરેલી લિંકનની તસ્વીર, જે અમેરિકાના પ્રમુખે જ બીજા કોઈ પ્રમુખની ચીતરી હોય એ રીતની પ્રથમ તસ્વીર છે.





વૉશિંગ્ટનમાં લિંકનની ભવ્ય પ્રભાવશાળી સ્મારક પ્રતિમા


દંડકારણ્ય યોજના

સ્વાતંત્ર્ય પછી ભારત સામે જે અનેક વિટંબણાઓ ઊભી થએલી તેમાંના ઘણા પ્રશ્નો તો હજી આજે દસદસ વર્ષ પછી યે એટલી જ વિકટ પરિસ્થિતિ ઊભી કર્યા કરે છે. પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં ઊતરી આવતા હિજરતીઓનો દેશમાં સમાવેશ કરવાનો પ્રશ્ન આપણી કસોટીની એક આકરી શ્રેણી સમો છે; પરંતુ આપણી સરકાર પણ તેને હલ કરવા ધીરજ ને બુદ્ધિપૂર્વક યોજનાઓ કરી રહી છે. તેમાં 'દંડકારણ્ય યોજના' ઘણી જ વિશાળ અને ઉમદા છે.

છેક રામ-વનવાસથી વિખ્યાત 'દંડકારણ્ય'નો આ વિસ્તાર મૂળ તો ૮૦,૦૦૦ ચોરસ માઈલનો ભારતની પૂર્વકંઠાર પાસેનો વિશાળ ભૂવિસ્તાર છે, અને તેમાં નવા મુંબાઇ રાજ્ય, મધ્ય પ્રદેશ, આંધ્ર તથા ઓરિસ્સાના પ્રદેશોનો સમાવેશ થાય છે; પરંતુ યોજના તળેનો વિસ્તાર તો માત્ર ૩૦,૦૫૨ ચોરસ માઇલનો જ છે. હજી અવિકસિત જ રહેલો આ પ્રદેશ ખનિજો અને જંગલોથી સમૃદ્ધ છે. ત્યાંની સમૃદ્ધિને હિસાબે હજી આજે યે ત્યાંની વસતિ બહુ ઓછી હોઇ એ ભાગમાં હજારો નવાં કુટુંબોને વસાવી શકાય તેમ છે. જ્યારે બીજી બાજુ બંગાળ અને ખાસ તો કલકત્તામાં ઊતરી આવેલા હિજરતીઓને આપવા કામ નથી, રાખવા જગ્યા નથી. છાવણીઓમાં પડી રહેતા આ બેકાર હિજરતીઓની પાછળ સરકારને કંઇ ઓછો ખર્ચ નથી વેઠવો પડતો। ઉપરાંત,નિષ્ક્રિય પડયા રહેતા આ લોકો આર્થિક ને નૈતિક રીતે અધોગતિ જ પામતા રહે છે. દંડકારણ્ય વિકાસ માગતો પ્રદેશ છે અને એને માટે માણસોની ખોટ છે, તો પછી આ હિજરતીઓને ત્યાં વસાવાય તો બંને પક્ષે લાભ થઇ પરિણામે દેશની સમૃદ્ધિમાં પણ વધારો થાય. આમ વિચારી સરકારે આ વિશાળ યોજના હાથ ધરી છે.

બૉકસાઈટ, અબરખ, તાંબું, માટી, ગ્રેફાઈટ, ચૂનાનો પથ્થર, મૅંગેનીઝ, ઑકર, સ્ટીઆટાઇટ, લેપિડોલાઇટ વગેરે ખનિજો સાથે અહીં લોઢું નીકળવાની તો એટલી બધી શકયતા છે કે તે જથ્થો ગુણવત્તા તથા પ્રમાણની દૃષ્ટિએ જગતનાં સર્વ સ્થાનો કરતાં વધુ ઊંચું સ્થાન પ્રાપ્ત કરે એવી તદ્વિદોની માન્યતા છે. પચાસ ટકા વનસ્પતિને લીધે અહીં લાકડાના વૅ'રના પાટિયાં, હાર્ડબૉર્ડ, હોડીઓ તથા ખેતીવાડીનાં ઓજારો, રેલવેના સ્લિપર્સ વગેરે મોટા ઉદ્યોગો સાથે નેતર, લાખ, મધ, આમલી, ગુંદર, અરીઠા, આરારૂટ અને કેટલીયે વનૌષધિઓ જેવી મબલખ આડઊપજો પણ થઇ શકે તેમ છે. આમ, નાનામોટા ઉદ્યોગો ખીલવવાની શકયતાઓવાળા આ પ્રદેશમાં ખેતીની પેદાશમાં હાલ તો ચોખા, શેરડી અને કપાસ જ મુખ્ય ગણાય; પણ તેનું યે પ્રમાણ હજી અનેકગણું વધવાની શકયતાઓ છે.ઉપરાંત, શણના ઉત્પાદનવાળો ઘણો મોટો ભાગ પાકિસ્તાનમાં ગયો હોઈ સરકારે અહીં તેની શણના વાવેતર સારુ પણ ખાસ વિચારણા કરેલી છે.

પણ ઉપર્યુક્ત સઘળા વિકાસ માટે માત્ર માનવબળ જ પૂરતું નથી. એને માટે જરૂરી વિદ્યુત્શક્તિ પણ જોઇએ. એની યે અહીં ખોટ નહિ રહે, કેમકે સરકારે લગભગ પંદર સ્થળોએ પાવર-સ્ટેશન ઊભાં કરવાં ધાર્યાં છે. મધ્યમ અને નાની નહેરોની યોજનાઓ કરી છે. અહીં થનારાં ઉત્પાદનોને તેનાં બજારોમાં પહોંચાડવા તથા એકબીજાં સ્થળોને સાંકળવા રેલવે બનાવવા માટેની મોજણી પણ થઇ ચૂકી છે. જળાશયો ને તળાવો સાથે અહીં મત્સ્ય-ઉછેર પણ થઈ શકશે. (પૂર્વ પાકિસ્તાનીઓ અને અહીંના મૂળ વસાહતીઓનો મુખ્ય ખોરાક પણ આ જ હશે.) તે જ રીતે ખેતીવાડી સાથે પશુપાલન ને મરઘાંઉછેર પણ.



▬ વર્તમાન રેલવે માર્ગ; ⁞⁞⁞ સૂચિત રેલવે માર્ગ; - - - - રાજ્યના મુખ્ય માર્ગો; ===== રાષ્ટ્રીય ધોરી માર્ગ; △ બૉકસાઈટ; ▲ અબરખ; ⊙ તાંબું; C માટી; ▮ કાચું લોઢું; ⊕ ગ્રૅફાઇટ; L ચૂનાના પથ્થર; ▬ મૅંગેનિઝ; S સ્ટીએટાઇટ ✱ સૂચિત બંધ અને વિદ્યુતમથક; ■ લેપિડોલાઇટ; F પકવી શકાય તેવી માટી (ફાયર કલે)

દંડકારણ્ય યોજના તળેના આ વિસ્તારની હાલની કુલ વસતિ લગભગ ૩૦.૪૨ લાખની છે. આમાંથી ૧૭.૭૮ લાખ—એટલેકે લગભગ ૪૫ ટકા તો પછાત વર્ગ છે. આ વિસ્તારનો વિકાસ થતાં આ પછાત વર્ગ પણ કેટલો ઊંચો આવી શકશે? અને વિકાસકાર્યમાં પણ તેમનો ફાળો ઓછો નહિ હોય. સુયોજિત વ્યવસ્થા માટે આ વિસ્તારને ફરસગાંવ, નારાયણપુર, અમરાવતી, ઉમરકોટ, અને માલ્કનગિરિ એમ પાંચ વિભાગો(ઝોન)માં વહેંચી નાખ્યો છે. યોજનાના અધિકારીનું મુખ્ય કેન્દ્ર કોરાપુટ્ટા છે. અહીં એક ટૅકનિકલ ઈન્સ્ટીટયૂટની પણ વ્યવસ્થા છે, જ્યાં તાલીમ પામેલા અહીંનાયુવાનો અહીંના જ વિકાસમાં કામે લાગી જઈ શકશે. જગદલપુરમાં પણ એક બીજી કચેરી રખાઈ છે, જ્યાં અરધા જેટલા કાર્યકરો રહે છે.

દંડકારણ્યનો આ વિસ્તાર મધ્યપ્રદેશના રાયપુરથી જગદલપુર સુધીના ૧૮૯ માઈલના બસમાર્ગ વડે જોડાએલો છે. રાયપુરથી માત્ર ૨૦ માઈલ જ દૂર ભિલાઇનું પોલાદનું વિખ્યાત નગર ઊભું થયું છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૪૩ આ યોજનાના પ્રદેશમાં થઈને જ રાયપુર અને વિજય-

નગરમ્‌ને જોડે છે. અને વિશાખાપટ્ટનમ્‌નું આપણી પૂર્વકંઠારનું મોટું બંદર અહીં બાજુમાં જ છે.

પૂર્વ પાકિસ્તાની હિજરતીઓને અહીં લાવીને વસાવવાની તથા સાથોસાથ અહીંની પછાત આદિવાસી પ્રજાને સુધારવાની સરકારની આ નેમ બર આવતાં આ પ્રદેશ દેશના વ્યાપારઉદ્યોગને ક્ષેત્રે ઘણો જ આગળ આવી જશે એ નિર્વિવાદ છે. ટૂંકમાં નિર્વાસિત વસાહતીઓને આવા પ્રદેશની અને આ પ્રદેશને પોતાના સમગ્ર વિકાસ માટે બુદ્ધિશાળી તથા ઉદ્યમી વસાહતીઓની જરૂર છે, તે અરસપરસ પૂરી પડશે. સરકારે આ યોજનાને ક્યારની અમલી પણ બનાવવા માંડી છે. છેલ્લે આ માસની ૯મી તારીખના અહેવાલ મુજબ કેન્દ્રીય પુનર્વસવાટ ખાતાના પ્રધાન શ્રી મહેરચંદ ખન્નાએ જણાવ્યું હતું કે સરકારે પૂર્વ પાકિસ્તાનમાંથી આવેલા ૩૫૦૦૦ નિર્વાસિત કુટુંબોને દંડકારણ્યમાં વસાવવાની યોજના પૂરી કરી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ કુટુંબોને જરૂરી સવલતો ઉપરાંત, મફત તબીબી સહાય તથા હેરફેર ને શિક્ષણને લગતી સગવડો અપાશે. આમ, ઉજ્જવળ ભાવિવાળો આ પ્રદેશ આજે પુરુષાર્થીઓને આહ્‌વાન આપી રહ્યો છે.

ઊંઝા

ઉત્તર ગુજરાતમાં આવેલું ઊંઝા એક ઐતિહાસિક સ્થળ છે. એણે મુસલમાની યુગમાં પરચક્ર-દમનનાં સંકટો વેઠયાં હોવાની દંતકથાઓ પ્રચલિત છે. જંધરાણ નામની જાતિએ અહીંના વતનીઓને ગુલામીમાં દબાવી દીધા હતા અને પોતાનું વ્યક્તિત્વ ખોઈ તેઓ પરાધીન દશામાં હતા ત્યારે કોઈ સાહસવીરોએ કોઈ અજબ વ્યક્તિની આગેવાની નીચે એક જ રાતમાં જુલમગારોનો સામનો કરી માદરે વતનને મુક્તિ અપાવી હતી. રાજપૂત યુગમાં ઊંઝાની એક નારીએ પાટણના રાજવીને પણ પડકાર્યો હતો એવી દંતકથા પ્રચલિત છે.

મેવાડમાંથી ગુજરાતમાં ઊતરી આવેલી અહીંની કડવા કણબીની સાહસિક કોમે ઊંઝામાં પોતાની કુળદેવી ઉમિયા માતાની સ્થાપના કરીને ગુજરાતમાં ભવ્યતા વેરતા આ ક્ષેત્રની સ્થાપના કરી. છેક ઈસ્લામ યુગથી હિંદભરમાં પોતાની નાટ્યકલાથી મશહૂર બનેલી તરગાળા કોમ અહીંથી જ ઉત્પન્ન થઈ છે. જેમણે ગુજરાતના રાજપૂતોને શૌર્યાન્વિત કરતો સિંધુડો ગાઇને બારોટ કોમને થતો અન્યાય દૂર કરવા પાટણના રાજવીના રાજમહેલે સત્યાગ્રહ આદરી આત્મસમર્પણ કર્યું હતું એ હુતાત્મા ભૂપતસિંહ બારોટ પણ અહીં થઈ ગયા.

પૌરાણિક ઇતિહાસ કહે છે કે આદિ પુરુષ શિવજીએ પોતાની મૂળ પ્રકૃતિનું સ્થાપન આ સ્થળે કરેલું તેથી આ સ્થળ ઉમાપુર નામથી પુરાણોમાં પ્રસિદ્ધ છે. ઊંઝાના કાળેશ્વર મહાદેવનો ઈ. ૧૨૧૦માં લખાએલો શિલાલેખ હજુ પણ મોજૂદ છે. ગુર્જરાધિપતિ સિદ્ધરાજ જયસિંહદેવ વારંવાર ઊંઝામાં આવતા હોવાનો ઉલ્લેખ પ્રબંધચિંતામણિ નામના પ્રાચીન ગ્રંથમાં છે. જૈન તીર્થસંગ્રહ નામના પ્રાચીન ગ્રંથમાં પણ ઊંઝાનું જૈન દેરાસર બારમી સદીમાં બન્યું હોવાનો ઉલ્લેખ છે.

કડવા પાટીદારો ઉપરાંત રુસાત, મોલ્લોત અને આંટાવાળા વગેરે અન્ય પાટીદાર ભાઇઓ પણ અહીં અગત્યનું સ્થાન ધરાવે છે. આ બધા ખેડૂતો છે ને ખેતી જ એમનું જીવનધન છે; છતાં ઊંઝાના પાટીદારોએ ખેતી અને વેપાર બંને ક્ષેત્રમાં સરખી નામના મેળવી છે. અહીં ઑઈલ મિલ્સ, પલ્સ મિલ્સ, સાબુનાં, રેશમનાં, હાથશાળ વગેરેનાં અનેક કારખાનાં શરૂ થયાં છે. ઊંઝાનું સીડ્‌ઝ મરચન્ટ્‌સ એસોસીએશન તો મુંબઈ પ્રાંતમાં મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી ચૂક્યું છે.

સ્વ. મગનલાલ રવિકરણદાસ મહેતા, સ્વ. નટવરલાલ મગનલાલ અને સ્વ. વાડીલાલ છગનલાલ ઊંઝાના મશહૂર દાનવીરો થઈ ગયા. સ્વ. વિઠ્ઠલ કીરપારામ દવે સમા મુત્સદ્દી અહીં થઈ ગયા અને અહીંના સ્વ. નગીનદાસ છગનલાલ રસવૈદ્યે વૈદકશાસ્ત્ર ઉપર સંશોધન કરીને મહામૂલા ગ્રન્થો લખ્યા છે. સ્વ. નાગર મહેતા, મૂળદેવ મહેતા જેવા ગ્રામશિક્ષણના ગુરુ, સ્વ. શામળદાસ પટેલ જેવી બાહોશ વ્યક્તિ, સ્વ. શંકરલાલ મેવાડા જેવા કેળવણીકારો, ને ઊંઝાને પોતાનું પ્રવૃત્તિકેન્દ્ર બનાવનાર સ્વ. છોટુભાઈ પંડિત જેવા લોકસેવકો ઊંઝાની મીરાસ હતા. આજે પણ ઊંઝાના પુત્રો એની કીર્તિ ચોતરફ ફેલાવી રહ્યા છે. જાણીતા પ્રકૃતિવિદ્ શ્રી હરિનારાયણ આચાર્ય, સંસ્કૃતના પ્રખર વિદ્વાન તથા અનેક યુવાનોના વિદ્યાગુરુ શ્રી હરિશંકર દેવશંકર આચાર્ય, ઊંઝાના યુવાનો ને વેપારીઓની પ્રેરણામૂર્તિ સમા શ્રી પ્રતાપસિંહભાઈ બ્રહ્મભટ્ટ જેવાં થોડાંક નામોનો ઉલ્લેખ બસ થશે. ('પુસ્તકાલય'માંથી)

ખજૂર

ખજૂર એક સસ્તો ને પૌષ્ટિક ખોરાક છે. તેમાં રહેલું કૅરોટીન શરીરમાં પચતાં વિટામિન 'એ' બને છે, જે બીજા ઘણા ફાયદા કરવા ઉપરાંત આંખોને ખાસ લાભકારી છે. ખજૂરમાં સાકરનું પ્રમાણ ઘણું હોવા ઉપરાંત ચૂનો, ફૉસ્ફરસ અને લોખંડ ત્રણે ખનિજો હોય છે. પાશેર ખજૂરમાં ૮૦૦ કૅલેરી ઉષ્ણતા હોય છે. લાંબી બીમારી પછી જેનું લોહી ઘટી ગયું હોય તે ખજૂરનું સેવન કરે તો લોહી વધે છે. મુસાફરી વખતે બીજી વસ્તુઓ ખાવા કરતાં ખજૂર ને મગફળી ખાવાથી થાક ઓછો લાગે છે. થાક લાગતાં જેઓ ચા પીએ છે તેઓ ખજૂર ખાય તો તેમને વધુ તાઝગી મળે. ખજૂર, દ્રાક્ષ, ઘી, મધ, પીપર અને ખડી સાકર સરખે ભાગે લઇ બારીક વાટી, બેત્રણ તોલા રોજ દૂધ સાથે લીધાં હોય તો જૂની ઉધરસ ને શ્વાસની બીમારી મટે છે.

ખજૂરને રુચિકર રીતે ખાવા માટે તેની ચટણી, રાયતું વગેરે પણ બનાવી શકાય. ચટણી માટે ખજૂર સાથે જીરું, આમલી, હિંગ ને મીઠું ભેળવી શકાય. રાયતામાં જીરું, મરચું, દહીં ને રાઇનો ઉપયોગ થઇ શકે. ખજૂરનો પાક પણ તૈયાર થઈ શકે. ખજૂર સુકાઈને ખારેક થઈ જાય ત્યારે તેના ટુકડા કરી, લીંબુના રસમાં મીઠું નાખીને, ડુબાવવાથી એક સારું અથાણું બને છે. વાયુ ને પિત્તને તે દૂર કરે છે. (લોકમત)

નવા યુગની કહેવતો

ચૂંટણીમાં ઊભા નથી પણ કેન્વાસર તો થયા છીએ!
ઘાંચજાની ગોટલીમાં આંબાનો ખોડો ન હોય!
કોલસાની દલાલીમાં રોટલા કાચા ન રહે!
વાંસલો ને દાંતરડું પોતાની તરફ જ આવે.
બત્રીસી પહેરીને દંતમંજન વેચવા બેઠો!
ચોધરી–ચોધરામાં ફેર આભ જમીનનો.
ઘોડો કાંઈ નાળ લઇને જન્મતો નથી.
પીઠે ચામડું અને કોરડે ય ચામડું.
ચોરને બધી ભોંય રબરની.
હલકો ગોળ ગડાકુમાં!
રેતીનું અટામણ ન થાય.
તડકે જોઇજોઇને રતાંધળો થયો.
તેલી ધંધો વધારવા મશાલચી થયો!
પાડો જન્મતાં જ યમરાજાની રાહ જૂએ.
(દૂધવાળા ભૂખે મારી નાખે છે)

રતિલાલ 'અનિલ'

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશી પત્રમિત્રો સાથે સામયિકોનો વિનિમય

જે વાચક ભાઇઓ પોતાની પાસેનાં અંગ્રેજી ભાષામાં પ્રગટ થતાં હિંદી સામયિકોના બદલામાં અમેરિકા, ઇંગ્લંડ વગેરે દેશોનાં જુદાંજુદાં સામયિકો મેળવવામાં રસ ધરાવતા હોય તેઓ આ નીચે આપેલાં સરનામાંવાળાં ભાઇ-બહેનોને પોતાની પાસેનાં વંચાઈ ગએલાં સામયિકો (જેવાં કે ઈલસ્ટ્રેટેડ વીકલી, સ્પોર્ટ ઍન્ડ પાસ્ટાઈમ, કૅરૅવાન, ફિલ્મફેર, હિંદુ વીકલી રિવ્યૂ, ભારત જ્યોતિ, સન્ડે સ્ટૅન્ડર્ડ વગેરે કોઈ પણ વિષય ઉપરનાં સામયિકો) મોકલીને બદલામાં પોતાને જે વિષય ઉપરનાં સામયિકો મેળવવાં હોય તે જણાવશે તો શક્ય હશે ત્યાં સુધી તેઓ એ મુજબ મોકલવા પ્રયત્ન કરતાં રહેશે. આ વિષે અગાઉથી તેમની સાથે પત્રવ્યવહાર કરીને નક્કી કરી લેવું ઉચિત થશે. આ જ રીતે ઐતિહાસિક સ્થળો, કુદરતી દૃશ્યો વગેરેનાં કાર્ડ ટિકિટો વગેરેનો પણ વિનિમય કરી શકાશે. —રમણિક ઢાંકી (ગોલાવાડ સ્ટ્રીટ, પોરબંદર)

(1) Harry Stone, 24, Stone Street, New York-4, N. Y. (U.S.A.); (2) Richard Trefrey, 14, Richardson St., Billerica, Mass. (U.S.A.); (3) Mrs. Nora F. Chase, 6820, Delnar Blod, St. Louis 5, Mo. (U. S. A.); (4) Gaylord Yost, Editor & Publisher, Fayette Riview, Fayette, Ohio (U.S.A.); (5) Lynn L. Seymour, 1323, North 10th St., Manitowoc, Wisconsin (U.S.A.); (6) Kent Brauninger, 41, Lindbergh Avenue, West Newton 65, Massachusetts (U. S. A.); (7) Mrs. Lilian Bryant, 14, Prospect Street, Saugus, Mass. (U.S.A.); (8) Mrs. W. B. Green, 404, Glendale Road, Hinsdale, Illinois (U.S.A.); (9) E. O. Williams, P.O. Box 702, Oceanside, California; (10) E. Rice (Mrs.), Grovertown, Indiana (U.S.A.); (11) Miss Lynn Haberstock, 24, North Forest Avenue, Rockyille Centre, New York, N. Y. (U.S.A.); (12) V. N. Barkham (Miss), Claremont School, Esher, Surrey (England).

હિંદી પત્રમિત્રો

(23) Dinesh M. Mehta–20, Mehta Cottage, Shakti Plot No.6, Morbi (Saur.), Stamps, Match Lables; (24) Krishnaprasad Goel–24, Antalia, Vaghrech (Surat), Time & Motion Study, Industrial Relations, Labour Welfare; (25) Jaysinh Madhavdas Sampat–16, Near Rupada Mehta's Chhana, Ranwala Deli, Mandvi (Kutch), Swimming, Sposts, Touring, Autographs; (26) Pravin Dave–24, 2664/2, Charsheri, Pakhali Pole, Raipur, Ahmedabad-1, Stamps, Cinema, Literature; (27) Ashok Shukla–24, 2686 Charsheri, Pakhali Pole, Raipur, Ahmedabad-1, Literature, Photography, Music; (28) Girish J. Bhatt–21, Ahmedabadi Pole, Kadva Sheri, Baroda-1, Stamps, Novels, Travelling; (29) Priyavadan U. Raval–22 (International Penpal), Sultanpura, Baroda, Stamps, Coins, F. D. Covers; (30) Balam L. Tilwani–21, 'Uday Prakashan' Bldg., Opp. Hill Garden, Kankaria Rd., Ahmedabad, Painting, Chess, Sketting, Music; (31) Krishnadas Kumandas–16, C/o Damodardas Kumandas, Timber Merchant, Bunder Road, Veraval (Saur.), Stamps, Cricket, Photography, Literature; (32) Ramnik Bhailalbhai Thakkar–21, Executive Engineers' Office, Survey & Construction, Freeland Gunj, Dahod (Dist. Panchamahal), Journey, Music, Drawing; (33) Kamaleshkumar Thakkar–19, C/o Keshavlal Dalsukhram Thakkar, Pirameenar Road, Baroda, Music, Reading, Stamps; (34) Bansilal Thakkar–15, C/o H. V. Shroff Memorial High School, 8th Standard, Lalwada, Baroda, Swimming, Journey, Stamps, Cycling; (35) Narendrakumar G. Kalyani-19, C/o Shree Ambika Jute Mills Ltd., 5 Clive Row, Calcutta-1, Politics, Photography, Stamps, Travelling; (36) Pravin chandra Popatlal Shah–15, 2505 Bavalia's Lane, Shamala's Pole, Raipur, Ahmedabad, Stamps, Reading; (37) Pratap B. Thosani–17, C/o Bhagvanji Durlabhji Mehta, Iron Merchant, Savar Kundla (Saur.), Stamps, Reading; (38) Dhimant B. Gandhi–17, Bazar, Wadhwan City (Saurashtra), Literature, Stamps; (39) Dhirajlal Nanchand Shah–20, C/o Messrs Shah & Co., Bazar, Mandal (Dist. Ahmedabad), Mathematics, Astronomy, Statistics, Travelling. (ચાલુ)

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: વિકટર હ્યૂગો

ફ્રેન્ચ સાહિત્યમાં રંગદર્શિતાનો નવો જ યુગ સર્જનાર ઊર્મિસંવેદનોના અભિજાત કવિ,



મહાન નવલનવેશ અને નાટ્યકાર વિક્ટર હ્યુગોનો જન્મ ફ્રાન્સના બેસાન્કોં ગામમાં ઈ. ૧૮૦૨-ની ૨૬મી ફેબ્રુઆરીએ નેપોલિયનના લશ્કરના એક જનરલને ત્યાં થયો હતો; તેથી પિતા સાથે તેણે કૉર્સિકા, ઈટાલી, સ્પેન, નેપલ્સ અને માડ્રિડની સફરો કરેલી. પારીસની શાળામાં ત્રણ વર્ષ લીધેલું એ જ તેનું સતત ને પદ્ધતિપૂર્વકનું શિક્ષણ. પહેલેથી તે સારો ગાણિતિક ને વાચનભૂખ્યો હતો. તેણે કવિતા લખવી વહેલી શરૂ કરી. તેનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ઓડ્ઝ ઍન્ડ બૅલૅડ્ઝ' તેની ૨૦ની ઉમરે બહાર પડ્યો. ૧૮મા લૂઇએ આ ઊગતા પ્રતિભાવંત સાહિત્યકારને પેન્શન બાંધી આપ્યું, જેની અકિંચન જેવી સ્થિતિના હ્યૂગોને તો અનિવાર્ય જરૂર હતી. બાળપણની એક પ્રેમિકા એદિલે ફાઉચરને તે પરણેલો.

ઊર્મિકાવ્યો અને મહાકવિતા, નવલકથાઓ, નાટકો, સંસ્મરણો, રાજદ્વારી લખાણો એમ નાનાવિધ પ્રકારના તેના સાહિત્યસર્જનનો પ્રવાહ આખર સુધી અવિરતપણે વહ્યા કર્યો. ફ્રેન્ચ રંગદર્શીઓના આગેવાન તરીકે તેની ગણના બહુ વહેલી થવા લાગી, અને આખરે ઈ. ૧૮૨૭માં તો સાહિત્યજગતમાં તે સ્પૃહણીય અને ચિરંજીવ સ્થાન પામ્યો. ૧૮૩૦માં બહાર પડેલા નાટક 'હિરાની'એ તેને ૧૫૦૦૦ ફ્રાન્ક કમાવી આપ્યા. બીજે વર્ષે 'નૉત્રદામ દ પારી' નવલકથા બહાર પડી. એ બંનેની લોકપ્રિયતાએ તથા 'લુક્રેઝિયા બૉર્જિયા' જેવાં નાટકોએ તેની સાહિત્યપ્રતિભાને જાણે કે મુદ્રાંકિત કરી. ૧૮૪૧માં તે ફ્રેન્ચ એકૅડેમીમાં લેવાયો. થોડા વખત માટે કવિતાને અળગી કરીને તેણે રાજકારણમાં પણ ઝંપલાવ્યું, ને ૧૮૪૫માં તેને ઉમરાવ બનાવવામાં આવ્યો.

૧૮૪૮ની ક્રાંતિ પછી હ્યૂગો બંધારણીય ને ધારાસભાની સમિતિઓનો સભ્ય થયો, પરંતુ જ્યારે નેપોલિયન ત્રીજાએ ૧૮૫૧માં સત્તા પોતાને હસ્તક લીધી ત્યારે હ્યૂગોને દેશનિકાલની સજા મળી. અને બીજી શાહાનશાહત ૧૮૭૦માં નષ્ટ થઇને ત્રીજા પ્રજાસત્તાકની સ્થાપના સુધી તે ફ્રાન્સ પાછો ફરી શક્યો નહિ. માત્ર એક મહાન લેખક તરીકે જ નહિ પણ માનવ-સ્વાતંત્ર્યના એક અવિશ્રાંત હિમાયતી તરીકે પણ હ્યૂગો વિશ્વવિખ્યાત છે. રાજકારણમાં હ્યૂગો ધૈર્યવાન હતો, પરંતુ રાજદ્વારી કાવકાઈનો તેનામાં અભાવ હતો.

તેની દેશનિકાલીનાં છેલ્લાં વર્ષો તેની પત્નીના ત્યાગથી અને તે પછી તરતના તેની પુત્રી એક અંગ્રેજ સાથે ભાગી જવાના બનાવથી દુ:ખી બની ગયાં. પારીસ આવ્યા પછી રાજકારણમાં તેણે બહુ થોડો ભાગ લીધો. તેની ૮૦મી જયંતીએ છ લાખ સાથી નાગરિકોએ તેનું આદર અને ભક્તિપૂર્વક સંમાન કરેલું. હવે તે 'સાહિત્યના ભવ્ય વયોવૃદ્ધ પુરુષ' તરીકે પ્રકીર્તિત થયો અને ૧૮૮૫ની ૨૨મી મેએ તેનું પારીસ ખાતે અવસાન થયું. તેના શબને ૩૧મી મેએ પાંથીઑ ખાતે દફન કરાઇને તેની વિભૂતિનું બહુમાન કરાયું.

તેણે લખેલી બાળકો માટેની કહાણીઓ વ્યાપક લોકાદર પામી છે. આજે પણ તેનાં નાટકોની અદ્‌ભુત કાવ્યાત્મક ગુણવત્તા રંગભૂમિનું એક આકર્ષણ છે; પરંતુ નાટકકાર અને નવલકાર તરીકે તેનું પાત્રાલેખન એટલું કલાત્મક નથી. તેના પાત્રાલેખનમાં થોડુંક જાતવિવેચકપણું ડોકાય છે. ભાવાત્મક વિચારોમાં હ્યૂગોની પહોંચ સવિશેષ નહોતી. પરિણામે 'નૉત્રદામ દ પારી' અને 'લા મિઝરેબલ' જેવી તેની અતિખ્યાત નવલકથાઓમાં નોંધપાત્ર વર્ણનાત્મક પરિચ્છેદો અને હૃદયદ્રાવક વર્ણન પણ માનવઅનુભવની કક્ષાને સમાંતર નથી બની શક્યાં. હ્યૂગો કદાચ ઊર્મિકવિતા અને મહાકવિતાના સર્જક તરીકે સફલતમ છે. અભિજાત કલ્પના સાથે સ્વરસંગીત પર અદ્‌ભુત પ્રભુત્વ તેને હતું. 'લા ફ્યાલિસ દ ઑાતમ' ને 'લા લેજાન્દે દ સ્પેકલ' જેવા તેના સંગ્રહો એ તેની સર્જકશક્તિના શિરમોર સમા છે.

દિનવિશેષ

તા. ૧ બારડોલી નાકર લડતના ઐતિહ્ય સત્યાગ્રહની ગાંધીજીએ ઘોષણા કરી, ૧૯૨૮.
તા. ૩ ભારત-પડોસી સિલોને ૪૩૨ વર્ષ પછી ઈંગ્લંડ પાસેથી સ્વાધીનતા મેળવી, ૧૯૪૮.
તા. ૫ પ્રસિદ્ધ ને લોકપ્રિય અંગ્રેજ વિદ્વાન કાર્લાઈલનું ૮૫ વર્ષની વયે અવસાન, ૧૮૮૧.
તા. ૬ અંગ્રેજોને સૂરત શહેરમાં કોઠી નાખવાની શાહાનશાહ જહાંગીરે મંજૂરી આપી, ૧૬૧૩.
તા. ૧૦ રશિયાએ જાપાનને કચડવા યુદ્ધ જાહેર કર્યું (જેમાં અંતે પોતે જ હાર્યું), ૧૯૦૪.
તા. ૧૧ વાઈસરૉય લૉર્ડ કૉર્નવૉલિસે જિલ્લા અને શહેર અદાલતોની સ્થાપના કરી, ૧૭૯૩.
તા. ૧૩ ભારતનાં અગ્રણી મંદિરો પૈકીનાં એક જગન્નાથના મંદિરમાં હરિજનપ્રવેશ, ૧૯૪૮.
તા. ૧૫ પ્રસિદ્ધ ઈટાલિયન ખગોળવેત્તા અને ગતિશાસ્ત્રના શોધક ગૅલિલીઓનો જન્મ, ૧૫૬૪.
તા. ૧૭ ફ્રેન્ચ હાસ્યરસિક નાટકકારોમાં સૌથી મહાન મૉલીએરનું પારીસમાં અવસાન, ૧૬૭૩.
તા. ૧૮ પ્રકીર્તિત ઇટાલિયન ચિત્રકાર, શિલ્પી ને સ્થપતિ માંઇકલૅન્જેલોનું અવસાન, ૧૫૬૪.
તા. ૨૨ દેશસેવામાં મૂક ફાળો આપી ભારતજનની બનેલાં કસ્તૂરબાનું નિધન, ૧૯૪૫.
તા. ૨૬ નેપોલિયન એલ્બા ટાપુની તેને કારી ઘા સમી લાગતી કેદમાંથી નાસી છૂટ્યો, ૧૮૧૫.

પ્રસંગવિશેષ: શાહજહાંનું મૃત્યુ, ૨૭ ફેબ્રુઆરી ૧૬૬૬


મુઘલ સલ્તનતનો મધ્યાહ્ન એ જેમ શાહજહાંની જીવનકારકિર્દીનો મધ્યાહ્ન, તેમ મુઘલ સલ્તનતના અસ્તનાં બીજ પણ શાહજહાંની જીવનસંધ્યા બાદ રોપાઇ ગયાં, તેમાં શાહજાદાંની લશ્કરી અને તંત્રવિષયક અક્ષમતાનો તથા તેના પરવર્તી શહેનશાહોની અદૂરંદેશીનો યે ફાળો છે. શાહજહાંની ઇચ્છા હતી કે મોટો પુત્ર દારા શિકોહ ગાદીવારસ બને. દખ્ખણમાં ઔરંગઝેબ પોતાના વિજયોને ફળ લાગેલાં જોવા ઇતેજાર હતો, પરંતુ એ યોજનામાં તે નિષ્ફળ નીવડ્યો એટલે તેણે પોતાનું લક્ષ ઉત્તરમાં પિતા અને ભાઈઓના વર્ચસ્વનો વિરોધ કરવા પાછળ કેન્દ્રિત કર્યું. નર્મદા નદી પરના જહાજી કાફલાને જપ્ત કરીને તેણે પિતા અને ભાઇઓના રાજ્ય-વિકાસના બનાવોને તાત્કાલિક ડામી દીધા અને સિંહાસન પરના પોતાના અભિગમને સલામત બનાવ્યો. પછી તો ૧૬૫૯ના જૂનમાં તે ગાદીએ આવ્યો, ૧૬૬૦ની ૮મી જૂને આગ્રા કિલ્લો તેને શરણે થયો અને શાહજહાં તેનો આજીવન બંદીવાન બન્યો, ઇતિહાસનું પુનરાવર્તન થયું. કેદમાં તેને એક ક્રૂર સ્વભાવના હીજડાની સંભાળ તળે રાખવામાં આવ્યો, જે તેને અનેક પ્રકારની આઘાતકારક વાતોથી અત્યંત વ્યગ્ર અને ખિન્ન રાખતો. આ અને સખત કેદના સાતત્ય સિવાય તેને શારીરિક રીતે પીડવામાં આવતો નહિ. એ કરુણતમ બંદી અવસ્થાની યાતના ભોગવતાંભોગવતાં ઈ. ૧૬૬૬ની ૨૭ ફેબ્રુઆરીએ તે મૃત્યુ પામ્યો.

ઝૂલણા

કાર્ય કર, કાર્ય કર, કાર્ય કર સતત તું,
કાર્ય વિણ જગતમાં કો ન મુક્તિ.

ખબરદાર

એક જણને કોઈ માણસ વિષે ખૂબ ગાળો ને ગુસ્સાપૂર્વક બોલતો સાંભળી લિંકને તેને કહ્યું કે આમ બખાળા કાઢવા કરતાં તમારો રોષ તેને ઉદ્દેશીને એક પત્રમાં લખી કાઢો. પેલાએ એવો કાગળ લખીને લિંકનને વંચાવતાં તેણે તેમાં ઊતરેલી કડકાઈનાં વખાણ કર્યાં. લખનારે ખુશ થઈને પૂછ્યું, 'હવે આ એને મોકલવો કેવી રીતે?' 'મોકલવો?'–લિંકને પૂછ્યું: 'હું તો કદી એવા કાગળ મોકલતો નથી. માત્ર એ રીતે મનનું ઝેર કાઢી નાખું છું, ને એથી ઘણો લાભ થાય છે.'




પંચકોણના જૂથમાં સપડાએલાં આ વર્તુલ બરોબર ગોળાકારમાં હોવા છતાં વાંકાં લાગે છે એ દૃષ્ટિભ્રમ છે. ઝીણી આંખ કરીને જોશો તો જણાશે કે એ વાંકાં નહિ પણ ગોળ છે.

ગણિતગમ્મત: બેચાર કે પાંચદસ ગમે તેટલા મિત્રો એકઠા થયા હોય તેમને સૌને પોતપોતાની મરજી પડે તેવી એકેક પૂર્ણ સંખ્યા ધારવાનું કહો. પછી તેને ત્રણે ગુણાવી તેમાં બે ઉમેરાવો. જે આવે તેને દસ વડે ગુણાવો અને ગુણાકારને પંદરથી ભાગવાનું કહો. ભાગાકારમાં જે શેષ વધે તેને વીસે ગુણાવીને કહો કે એ જવાબ જેટલાં વર્ષ તમે સૌ જીવો! બધાનો જવાબ ૧૦૦ જ આવશે: (ર. કે. ભટ્ટ)

અનેકાર્થી શબ્દ: **હાર**=માળા, ડોકનો દાગીનો; પરાજય; સમાનતા; પંક્તિ, એક પછી એકની આવૃત્તિ; સંભાળ; આહાર; ટેક, ગર્વ; પતંગ; ગણિતમાં ભાજક; વન; કંટાળો; નિરાશા; કાંજી, આર; ઘોડી; અનુકૂળ તબિયત; રમતમાં બોલાતું ગીંડું; એક જાતનું કોતરકામ; રુદ્રનું એક નામ; એક છંદ; લઈ જનાર.

કહેવતો: 'ગધેડાં ચાલે બાર ગાઉ, તો કુંભાર ચાલે ચૌદ ગાઉ'–કેમકે ગધેડાંને નાથ કે લગામ હોય નહિ, એટલે તે આડાંઅવળાં ચાલે. તેમને એકઠાં ચાલતાં કરવાને કુંભારને વારંવાર આમતેમ દોડીને સરખાં ચલાવવાં જ પડે, ને એને વધારે પલ્લો કાપવો પડે. મૂરખ માણસોને પાલવવામાં અને સમજાવવામાં પડતી તકલીફ નિર્દેશવા આ વપરાય છે.



ત્રેવીસમા અંગ્રેજી મૂળાક્ષર 'ડબ્લ્યુ'નાં કૅપિટલ અને નાના રૂપના વિકાસના ક્રમ અનુસાર રોમન, ઍંગ્લો–સૅકસન, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક સ્વરૂપો દર્શાવ્યાં છે.



પોતે પહેલો કૃત્રિમ ગ્રહ અવકાશમાં મોકલ્યો તેના સ્મરણમાં રશિયાએ બહાર પાડેલી ટિકિટ


કુમાર-કાર્યાલય લિ.નું નવું પ્રકાશન

કવિવર રવીન્દ્રનાથને શૈલી અને શબ્દશક્તિનો પૂર્ણ સાક્ષાત્કાર થયો હતો તે, એમની જીવનખેડના પાછલા ભાગનો આ મધુર પાક છે.

એમાંની નાની કથનિકાઓમાં સૌકોઈને સ્પર્શે એવો કવિતાનો રણકો છે, એની પાછળ જીવનનાં પરમ સત્યોનું ઓજ છે,—ને સાથે શ્રી રવિશંકર રાવળનાં ચિત્રો છે.

કુમાર કાર્યાલયની પોતીકી શૈલીથી એને કદ, માંડણી ને મુદ્રણમાં એક અનોખું રૂપ આપ્યું છે, અને તેથી આજે લગ્ન, જન્મદિવસ આદિ જેવા પ્રસંગોમાં ભેટયોગ્ય પુસ્તકોની જે તંગી છે તેમાં, જીવનસત્યો પ્રબોધતું સૌને પોસાય તેવું આ કલાત્મક પુસ્તક સર્વજનપ્રિય બની રહેશે.


કિંમત માત્ર બે રૂપિયા. પો. ૦-૨૫, રજિસ્ટ્રેશન સાથે પો. ૦-૭૫ જુદું.



હિંદમાં સૌ પહેલું છાપખાનું ગોવામાં ઈ. ૧૫૫૬માં સેઇન્ટ પાઉલોની કૉલેજમાં રોમન કૅથૉલિકપાદરીઓ જેસ્યુઇટ ફાધર્સે કાઢ્યું હતું.

મીઠા લીમડાનાં પાંદડાંની રાખ કણજિયા તેલમાં કાલવી ગડગૂમડ ઉપર ચોપડવાથી ફાયદો થાય છે. (૨૫)

કચુબામાં જમીન ઉપર થતા કરચલા ઘોડા કરતાં પણ વધુ વેગથી દોડી શકે છે!



કલાકણિકા: પ્રાચીન ઈરાનના શાહાનશાહના અંગરક્ષકોની તલવારનું ખૂબસૂરત મ્યાન.



આ અંકમાં જેમનો પરિચય આપ્યો છે તે શ્રી દેવનાથ મુખરજીની, આ તથા આની પાછળ આપેલી કૃતિઓ વિષય અ શૈલીના વૈવિધ્યમાં એમની કલમની વિપુલતા નિર્દેશે છે. ઝડપી પીંછીથી ચોટદાર પ્રકૃતિદૃશ્યો ઉઠાવવા માટે જાણીતી એમની કલમ (જુઓ ઉપલું ચિત્ર-હિમાલયની ગોદનું ગામ) ભારતીય પરંપરાની લોકસ્પર્શી કૃતિઓમાં (નીચે રમકડા-ઢબનો હાથી) કે પશ્ચિમની અદ્યતન શૈલીનાં સર્જનોમાં સરખું જ કૌશલ દાખવે છે. એના ઉદાહરણ રૂપ નીચલું ડાબી બાજુનું ફૂલ-પાત્રોનું ચિત્ર અમેરિકાની એક ગૅલેરી માટે ખરીદાયું છે.

(વધુ પાછળ)













(પાછળથી ચાલુ) સ્વાભાવિકરીતે જ બંગાળની ચિત્રશૈલીથી એમણે શરૂઆત કરી (જુઓ ઉપર 'એકાકી') એમાં પણ પ્રશસ્ત કલાકારોની કક્ષાને આંબ્યા, અને પછી ભારતીય તેમજ ચીન, જાપાન, અદ્યતન, બધી શૈલીઓનો સંસ્પર્શ પામ્યા. ડાબી બાજુ મથાળે 'ફૂલદાન'; નીચે 'નૃત્ય'.



જેના જન્મની દોઢ શતાબ્દી આ મહિને ઊજવાય છે તે ગુલામોના મુક્તિદાતા માનવતાના ઉપકારક એબ્રહૅમ લિંકન



આ અંકની 'કલાવાર્તા'માં જેનો ઉલ્લેખ છે તે રાજસ્થાનની ગ્રામલોકકલા 'માંડણાં'નું આકૃતિવૈવિધ્ય